ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

05 APRIL, 2026 SUNDAY



પેજ 2  કામદારનું મોત નોકરીના કારણે ના થયું હોય તો વળતર ના મળે

પેજ 3 

રાણીપમાં રહેતા યુવકે વિદેશ જવાની લાલચમાં રૂપિયા 12 લાખ ગુમાવ્યા

પેજ 7  ગુજરાતના વહીવટી તંત્રને વધુ સક્ષમ બનાવવા ગાંધીનગરમાં મંથન

પેજ 5  જ્યારે સંસદમાં ગુંજતો અવાજ દીકરીના ન્યાય માટે મૌન બની જાય ત્યારે



I Pakkogujarat/ I VOL : 12 I Issue : 20 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


## ટ્રમ્પનો ઈરાની આકાશ પર કબજાનો દાવો ખોટો; અત્યાર સુધી અમેરિકાના 7 વિમાન તોડી પાડ્યા

# 23 વર્ષ પછી દુશ્મને તોડી પાડ્યું અમેરિકી ફાઇટર જેટ

### ટ્રમ્પે એમ પણ કહ્યું કે અમેરિકાનો ઈરાનના આકાશ પર કબજો થઈ ચૂક્યો છે

• વોશિંગ્ટન ડીસી/તેહરાન

ઈરાન યુદ્ધના એક મહિના પૂરા થયા પછી ટ્રમ્પે 2 એપ્રિલે અમેરિકી જનતાને સંબોધિત કર્યા. પોતાના 19 મિનિટના ભાષણમાં તેમણે દાવો કર્યો કે અમેરિકાએ ઈરાનની હવાઈ સેનાને તબાહ કરી દીધી છે અને તેમની પાસે જવાબ આપવાની ક્ષમતા બચી નથી. ટ્રમ્પે એમ પણ કહ્યું કે અમેરિકાનો ઈરાનના આકાશ પર કબજો થઈ ચૂક્યો છે. તેમના વિમાનો તેહરાન ઉપર ઉડી રહ્યા છે અને ઈરાન હવે કંઈ કરી શકતું નથી. ટ્રમ્પ જ નહીં, વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ આવા જ કેટલાક દાવા કર્યા. પરંતુ હવે પરિસ્થિતિઓ કંઈક બીજી જ વાર્તા કહી રહી છે. છેલ્લા 24 કલાકમાં અમેરિકાના બે સૈન્ય વિમાન અને સર્ચ ઓપરેશનમાં લાગેલા બે બ્લેકહોક હેલિકોપ્ટર ઈરાનના હુમલાનો શિકાર બન્યા. ન્યૂઝ એજન્સી APના રિપોર્ટ અનુસાર, 23 વર્ષથી વધુ સમયમાં પહેલીવાર એવું બન્યું છે કે અમેરિકી લડાકુ વિમાનો દુશ્મનની ગોળીબારીમાં પાડી દેવામાં આવ્યા છે. આ પહેલા 2003માં ઈરાક યુદ્ધ દરમિયાન આવું બન્યું હતું.

ઈરાને શુક્રવારે અમેરિકી એરક્રાફ્ટ



A-10 પર હુમલો કર્યો. આ ફૂટેજ IRGC દ્વારા જાહેર કરવામાં આવી છે. ઈરાન યુદ્ધમાં અમેરિકાના 7 વિમાન તબાહ

24 કલાકમાં 2 અમેરિકી જેટ્સ તોડી પાડ્યા, 2 રેસ્ક્યુ હેલિકોપ્ટર પર હુમલોઈરાની મીડિયા અનુસાર સૌથી પહેલા અમેરિકી F-15E ફાઈટર જેટને તોડી પાડવામાં આવ્યું. તે ઈરાનના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં ઉડાન ભરી રહ્યું હતું. F-15E ફાઈટર જેટના ક્રૂને શોધવા માટે અમેરિકી વિમાન A-10 અટેક એરક્રાફ્ટ પહોંચ્યું ત્યારે તેના પર પણ હુમલો થયો. A-10 હુમલા પછી કુવૈતના હવાઈ ક્ષેત્ર સુધી પહોંચી ગયું, જ્યાં પાઈલટે સુરક્ષિત રીતે ઈજેક્ટ કર્યું. પાઈલટ સુરક્ષિત છે, જોકે વિમાન કુવૈતમાં ક્રેશ થઈ ગયું. CBS અનુસાર, F-15E માં બે ક્રૂ મેમ્બર હતા. તેમાંથી એકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો છે, જ્યારે બીજો ગુમ છે. ઈરાની સરકારી મીડિયાનું કહેવું છે કે પેરાશૂટ દ્વારા બહાર નીકળેલ આ ક્રૂ સભ્ય દેશના દક્ષિણી ભાગમાં ઉતરવાનો અંદાજ છે. તે જ સમયે, F-15E ફાઈટર જેટના રેસ્ક્યુ માટે 2 બ્લેકહોક હેલિકોપ્ટર મોકલવામાં આવ્યા હતા. તેમના પર પણ હુમલો થયો.

જોકે, તેમના પર હાજર તમામ અમેરિકી સૈનિકો સુરક્ષિત હોવાનું જણાવાઈ રહ્યું છે. નિષ્ણાતોનું કહેવું છે કે અમેરિકાને ઈરાનના આકાશમાં ચોક્કસપણે ફાયદો છે, પરંતુ સંપૂર્ણ નિયંત્રણ નથી. ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ નબળી પડી છે, પરંતુ તે સંપૂર્ણપણે નાશ પામી નથી. હવે સવાલ એ છે કે નબળી એર ડિફેન્સ હોવા છતાં ઈરાને આટલા અદ્યતન અમેરિકી વિમાનોને કેવી રીતે નિશાન બનાવ્યા?

આનો જવાબ છે ઈરાનની 'અસિમેટ્રિક વોરફેર' એટલે કે અલગ રીતે યુદ્ધ લડવાની રણનીતિ. ઈરાન જાણે છે કે સીધા યુદ્ધમાં અમેરિકાનો મુકાબલો કરવો મુશ્કેલ છે, તેથી ઓછા સંસાધનોમાં વધુ નુકસાન પહોંચાડવાની રણનીતિ અપનાવી રહ્યું છે. તે અવારનવાર અમેરિકા પર ચોંકાવનારા હુમલા કરી રહ્યું છે. આ જ કારણ છે કે યુદ્ધ શરૂ થયાના 35 દિવસ પછી પણ અમેરિકા હજુ પણ ઈરાનની રણનીતિને સંપૂર્ણપણે સમજી શક્યું નથી. નિષ્ણાતોનું માનવું છે કે અમેરિકી વિમાનો અને હેલિકોપ્ટર પરના હુમલા પાછળ મજીદ એર ડિફેન્સ સિસ્ટમ અથવા ખભા પરથી છોડવામાં આવતી મિસાઈલ (શોલ્ડર-ફાયર મિસાઈલ) હોઈ શકે છે. એવું માનવામાં આવે છે કે અમેરિકી વિમાનો ઓછી ઊંચાઈ પર ઉડી રહ્યા હતા, તેથી તેઓ આ મિસાઈલોની રેન્જમાં આવી ગયા. ઈરાને જે તસવીરો જાહેર કરી છે તેના આધારે નિષ્ણાતો આ પ્લેનને F-15E કહી રહ્યા છે. મજીદ સિસ્ટમનો ઈરાને 2021ની આસપાસ ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. તેને ઓછી ઊંચાઈ પર ઉડતા લક્ષ્યોને નિશાન બનાવવા માટે બનાવવામાં આવ્યું છે. આ સિસ્ટમની સૌથી મોટી ખાસિયત એ છે કે તે રડાર પર નિર્ભર નથી રહેતી, પરંતુ ઇન્ફ્રારેડ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. મજીદ રડાર સિગ્નલ આપતું નથી, તેથી વિમાન તેને અગાઉથી પકડી શકતા નથી. તેની મારક ક્ષમતા લગભગ 8 કિલોમીટર અને ઊંચાઈ 6 કિલોમીટર સુધીની છે. આ કારણોસર, તે એવી પરિસ્થિતિઓમાં વધુ અસરકારક હોય છે જ્યાં દુશ્મનના વિમાન અથવા ડ્રોનને કોઈ ચોક્કસ વિસ્તાર ઉપર આવવું પડે છે.

તે એકસાથે ઘણા લક્ષ્યો પર નજર રાખી શકે છે અને તેમાં એકસાથે 8 મિસાઈલ તૈયાર રહે છે. આ સિસ્ટમ સામાન્ય રીતે મોબાઈલ પ્લેટફોર્મ પર લગાવવામાં આવે છે.

## મોદીએ કહ્યું-કોંગ્રેસ ઈચ્છે છે કે ખાડી દેશો ભારતને દુશ્મન સમજે

### તેઓ નારાજ થાય તેવા નિવેદનો આપી રહી છે, જેનાથી ત્યાં ભારતીયો માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે

• નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કેરળના થિરુવલ્લામાં જનસભા કરી. તેમણે કહ્યું- કોંગ્રેસ ઈચ્છે છે કે પશ્ચિમ એશિયાઈ દેશો ભારતને પોતાનો દુશ્મન સમજે. આપણે અહીં કોઈ એવી ભૂલ કરી દઈએ, કોઈ એવું નિવેદન આપી દઈએ જેનાથી ખાડી દેશોમાં રહેતા ભારતીયોને ત્યાંથી બહાર નીકળવામાં મુશ્કેલી આવી જાય, તેથી કોંગ્રેસ ખાડી દેશોને નારાજ કરનારા નિવેદનો આપી રહી છે. કોંગ્રેસ ઈચ્છે છે કે ગભરાટ ફેલાય અને કોંગ્રેસને મોદીને ગાળો આપવાનો મોકો મળે. હું કોંગ્રેસ, UDF, LDF ના લોકોને કહેવા માંગુ છું કે રાજનીતિ પોતાની જગ્યાએ છે, ચૂંટણીઓ આવતી-જતી રહેશે પરંતુ કેરળના લાખો ભાઈ-બહેન ત્યાં છે તેમની સુરક્ષા મારી પ્રાથમિકતા છે. મોદીએ કહ્યું- આ વખતના ચૂંટણીમાં કેરળમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF) ની સરકાર જશે અને નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (NDA) ની સરકાર આવશે. કેરળ એક ઐતિહાસિક પરિવર્તન માટે તૈયાર છે. આ વખતે સત્તા પરિવર્તન થશે. કેરળના પલક્કડના કોંગડમાં 100 વર્ષીય



મહિલા કુચમ્માએ ઘરેથી મતદાન કર્યું. બહરામપુરમાં અધીર રંજન ચૌધરી સાથે ધક્કામુક્કી થઈ. પશ્ચિમ બંગાળના બહેરામપુરના કોંગ્રેસના ઉમેદવાર અધીર રંજન ચૌધરી સાથે ધક્કા-મુક્કી થઈ. તેઓ આજે સવારે બહેરામપુરના વોર્ડ નંબર 19માં પ્રચાર કરી રહ્યા હતા. આ ઘટનાના વીડિયોમાં ટીએમસીના કાર્યકરો શેરીમાં હાજર જોવા મળે છે. જ્યારે અધીર પોતાના સમર્થકો સાથે પહોંચે છે, ત્યારે ટીએમસીના કાર્યકરો ધક્કામુક્કી કરવા લાગે છે.

## ન્યૂઝ બ્રિફ

### યુદ્ધની અસર: પાકિસ્તાની મંત્રીઓને 6 મહિના પગાર નહીં: 2 દિવસ પહેલાં પેટ્રોલ પર 137 રૂપિયા વધ્યા

પાકિસ્તાનમાં ઈઝરાયલ-અમેરિકાના ઈરાન સાથેના યુદ્ધની અસર દેખાઈ રહી છે. ત્યાં આગામી 6 મહિના સુધી મંત્રીઓનો પગાર રોકી દેવામાં આવ્યો છે. બે દિવસ પહેલા પેટ્રોલ 137 રૂપિયા અને ડીઝલ 184 રૂપિયા મોંઘું કરવામાં આવ્યું હતું. જોકે, દેશભરમાં વિરોધ થયો તો શુક્રવારે સરકારે પેટ્રોલ 80 રૂપિયા સસ્તું કરી દીધું. હવે પાકિસ્તાનમાં પેટ્રોલ 378 રૂપિયા પ્રતિ લિટર મળશે. ડીઝલ વધેલી કિંમત 520.35 રૂપિયા પ્રતિ લિટર પર જ મળશે. પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો વધ્યા પછી 2 એપ્રિલે કરાચીના પેટ્રોલ પંપ પર ગાડીઓની લાંબી લાઈનો લાગી ગઈ. પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલની કિંમતો વધ્યા પછી 2 એપ્રિલે કરાચીના પેટ્રોલ પંપ પર ગાડીઓની લાંબી લાઈનો લાગી ગઈ. વધતી મોંઘવારી અને આર્થિક સંકટનો સામનો કરવા માટે શાહબાઝ શરીફે કડક પગલાંની પણ જાહેરાત કરી.

### યુદ્ધ વચ્ચે પૈસા કમાવવામાં વ્યસ્ત છે ટ્રમ્પના પુત્રો: ડ્રોન બનાવતી કંપની સાથે જોડાણ, નિષ્ણાતોએ કહ્યું- યુદ્ધથી નફો મેળવનારા પહેલા રાષ્ટ્રપતિ

અમેરિકામાં એક ડ્રોન સ્ટાર્ટઅપને લઈને વિવાદ ઊભો થયો છે, જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના પુત્રો એરિક ટ્રમ્પ અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર સંકળાયેલા છે. રિપોર્ટ અનુસાર, ફ્લોરિડાની પાવરસ કંપની મિડલ ઈસ્ટના દેશોને પોતાની ડ્રોન સિસ્ટમ વેચવાનો પ્રયાસ કરી રહી છે. ટ્રમ્પના પુત્રો એરિક ટ્રમ્પ અને ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર ફેબ્રુઆરીના અંતમાં આ કંપની સાથે સલાહકાર તરીકે જોડાયા હતા, આ એ જ સમય હતો જ્યારે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલો કર્યો હતો. જોકે, બંનેને કંપનીમાં મોટી ભાગીદારી મળવાની અપેક્ષા છે. પાવરસ સાથે સંકળાયેલા અધિકારીઓએ અબુ ધાબીમાં અધિકારીઓ સાથે મુલાકાત કરી છે. વાતચીત એ વાત પર થઈ કે UAEને હથિયારો અને ડ્રોન ડિફેન્સ સિસ્ટમ વેચી શકાય છે, કારણ કે તે ઈરાન સામે પોતાના સંરક્ષણને વધુ મજબૂત કરવા માંગે છે. ફ્લોરિડાની કંપની Powerus ખાડીના ઘણા દેશોમાં પોતાની ટેકનોલોજી વેચવાનો પ્રયાસ કરી રહી છે.

### ચીનના વધતા જતા ભય સામે તાઇવાનના અંડર-સી કેબલ્સનું રક્ષણ કરવાનું વિધેયક યુ.એસ. સંસદમાં રજૂ

વોશિંગ્ટન : અમેરિકાની સંસદના નીચલાં ગૃહ હાઉસ ઓફ રેપ્રિઝેન્ટેટિવ્ઝે (પ્રતિનિધિ સભાએ) એક દ્વિપક્ષીય વિધેયક રજૂ કર્યું છે. ડેમોક્રેટસ તેમજ રીપબ્લિકન તેમ બંને પક્ષોના સાંસદોએ તે સંયુક્ત રીતે ઘડી કાઢ્યું હતું અને બંને પક્ષોના સાંસદોએ તેની ઉપર પોતાના હસ્તાક્ષરો પણ કર્યા હતા. મુદ્દો હતો તાઈવાનની સમુદ્રધુનિમાં તાઈવાને પોતાને માટે પાથરેલા અન્ડર-સી-કેબલ્સનું રક્ષણ કરવાનો. આ માહિતી આપતાં અમેરિકાની સેન્ટ્રલ ન્યૂઝ એજન્સી (સી.એન.એ) જણાવે છે કે, 'આ કેબલ્સ તેમજ અન્ય અતિ ઉપયોગી તેવી પાયાની વ્યવસ્થાઓનો સામ્યવાદી ચીન નાશ કરી તાઈવાનને મુશ્કેલીમાં મુકવા પ્રયત્નો કરી શકે. તેથી તે સામે અમેરિકાએ તાઈવાનને સલામતી પૂરી પાડવી અનિવાર્ય છે, તેમ તે વિધેયકમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે.

## દાદી ચીસો પાડતી રહી અને પૌત્રની થારે કચડી નાખી, મોત

• નવી દિલ્હી

થાર અકસ્માતનો એક હૃદયદ્રાવક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં એક યુવક ઘરના આંગણામાં થાર પાર્ક કરી રહ્યો છે. તેના ઘરની એક મહિલા થારને ઘરની અંદર પાર્ક કરવા માટે ગેટ ખોલે છે અને યુવક થાર લઈને અંદર પાર્ક કરે છે. મહિલા જ્યારે ગેટ બંધ કરી રહી હોય છે, ત્યારે અચાનક થાર રિવર્સ થવા લાગે છે. મહિલા ચીસો પાડે છે, બૂમો પાડે છે, પરંતુ થાર તેને પાછળ ધકેલી દીવાલ સાથે જઈને અથડાય છે. આ દરમિયાન મહિલા થાર અને દીવાલ વચ્ચે સંપૂર્ણપણે દબાઈ



જાય છે. આ દર્દનાક અકસ્માતમાં મહિલાનું મોત નીપજ્યું હતું. થાર અકસ્માતનો આ હૃદયદ્રાવક વીડિયો ઉત્તર પ્રદેશના ફર્રુખાબાદ જિલ્લામાંથી સામે આવ્યો છે. ફર્રુખાબાદમાં થાર ગાડી પાર્ક કરતી વખતે થયેલી બેદરકારીને કારણે મહિલા કચડાઈ ગઈ હતી. પાર્કિંગ દરમિયાન ગાડી બેક ગિયરમાં ઘણી દૂર સુધી ચાલી ગઈ હતી.

### કરનાલમાં ચેકિંગ માટે રોક્યો તો ટક્કર મારી

## પોલીસકર્મીને બોનેટ પર લટકાવી સગીરે કાર દોડાવી: મા ઓસ્ટ્રેલિયાની નાગરિક

• કરનાલ

હરિયાણાના કરનાલમાં ચાર રસ્તા પર ફરજ બજાવી રહેલા એક પોલીસકર્મીને એક સગીરે પોતાની બ્રાન્ડ ન્યૂ કારથી પહેલા ટક્કર મારી, પછી બોનેટ પર લટકાવીને ઘણી દૂર સુધી કાર ચલાવી. આ મામલો સેક્ટર-7 સ્થિત ચોક પર ત્યારે સામે આવ્યો, જ્યારે પોલીસકર્મીએ કારના કાચ પર કાળી ફિલ્મ ચઢેલી હોવા અને નંબર પ્લેટ ન હોવા પર રોકાવાનો ઈશારો કર્યો. આરોપ છે કે કાર ચાલકે રોકાવાને બદલે સ્પીડ વધુ તેજ કરી દીધી અને ચાર રસ્તાની વચ્ચે ઉભેલા પોલીસકર્મીને સીધી ટક્કર મારી દીધી. ટક્કર લાગતા જ પોલીસકર્મી કારના બોનેટ પર જઈ પડ્યો. આ પછી પણ કાર ચાલક રોકાયો નહીં અને પોલીસકર્મીને બોનેટ પર નાખીને ઘણી દૂર સુધી લઈ ગયો. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે. આ જ વીડિયોના આધારે પોલીસે આરોપીને ટ્રેસ કર્યો તો જાણવા મળ્યું કે તે સગીર છે અને કારમાં તેની સાથે એક છોકરી પણ હતી. એ પણ જાણવા મળ્યું છે કે આરોપીની માતાને ઓસ્ટ્રેલિયાની નાગરિકતા પ્રાપ્ત છે.

### વિદેશી ઘરેણાં મંગાવવા માટે લાયસન્સ લેવું પડશે

## સોનું આ અઠવાડિયે 3,666 મોંઘું, ભાવ 1.47 લાખ થયા: ચાંદી 6,166 વધીને 2.28 લાખ પર પહોંચી

• નવી દિલ્હી

આ અઠવાડિયે 10 ગ્રામ સોનાનો ભાવ 3,666 રૂપિયા વધીને 1.47 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 27 માર્ચે 1.43 લાખ રૂપિયા પર હતો. જ્યારે, 1 કિલો ચાંદી 2.22 લાખ રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2.28 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. એટલે કે તેની કિંમતમાં 6,166 રૂપિયાનો વધારો થયો. જ્યારે, સરકારે સોના-ચાંદી અને પ્લેટિનમના ઘરેણાંને 'ફ્રી' કેટેગરીમાંથી હટાવીને 'પ્રતિબંધિત' કેટેગરીમાં મૂકી દીધા છે. તેની સીધી અસર બજારની સપ્લાય



પર પડશે, જેનાથી કિંમતો વધી શકે છે.

વિદેશ વ્યાપાર મહાનિદેશાલય (DGFT) દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ, હવે આ કિંમતી ધાતુઓમાંથી બનેલી જ્વેલરી કોઈપણ દેશમાંથી મંગાવવા માટે સરકાર પાસેથી વિશેષ લાઈસન્સ અથવા પરવાનગી લેવી પડશે. સરકારે આ પગલું ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) ના ખોટા ઉપયોગને રોકવા માટે ઉઠાવ્યું છે. DGFT અનુસાર, નવો નિયમ તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો છે.

## મિડલ-ઈસ્ટ યુદ્ધ: કોંગ્રેસના 4 મોટા નેતાઓ સરકાર સાથે: રાહુલ ગાંધીથી અલગ મત રાખ્યો

### LPG સંકટ પર કહ્યું- માત્ર માહોલ બનાવવામાં આવી રહ્યો છે

• નવી દિલ્હી

કોંગ્રેસના ચાર મોટા નેતાઓ મિડલ ઈસ્ટ યુદ્ધ અને એલપીજી સંકટ પર પાર્ટી લાઇનથી હટીને વાત કરી રહ્યા છે. તેમાં કમલનાથ, આનંદ શર્મા, શશિ થરૂર અને મનીષ તિવારીનો સમાવેશ થાય છે. એક તરફ જ્યાં રાહુલ ગાંધી આ મુદ્દાઓ પર સીધા પીએમનું નામ લઈને નિશાન સાધી રહ્યા છે. ત્યાં જ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ વર્તમાન પરિસ્થિતિમાં ભારતની વિદેશ નીતિની પ્રશંસા કરી રહ્યા છે. કોંગ્રેસ સાંસદ મનીષ તિવારીએ એક ટીવી ન્યૂઝ ચેનલ પર પશ્ચિમ એશિયા યુદ્ધ પર બોલતા કહ્યું કે સરકાર કદાચ યોગ્ય કામ કરી રહી છે. ગુરુવારે પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્માએ ભારતના રાજદ્વારી અભિગમની પ્રશંસા કરતા તેને મેચ્યોર અને કુશળ ગણાવ્યો. આ તરફ મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે ગેસ સંકટ પર કહ્યું હતું કે આવી કોઈ અછત નથી. આ ફક્ત એક માહોલ બનાવવામાં આવી રહ્યો છે. આનંદ શર્માએ X પર પોસ્ટમાં લખ્યું કે સંકટનો સામનો કરવામાં ભારતનો રાજદ્વારી અભિગમ સમજદારીભર્યો રહ્યો છે. જેનાથી સંભવિત મુશ્કેલીઓ ટળી છે. તેમણે વધુમાં કહ્યું કે સરકારે 'એક અણધારી અને અસ્થિર પરિસ્થિતિ'માં રાજકીય નેતાઓને નીતિગત નિર્ણયો વિશે જણાવવા માટે સર્વપક્ષીય બેઠક પણ યોજી હતી. તેમણે વધુમાં લખ્યું કે આ નેશનલ ડાયલોગ ચાલુ રહેવો જોઈએ. રાષ્ટ્રીય એકતા અને રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને મેચ્યોર પ્રતિભાવ આજની જરૂરિયાત છે. આ પોસ્ટને ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ શેર કરી હતી. LPGની અછત અંગેના અનેક અહેવાલો સામે આવ્યા બાદ કમલનાથે કહ્યું કે, આવી કોઈ અછત નથી.

### ટ્રમ્પનું ઈરાનને અલ્ટીમેટમ- 48 કલાકમાં હોર્મુઝ ખોલો: કહ્યું- હવે સમય પૂરો થઈ રહ્યો

• વોશિંગ્ટન ડીસી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટે 48 કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. તેમણે ચેતવણી આપી છે કે જો ઈરાન નહીં માને તો તેને તબાહ કરી દેવામાં આવશે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને કહ્યું કે સમય પૂરો થઈ રહ્યો છે. તેમણે યાદ અપાવ્યું કે અગાઉ તેમણે ઈરાનને 10 દિવસની મહોલત આપી હતી, પરંતુ હવે માત્ર 48 કલાક જ બાકી છે. ટ્રમ્પ અત્યાર સુધી હોર્મુઝ ખોલવા માટે ઈરાનને ત્રણ વાર અલ્ટીમેટમ આપી ચૂક્યા છે. તેમણે કહ્યું છે કે જો ઈરાન આમ નહીં કરે તો તેના ઉર્જા મથકોને નિશાન બનાવવામાં આવશે. ઈરાન-ઈઝરાયલ યુદ્ધની વચ્ચે LPG લઈને આવી રહેલું ભારતીય જહાજ 'ગ્રીન સંવી'એ હોર્મુઝ સ્ટ્રેટ પાર કર્યું છે. આ જહાજમાં આશરે 46,650 મેટ્રિક ટન ગેસ ભરેલો છે. હોર્મુઝ પાર કરનારું ભારતનું આ 7મું LPG ટેન્કર જહાજ છે. ઈરાને શુક્રવારે અમેરિકાના બે લડાકુ વિમાન તોડી પાડવાનો દાવો કર્યો છે. આમાં એક F-35 ફાઈટર જેટ અને બીજું A-10 અટેક એરક્રાફ્ટ છે. જોકે, ઘણા મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે પડી ગયેલું પહેલું ફાઈટર જેટ F-35 નહીં પણ F-15E છે. તે જ સમયે, ટ્રમ્પે કહ્યું છે કે ઈરાનમાં અમેરિકી ફાઈટર જેટ તોડી પાડવાની ઘટનાથી બંને દેશો વચ્ચેની વાતચીત પર કોઈ અસર નહીં પડે. ટ્રમ્પે કહ્યું, 'અમે યુદ્ધમાં છીએ.' તેમણે આ વાત અમેરિકી મીડિયા NBC સાથેના એક ફોન ઈન્ટરવ્યુમાં કહી.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# વેપારીની 26.50 લાખની પાંચ લક્ઝરી કાર ગઠિયાએ પચાવી પાડી, ઓલા-ઉબેરમાં મૂકવાની લાલચ આપીને છેતરપિંડી કરી

• ગાંધીનગર

સોશિયલ મીડિયાના માધ્યમથી વિશ્વાસ કેળવીને સેક્ટર-8માં રહેતા ગઠિયાએ ઓલા-ઉબેરમાં ગાડીઓ તગડા માસિક ભાડે રાખવાના બહાને અમદાવાદના ટ્રાસ્પોટેશનના વેપારીની 26.50 લાખની કિંમતની પાંચ લક્ઝરી કાર પચાવી પાડી છેતરપિંડી આચરતા સેક્ટર 7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા અને શ્રી રામ કાર રેન્ટલનો વ્યવસાય કરતા જિતેન્દ્રભાઈ ઠક્કરે ગત 5 ડિસેમ્બર, 2025ના રોજ ફેસબુક પર એક જાહેરાત જોઈ હતી. આ જાહેરાત મુકેશ સોનાજી ઠાકોર (રહે . સેક્ટર 8, પ્લોટ નંબર 3382 એ2) દ્વારા મૂકવામાં આવી હતી. જેમાં ગાડીઓ



ઓલા ઉબેર ભાડે રાખવાની લાલચ આપવામાં આવી હતી. આ જાહેરાત જોઈ જિતેન્દ્રભાઈ લાલચમાં આવીને મુકેશને પથિકા આશ્રમ ખાતે રૂબરૂ મળ્યા હતા.એ વખતે મુકેશે પોતાના ઊંચા બેંક ટ્રાન્જેક્શન બતાવીને તેમને વિશ્વાસમાં લીધા હતા. જેની વાતોમાં આવીને જિતેન્દ્રભાઈએ ત્રણ અર્ટિગા માસિક 21 અને 36 હજારના ભાડે અને બે સ્વિફ્ટ ડિઝાયર 24,000 ના માસિક ભાડા પેટે સોંપી દીધી હતી. વેપારીની ફરિયાદના આધારે સેક્ટર-7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી આમ કુલ રૂ.26.50 લાખની પાંચેય ગાડીઓનું શરૂઆતના બે મહિના મૂકેશે ભાડું ચૂકવ્યું હતુ. જોકે, ફેબ્રુઆરી 2026થી ભાડું ચૂકવવાનું બંધ કરી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો. જે અંગે તપાસ કરતા જિતેન્દ્રભાઈને જાણવા મળ્યું હતું કે, મુકેશે અન્ય એક વ્યક્તિની વેગનાર ગાડી પણ ભાડે રાખી હતી. જે અમદાવાદના સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બિનવારસી હાલતમાં દારૂ ભરેલી મળી આવી હતી.આ ઘટના બાદ તેમને પોતાની સાથે ઠગાઈ થયાનો અહેસાસ થયો હતો. આ અંગે વેપારીની ફરિયાદના આધારે સેક્ટર-7 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં 1 વર્ષની સજા પામેલો અને ફરાર આરોપી શહેરમાંથી ઝડપાયો

ગાંધીનગર :ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ શહેરની કોર્ટ દ્વારા જે આરોપીને એક વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી અને જે છેલ્લા બે મહિનાથી પોલીસથી બચવા માટે નાસતો ફરતો હતો, તેને ગાંધીનગરથી ઝડપી પાડવામાં આવ્યો છે.અમદાવાદની ઉપમી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં આરોપી મહેશકુમાર વિક્રમસિંહ જાડેજા (ઉંમર 40 વર્ષ) વિરુદ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 (ચેક રિટર્ન) મુજબનો કેસ ચાલતો હતો. આ કેસમાં નામદાર કોર્ટે ગત 27 જાન્યુઆરી, 2026ના રોજ આરોપીને એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. સજાના હુકમ બાદ આરોપી મળી ન આવતા તેની સામે સજાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું.

**હાઈકોર્ટ** ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદોઃ ESI એક્ટ હેઠળ વળતરના નિયમોમાં સ્પષ્ટતા

# ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો : કામદારનું મોત નોકરીના કારણે ના થયું હોય તો વળતર ના મળે

• અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે, જો કોઈ કામદારનું મૃત્યુ તેની નોકરી કે વ્યવસાયને કારણે ન થયું હોય, તો તેના પરિવારને વળતર મળી શકે નહીં. કોર્ટના જણાવ્યા મુજબ, ઈએસઆઈ(ESI) એક્ટ હેઠળ આર્થિક લાભો મેળવવા માટે એ સાબિત કરવું જરૂરી છે કે મૃત્યુ પાછળનું કારણ નોકરી દરમિયાન થયેલી કોઈ ઈજા અથવા કામના કારણે લાગેલી કોઈ ગંભીર બીમારી છે. જો કામ અને બીમારી વચ્ચે આવું કોઈ સીધું જોડાણ જોવા ન મળે, તો કામદારના આશ્રિતો વળતર માટે હકદાર ગણાશે નહીં.ગુજરાત હાઈકોર્ટે ઈએસઆઈ(ESI)એક્ટ હેઠળ વળતર મેળવવા અંગે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ કામદારનું મૃત્યુ નોકરી દરમિયાન થાય, તો પણ તેના પરિવારને વળતર ત્યારે જ મળી શકે જો એ સાબિત થાય કે મૃત્યુનું કારણ નોકરી દરમિયાન થયેલી કોઈ ઈજા અથવા કામના કારણે થયેલી બીમારી છે. આ ચુકાદામાં જસ્ટિસ જે.સી. દોશીએ હાર્ટ એટેકથી મૃત્યુ પામનાર એક કામદારની વિધવાને વળતર આપવાના ઈએસઆઈ કોર્ટના અગાઉના હુકમને રદબાતલ જાહેર કર્યો છે. બીમારી અને કામ વચ્ચેનું જોડાણ સાબિત કરવું પડશે માનવું છે કે માત્ર નોકરીના સ્થળે હાજર



હોવાને કારણે કે કુદરતી કારણોસર થયેલા મૃત્યુ બદલ વળતરનો દાવો કરી શકાય નહીં. વળતર મેળવવા માટે એ પુરવાર કરવું અનિવાર્ય છે કે જે તે બીમારી અથવા ઈજા સીધી રીતે રોજગાર કે કામના બોજ સાથે જોડાયેલી હતી. જો કામ અને બીમારી વચ્ચેનું આ જોડાણ પુરાવા સાથે સાબિત ન થાય, તો આશ્રિતોને મળતા આર્થિક લાભો આપી શકાય નહીં.આ ચુકાદો ભવિષ્યમાં કામદારોના વળતરના કેસોમાં કાયદાકીય અર્થઘટન માટે ખૂબ જ નિર્ણાયક સાબિત થશે. મૃત્યુ અને નોકરી વચ્ચે સીધો સંબંધ હોવો જરૂરી ગુજરાત હાઈકોર્ટે આ કેસની વિગતો તપાસતા જણાવ્યું કે, કામદારના મૃત્યુ અને તેની નોકરી વચ્ચે સીધો સંબંધ હોવો જરૂરી છે. આ કિસ્સામાં, મૃતક રમણભાઈ પટેલના પત્ની એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા કે તેમના પતિનું મૃત્યુ નોકરી દરમિયાન ઉદ્ભવેલી કોઈ બીમારી કે ઈજાને કારણે થયું હતું. કાયદાકીય રીતે, જ્યાં સુધી એ પુરવાર ન થાય કે મૃત્યુનું કારણ વ્યવસાયિક રોગ અથવા કામ દરમિયાન થયેલી ઈજા છે, ત્યાં સુધી ઈએસઆઈ(ESI) એક્ટ હેઠળ મળવાપાત્ર આર્થિક લાભો કે વળતર આશ્રિતોને આપી શકાય નહીં. તબિયત વધુ લથડતા કામદારનું સારવાર દરમિયાન મોત

કેસની વિગત મુજબ, રમણભાઈ બજાજ પ્રોસેસર્સમાં ફીટર મિકેનિક તરીકે ફરજ બજાવતા હતા. 6 સપ્ટેમ્બર, 2004ના રોજ બીજી શિફ્ટમાં કામ કરતી વખતે અચાનક તેમની તબિયત લથડી હતી. તેમને છાતી અને પેટમાં દુખાવો થતા તેઓ વિભાગના એક ખૂણામાં આરામ કરવા સૂઈ ગયા હતા. જોકે, હાઈકોર્ટે નોંધ્યું કે આ સંજોગોમાં કામના કારણે જ તબિયત બગડી હોય તેવા કોઈ નક્કર પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી, જેના કારણે તેમને કોઈ નિર્ભરતા લાભો મળી શકે તેમ નથી.

તબિયત વધુ બગડતા કામદારને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ હાર્ટ એટેક હોવાનું સામે આવ્યું હતું. આ ઘટના બાદ મૃતકની વિધવાએ આર્થિક વળતર મેળવવા માટે ઈએસઆઈ(-ESI) કોર્પોરેશનમાં અરજી કરી હતી, પરંતુ ત્યાંથી તેમની માંગણી નકારી દેવામાં આવી હતી. ત્યારબાદ તેમણે ઈએસઆઈ કોર્ટના દ્વાર ખખડાવ્યા, જ્યાં તેમને સફળતા મળી અને કોર્ટે વળતર મંજૂર કરવાનો હુકમ કર્યો. ગુજરાત હાઈકોર્ટમાં પડકાર જોકે, ઈએસઆઈ કોર્ટના આ નિર્ણયને ઈએસઆઈ કોર્પોરેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ કેસમાં કમનસીબી એ રહી કે આર્થિક રીતે નબળા હોવાને કારણે વિધવા કોઈ મોટા અને નિષ્ણાત વકીલની સેવા લઈ શક્યા નહીં. જો કોઈ કુશળ વકીલ હોત, તો કદાચ કાયદાનું અર્થઘટન એવી રીતે કરી શક્યા હોત કે જે હાઈકોર્ટના જસ્ટિસને તર્કબદ્ધ રીતે સમજાવી વળતર અપાવવામાં મદદરૂપ થઈ શકેત.

ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાઈ હતી

# વનાણા ગામે આંગણવાડી માટે મહાનગર પાલિકાનો દબાણમાં આક્રમક કડક નિર્ણય

**દબાણ હટાવ્યું** પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણ હટાવ્યું, બાળકો માટે નવી સુવિધાનો માર્ગ મોકળો

• ગોસા (ઘેડ), તા.૦૪૬

પોરબંદર મહાનગરપાલિકા દ્વારા વનાણા ગામમાં વિકાસને પ્રાથમિકતા આપતા બાળકોના હિતમાં મહત્વપૂર્ણ અને કડક પગલું ભરવામાં આવ્યું છે. ગામના કેન્દ્રસ્થાને નવી આંગણવાડી નિર્માણ માટે ગેરકાયદેસર દબાણ દૂર કરવાની કાર્યવાહી પોલીસ બંદોબસ્ત વચ્ચે હાથ ધરાઈ હતી.

વનાણા ગામમાં આવેલી જૂની આંગણવાડી જર્જરિત અને અયોગ્ય બની જતા, મહાનગરપાલિકાએ નવી અને સુવિધાસભર આંગણવાડી બનાવવા માટે સ્થળ પસંદગીની પ્રક્રિયા હાથ ધરી હતી. નાયબ મ્યુનિસિપલ કમિશનર હર્ષ પટેલ (વહીવટ) તથા ટાઉન પ્લાનર દ્વારા સ્થળ નિરીક્ષણ દરમિયાન ગામના ચોકમાં પ્રાથમિક શાળા પાસે આવેલી



પાળીયાવાળી જગ્યા, ઢાળીયાવાળો રૂમ અને ખુલ્લી જમીન આંગણવાડી માટે સૌથી યોગ્ય હોવાનું નિર્ધારિત થયું હતું.

પરંતુ આ જગ્યા પર હરજી રાજા ઓડેદરા દ્વારા ગેર કાયદેસર દબાણ કરવામાં આવ્યું હોવાની હકીકત સામે આવતા મહાનગરપાલિકાએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. દબાણ દૂર કરવા માટે નોટિસ આપવામાં આવી હતી, છતાં આસામી તરફથી માલિકી હકના કોઈ માન્ય પુરાવા રજૂ કરવામાં આવ્યા નહોતા. રજૂ કરાયેલા દસ્તાવેજોમાં પણ સહી વિનાના કાગળો જ જોવા મળતા દબાણ ગેરકાયદેસર હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ સમગ્ર મામલે મહાનગરપાલિકાના અહેવાલને આધારે કમિશનર એચ. જે. પ્રજાપતિએ દબાણ દૂર કરવાની મંજૂરી આપી હતી. જેના અનુસંધાને તા. ૦૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે ૧૧ થી ૧૨ વાગ્યા દરમિયાન ઉદ્યોગ નગર પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે ઢાળીયાવાળા રૂમનું દબાણ દૂર કરવામાં આવ્યું હતું.

કાર્યવાહી દરમિયાન દબાણ કરનાર વ્યક્તિએ સ્થળ પર હાજર રહી બે દિવસમાં કમ્પાઉન્ડ વોલ પણ દૂર કરવાની ખાતરી આપી હતી. મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ શાખાના એસ્ટેટ અધિકારી હિતેશભાઈ ગોરસિયા અનુસાર હાલની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે અને આગામી સમયમાં અહીં આધુનિક સુવિધાઓ સાથે નવી આંગણવાડી નિર્માણ કરવામાં આવશે.

નવી આંગણવાડી બનતા ગામના નાના બાળકોને શિક્ષણ, પોષણ અને રમતો માટે સુરક્ષિત અને સુવિધાસભર વાતાવરણ મળશે, જે ગામના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

રિપોર્ટરઃવિરમભાઈ કે.આગઠ

# શાળા, દવાખાના, કચેરીમાં આચારસંહિતાનો છડેકોચ ભંગ, સરકારી યોજના અને નેતાઓના બોર્ડ યથાવત્

• અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત સાથે જ આદર્શ આચાર સંહિતા લાગુ થઈ હતી. પરંતુ બે દિવસમાં હજુ સુધી કેટલીક બેન્કો, શાળા, દવાખાના, એસટી બસ તેમજ સ્ટેન્ડ, પેટ્રોલ પંપ, સરકારી તથા અર્ધ સરકારી સંસ્થાની કચેરીઓમાંથી શાસક પક્ષના મંત્રીઓ અને નેતાઓના નામ અને ફોટો સાથેના બોર્ડ-હોર્ડિંગ્સ હટાવાયા નથી. આમ, આદર્શ આચાર સંહિતાનો ખુલ્લેઆમ ભંગ કરાઈ રહ્યો છે.એસટી બસ, અન્નપૂર્ણા અને જન ઔષધી કેન્દ્ર વગેરે સ્થળોએ બેરોકટોક પ્રચાર આદર્શ આચાર સંહિતા લાગુ થઈ જતા બે દિવસમાં તો રસ્તા સહિત વિવિધ સ્થળોએ સરકારી ખર્ચે લગાવેલા શાસક પક્ષના નેતાઓના ફોટો સાથેના બોર્ડ અને હોર્ડિંગ્સ ઉતરી જવા જોઈએ. કોર્પોરેટરના ફંડમાંથી બનાવેલા હોવાનો ઉલ્લેખ પણ દૂર કરાયો નથી. આટલું જ નહીં, વિવિધ સરકારી વિભાગોની ઓફિશિયલ વેબસાઈટ પર ફોટો




પણ હજી યથાવત્ હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે.પરંતુ આદર્શ આચાર સંહિતાનું પાલન કરાવવામાં રાજ્ય ચૂંટણી આયોગ ઢીલ દાખવી રહ્યું હોય તેમ હજી વિવિધ સંસ્થાઓમાં તેમજ જાહેર સ્થળો પર સરકારી યોજનાઓનો લાભ દર્શાવતા મંત્રીઓ અને નેતાઓના ફોટોવાળા બોર્ડ જોવા મળી રહ્યા છે.

એસટી બસ, શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર, જન ઔષધી કેન્દ્ર, બસ સ્ટેન્ડ, કેટલીક બેન્ક, શાળા, હોસ્પિટલમાંથી આવા બોર્ડ હટાવાયા નથી. તેમજ દીવાલો પરથી રાજકીય નેતાઓના ચિત્ર ભૂંસાયા નથી. ઉપરાંત સિટી બસ સ્ટેન્ડ, સોસાયટીઓના બોર્ડ પરથી ધારાસભ્ય, કોર્પોરેટરના ફંડમાંથી બનાવેલા હોવાનો ઉલ્લેખ પણ દૂર કરાયો નથી. આટલું જ નહીં, વિવિધ સરકારી વિભાગોની ઓફિશિયલ વેબસાઈટ પર ફોટો પણ હજી યથાવત્ હોવાનો આક્ષેપ કોંગ્રેસે કર્યો છે.

# ગુજરાતમાં વર્ષ 2025માં રેકોર્ડબ્રેક 119 ટીપી સ્કીમોને મળી આખરી મંજૂરી

## અમદાવાદમાં 173 ટીપી પ્રારંભીક, 37 આખરી તબક્કામાં, 10 વર્ષમાં કુલ 800 સ્કીમો પાસ થતા વધશે શહેરીકરણ

• ગાંધીનગર

ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગે એક નવો ઈતિહાસ રચ્યો છે. જેમાં આટલા વર્ષોમાં અગાઉ ક્યારેય ન થયું હોય તે રીતે 2025ના વર્ષમાં જ રાજ્યના જુદા-જુદા શહેરોની કુલ 119 ટાઉન પ્લાનિંગ સ્કીમને આખરી મંજૂરી આપી દીધી છે. જ્યારે છેલ્લા 10 વર્ષમાં કુલ 800 ટીપી સ્કીમને મંજૂરી આપી દેવાઈ છે. રૂપાણી સરકારમાં પણ દર વર્ષે સરેરાશ 80થી 90 જેટલી ટીપી સ્કીમને મંજૂરી અપાતી હતી. આટલી ઝડપ છતાં હજુ વિવિધ શહેરોમાં 100 જેટલી ટીપી સ્કીમને મંજૂરી આપવાનું બાકી રહી ગયું છે. એ સિવાયની બાકીની વર્ષોથી લટકતી રહેતી ટીપી સ્કીમોને આખરી મંજૂરી આપી દેવાતા હવે આર્થિક વિકાસ વધશે.

શહેરી વિકાસ વિભાગના અધિકારી પ્રકાશ દત્તા આ સંદર્ભમાં જણાવે છે કે, 2025માં 119 ટીપી સ્કીમને મંજૂરી આપી એ બાબત જ દર્શાવે છે કે, સરકાર ખૂબ જ પારદર્શકતાથી કામ કરી રહી છે. વર્ષો જૂની અનેક ટીપીને આખરી મંજૂરી આપી દેવાઈ છે. આમ છતાં હજુ પણ રાજ્યના અલગ-અલગ



વિસ્તારોમાં 100 જેટલી ટીપી સ્કીમને મંજૂરી આપવાની બાકી રહી ગઈ છે. કેટલાક કારણોથી આવી મંજૂરી આપી શકાતી નથી, પરંતુ હવે આ વર્ષના અંત સુધીમાં બાકીની ટીપીને પણ મંજૂરી મળી જાય તેવા પ્રયાસો કરાશે.

તેઓએ કહ્યું કે, રાજ્યમાં 550 જેટલી આખરી નગર રચના યોજનાઓ મંજૂર થઈને અમલમાં છે. ઉપરાંત કુલ 46 નગર રચના અધિકારીઓ દ્વારા 410 પ્રારંભિક નગર રચના યોજનાઓ અને 76 આખરી નગર રચના યોજનાઓની કામગીરી કરવામાં આવી રહી છે.

# ધોળકાના કોઠ ગામમાં ગેસ સિલિન્ડરમાં આગ :કોઈ જાનહાનિ નહીં, ફાયર બ્રિગેડે એક કલાકે કાબૂ મેળવ્યો



• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કોઠ ગામમાં ગેસ સિલિન્ડરમાં આગ લાગવાની ઘટના બનવા પામી હતી. જો કે સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આ આગ કોઠ ગામના ગઢિયાપા સ્થિત નરસિંહ ભગવાનના મંદિરના પૂજારીના ઘરમાં લાગી હતી. પૂજારી ખાલી ગેસ સિલિન્ડર બદલી રહ્યા હતા ત્યારે નવા સિલિન્ડરની અંદરની રીંગ ખરાબ હોવાથી ગેસ લીકેજ થવા લાગ્યો હતો, જેના કારણે આગ ભભૂકી ઉઠી હતી.આ ઘટનાની જાણ થતાં ધોળકા નગરપાલિકાની ફાયર બ્રિગેડ અને ધોળી ચીરીપાલ કંપનીની ફાયર બ્રિગેડ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. લગભગ એક કલાકની ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડની ટીમે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી

# હિટ એન્ડ રનમાં 18 વર્ષીય યુવકનું મોત:કોબા રોડ પર પૂરપાટ ઝડપે આવતી કારે યુવકને ઉડાવી કાર મૂકી ફરાર

• ગાંધીનગર

ગાંધીનગરના માર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનો નિર્દોષ લોકો માટે કાળ સાબિત થઈ રહ્યા છે. શહેરના કોબા સર્કલથી ગાંધીનગર તરફ આવતા મુખ્ય માર્ગ પર ગત મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક પૂરપાટ ઝડપે આવતી ફોરવ્હીલર ગાડીના ચાલકે રોડ પર ચાલીને જઈ રહેલા 18 વર્ષીય યુવકને અડફેટે લેતા તેનું કરુણ મોત નીપજ્યું છે. અકસ્માત સર્જ્યા બાદ કાર ચાલક પોતાની ગાડી ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હતો. આ અંગે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

હોટલના હેડ સેફનો ફોન આવ્યોને હિમાંગશુના અકસ્માતના સમાચાર આપ્યા પોલીસ સૂત્રોના જણાવ્યા



અનુસાર, પેથાપુરના રહેવાસી આદિલભાઈ આરીફભાઈ પરમાર કુડાસણ ખાતે આવેલી ધ મસાલા સિક્રેટ રેસ્ટોરન્ટમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમણે આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ગઈકાલે 3 એપ્રિલની રાત્રિના આશરે સાડા અગિયાર વાગ્યે આદિલભાઈ પોતાની ડ્યુટી પૂરી કરી ઘરે હતા. ત્યારે તેમને હોટલના હેડ સેફ સુખદેવભાઈ ભટ્ટે ફોન કરીને જણાવ્યું હતું કે, હોટલમાં કિચન હેલ્પર તરીકે કામ કરતો 18 વર્ષીય હીમાંગશુ અર્જુનભાઈ શર્મા અકસ્માતને અકસ્માત થયો છે. જેથી આદિલભાઈ સહિતના સ્થળ પર દોડી ગયા હતા . કારચાલકે પૂરઝડપે ગાડી હંકારી જોરદાર ટક્કર મારી સ્થળ પર પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું હતું કે, મૂળ પશ્ચિમ બંગાળનો વતની અને હાલ રાંદેસણ ખાતે રહેતો હીમાંગશુ કોબા સર્કલથી ગાંધીનગર તરફ જવાના રોડ પર સુકન સ્કાય એપાર્ટમેન્ટ પાસેથી ચાલતો પસાર થઈ રહ્યો હતો. તે સમયે GJ-18-BN-6637 નંબરની કારના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે ગાડી હંકારી લાવી હીમાંગશુને જોરદાર ટક્કર મારી હતી. યુવકને સારવાર અર્થે ખસેડાય તે પહેલાં જ મોતને ભેટ્યો આ અકસ્માતમાં યુવકને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. બાદમાં સ્થાનિકો દ્વારા તુરંત 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો, પરંતુ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટના બાદ અકસ્માત સર્જનાર ચાલક પોતાની કાર મૂકીને અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યો હતો. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુનો નોંધી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# થેલેસેમિયા અને દિવ્યાંગ બાળકો માટે આનંદની પળો: નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં લાઈવ મેચનો લહાવો

### માનવતાને સ્પર્શતી પહેલ: જય શાહ દ્વારા કોમ્પ્લીમેન્ટરી ટિકિટ વિતરણ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના થેલેસેમિયા ટ્રાન્સફયુજન સેન્ટરમાં સારવાર લેતા થેલેસેમિયા મેજરના બાળકો અને નવજીવન ટ્રસ્ટ સાથે સંકળાયેલ દિવ્યાંગ બાળકો મહેમાન બન્યા .ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના થેલેસેમિયા ટ્રાન્સફયુજન સેન્ટરમાં સારવાર લેતા થેલેસેમિયા મેજરના બાળકો અને નવજીવન ટ્રસ્ટ સાથે સંકળાયેલ દિવ્યાંગ બાળકોને તેમના વાલીઓ સાથે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાતી ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ વચ્ચેની આઈપીએલ T20 ક્રિકેટ મેચની કોમ્પ્લીમેન્ટરી ટિકિટો આઈસીસીના ચેરમેન શ્રી જય અમિતભાઈ શાહ દ્વારા આપવામાં આવી. ગુજરાત ક્રિકેટ એસોસિએશન, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ, આઈપીએલ અને આઈસીસીના ચેરમેન શ્રી જય અમિતભાઈ શાહ દ્વારા અવારનવાર બાળકો માટે, દર્દીઓ માટે મેચની ટિકિટ ફાળવવામાં આવે છે જે તેમના જીવનમાં નવું જોમ અને ઉત્સાહ નો સંચાર કરે છે. આઈપીએલ ની ક્રિકેટ મેચને પણ માનવતાવાદી અભિયાન સાથે જોડવાની એક અનોખી પહેલ શ્રી જય શાહ દ્વારા શરૂ કરવામાં આવેલ છે. અગાઉ



પણ આઈપીએલ ની મેચ દરમિયાન ઓર્ગન ડોનેશન પ્લેજનો રેકોર્ડ કરવામાં આવેલ હતો. જિંદગી સામે હર હંમેશ લડતા થેલેસેમિયા મેજરના બાળકો અને દિવ્યાંગ બાળકો માટે ક્રિકેટ સ્ટેડિયમમાં લાઈવ મેચ જોવાનો લહાવો આપવા બદલ અને રેડક્રોસના માનવતાવાદી અભિયાનમાં તેમના સાથ સહકાર માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીએ આઈસીસી ના ચેરમેન જય અમિતભાઈ શાહ નો આભાર વ્યક્ત કર્યો.

# રાજકોટમાં અધધધ.... ૧૫૦૦ કરોડનું મ્યૂલ એકાઉન્ટ કૌભાંડ: ક્રાઈમ બ્રાન્ચનો મોટો ધડાકો!

રાજકોટ: રંગીલું શહેર રાજકોટ અત્યારે એક એવા કૌભાંડથી ધ્રૂજી ઉઠ્યું છે જેની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. શહેરની ક્રાઈમ બ્રાન્ચે એક એવા મ્યૂલ એકાઉન્ટ રેકેટનો પર્દાફાશ કર્યો છે, જેમાં આંકડો કોઈ સામાન્ય નથી પણ પૂરા ૧૫૦૦ કરોડ પર પહોંચ્યો છે. ડિજિટલ ઈન્ડિયાના યુગમાં સાયબર ઠગબાજોએ કેવી રીતે સિસ્ટમની આંખમાં ધૂળ નાખી, તેની આ ચોંકાવનારી વિગતો સામે આવી છે. શું છે સમગ્ર ઘટના? છેલ્લા કેટલાક સમયથી શંકાસ્પદ બેંકિંગ ટ્રાન્ઝેક્શન પર નજર રાખી રહેલી રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને એક એવી કડી મળી જેણે આખા દેશમાં ફેલાયેલા જાળનો પર્દાફાશ કર્યો. * મ્યૂલ એકાઉન્ટ્સનો ખેલ: ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના દસ્તાવેજો મેળવી.

**લાલચ** ટોપ યુરોપિયન દેશોમાં વર્ક પરમિટ અપાવવાની લોભામણી લાલચ આપી

# રાણીપમાં રહેતા યુવકે વિદેશ જવાની લાલચમાં રૂપિયા 12 લાખ ગુમાવ્યા

### ફરી એકવાર વિદેશમાં નોકરી અપાવવાના બહાને લાખોની ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે

• અમદાવાદ

ફરી એકવાર વિદેશમાં નોકરી અપાવવાના બહાને લાખોની ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદ શહેરના રાણીપ વિસ્તારમાં રહેતા 35 વર્ષીય મિલન બારોટ સાથે 12 લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. વિદેશમાં સેટિંગ હોવાનું અને દર મહિને અનેક લોકોને મોકલતા હોવાનું કહી વિશ્વાસ જીત્યો હતો. ટોપ યુરોપિયન દેશોમાં વર્ક પરમિટ અપાવવાનું વચન આપ્યું હતું.વિશ્વાસમાં આવીને મિલને ડોક્યુમેન્ટ સાથે બેંકના કોરા ચેક અને 12 લાખ રૂપિયા આપ્યા હતા. તેમ છતાં વિદેશમાં મોકલવામાં ન આવતા ફરિયાદીએ રૂપિયાની માંગણી કરી હતી, પરંતુ રૂપિયા પણ પરત ન આપતા છેતરપિંડી થઈ હોવાનું સામે આવતા ફરિયાદીએ બે લોકો સામે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વિદેશમાં નોકરી કરવાની ઈચ્છા હોવાથી ઈમિગ્રેશન લોયર સાથે મુલાકાત કરી રાણીપમાં રહેતા 35 વર્ષીય મિલન બારોટ સાથે લાખોની ઠગાઈ આચરવામાં આવી છે.




મિલન બારોટ ધંધો કરે છે અને તેને યુરોપમાં વર્ક પરમિટથી નોકરી કરવા માટેની ઈચ્છા હતી. જેથી તેને તેની સાથે નોકરી કરતા ભાવેશ પટેલ નામના મિત્રને વાત કરી હતી. ભાવેશ પટેલને પણ વિદેશ જવાની ઈચ્છા હોવાથી બંને લોકો સારા એજન્ટની શોધમાં હતા. ત્યારે ભાવેશ પટેલના એક મિત્રએ તેને ઉસ્માનપુરામાં આવેલા નૈમેષ શાહ નામના ઈમિગ્રેશન લોયરનો રેફરન્સ આપ્યો હતો. જે બાદ જુલાઈ 2024માં બંને મિત્ર નૈમેષ શાહની ઓફિસે ગયા હતા. જ્યાં વિદેશમાં વર્ક પરમિટથી વિઝા લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જે દરમિયાન નૈમેષ શાહે તેની વિદેશમાં સારી ઓળખાણ હોવાની અને દર મહિને 15થી 20 લોકોને વર્ક પરમિટ વિઝા અપાવી સારી કમાણી માટે વિદેશમાં મોકલતા હોવાની લાલચ આપી હતી. યુરોપના ટોપ 5 દેશમાંથી કોઈ એક દેશના વર્ક પરમીટ બીજા અપાવી દેશે અને વીઝા આવી ગયા બાદ 12થી 13 લાખ સુધીનો ચાર્જ લેવાનો નક્કી કરવામાં આવ્યો હતો. જેથી ફરિયાદીએ વિશ્વાસમાં આવીને તમામ અસલ ડોક્યુમેન્ટ જમા કરાવ્યા હતા. જે બાદ નૈમેષ શાહ દ્વારા કોરા ચેક માંગવામાં આવ્યા હતા. જેથી કોરા ચેક માંગવામાં આવતા ભાવેશ પટેલે તેના અસલ ડોક્યુમેન્ટ પર માંગી લીધા હતા, પરંતુ મિલન બારોટને વિદેશમાં જવાની ઈચ્છા હોવાથી તેને બેંકના કોરા ચેક પણ આપી દીધા હતા.

ફિનિશ રેસીડેન્સ પરમિટ કાર્ડ આવી ગયું હોવાનું કહી 12 લાખ લીધા રેસીડેન્સ પરમિટ કાર્ડ આવી ગયું હોવાનું કહી ફરિયાદી પાસેથી નૈમેષ શાહે પૈસાની માંગણી કરી હતી. જેથી ફરિયાદીએ નૈમેષ શાહના કહેવાથી 12 લાખ રૂપિયા જમા કરાવ્યા હતા. જે બાદ ફરિયાદીએ તમામ પૈસા આપ્યા બાદ અસલ ડોક્યુમેન્ટની માંગણી કરતા એક બે દિવસમાં તમામ આપી દેવાનું વચન આપવામાં આવ્યું હતું. જે બાદ 25 ડિસેમ્બરના રોજ વિદેશ મોકલવાનું વચન આપવામાં આવ્યું હતું, પરંતુ અનેક દિવસ બાદ પણ વિદેશ મોકલવામાં ન આવતા આખરે ફરિયાદીએ નૈમેષ શાહ પાસે અસલ ડોક્યુમેન્ટ અને રૂપિયાની માંગણી હતી, પરંતુ 12 લાખ રૂપિયા પરત ન આપતા આખરે ફરિયાદીએ બે લોકો સામે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### રંગપુરમાં પાર્ક કરેલી ઈકોમાં આગ

# ધંધુકા પંથકમાં 24 કલાકમાં 2 કાર સળગી : 50 ફૂટ સુધી ડિવાઈડર પર દોડ્યા બાદ કાર અગનગોળો બની

**2 કાર સળગી** અકસ્માત એટલો વિચિત્ર હતો કે, કાર અંદાજે 150 ફૂટ સુધી ડિવાઈડર પર ઘસાઈ હતી

• અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં છેલ્લા 24 કલાકમાં કારમાં આગ લાગવાની બે મોટી ઘટના બની છે. ધંધુકા-ફેદરા માર્ગ પર સર્જાયેલા એક વિચિત્ર અકસ્માતમાં ચાલતી કાર ડિવાઈડર પર ચડી ગયા બાદ સળગી ઉઠી હતી, જેમાં સવાર ચાર મિત્રનો ચમત્કારિક બચાવ થયો છે. જ્યારે અન્ય એક ઘટનામાં રંગપુર ગામે પાર્ક કરેલી ઈકો કાર બળીને ખાખ થઈ ગઈ છે. ધંધુકા-ફેદરા માર્ગ પર મોતને મ્હાત આપતા 4 યુવાન દહેગામના ચાર યુવાન પોતાની કાર લઈને ધંધુકા-ફેદરા માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન વખતપુરના પાટિયા નજીક નર્મદા કેનાલ પાસે



કારચાલકે નિયંત્રણ ગુમાવતાં કાર અચાનક રોડ વચ્ચેના ડિવાઈડર પર ચડી ગઈ હતી.

50 ફૂટ સુધી ડિવાઈડર પર ચાલતી રહી કાર અકસ્માત એટલો વિચિત્ર હતો કે, કાર અંદાજે 150 ફૂટ સુધી ડિવાઈડર પર ઘસાઈ હતી અને ત્યાર બાદ તેમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળી હતી. કારમાં સવાર રોહિત રાવલ, વિજય રબારી, અર્થ બ્રહ્મભટ્ટ અને પાર્થ બ્રહ્મભટ્ટ (તમામ રહે. દહેગામ) સમયસૂચકતા વાપરી કારમાંથી બહાર નીકળી ગયા હતા. મળતી માહિતી મુજબ, ચારેય મિત્રો સાળંગપુરથી દર્શન કરી પરત દહેગામ જતા હતા.

બે યુવાનને સામાન્ય ઈજાઓ પહોંચતાં 108 મારફતે હોસ્પિટલ ખસેડાયા હતા. જોકે, જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં કાર સંપૂર્ણપણે બળીને લોખંડનું માળખું બની ગઈ હતી. રંગપુર ગામે મધરાતે પાર્ક કરેલી ઈકો કાર સળગી તો બીજી ઘટના ધંધુકાના રંગપુર ગામની છે, જ્યાં રાત્રિના સમયે ઘર પાસે પાર્ક કરેલી એક ઈકો કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. મધરાતે આગની જ્વાળાઓ જોઈને નિદ્રામાં પોઢેલા ગ્રામજનો જાગી ગયા હતા અને આગ બુઝાવવા દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર ફાઈટરની ટીમ સ્થળ પર પહોંચી હતી અને સતત બે કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં કાર સંપૂર્ણ ખાખ થઈ ગઈ હતી. સદનસીબે અહીં પણ કોઈ જાનહાનિ થઈ નથી.

બંને ઘટનાઓને પગલે ધંધુકા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ફેદરા માર્ગ પર લાગેલી આગ પાછળ અકસ્માત અને ઘર્ષણ જવાબદાર મનાય છે, જ્યારે રંગપુરની ઘટનામાં શોર્ટ સર્કિટ કે અન્ય કોઈ અગમ્ય કારણ છે તેની તપાસ ચાલી રહી છે.

ઉનાળાની શરૂઆતમાં વાહનોમાં વાયરિંગ કે ગેસ કીટની તપાસ કરાવવી અનિવાર્ય છે, જેથી આવી ગંભીર દુર્ઘટનાઓથી બચી શકાય.

# પેપરલીક કાંડનો 'કાપો': બાયડ ભાજપ યુવા પ્રમુખ આકાશ પટેલની હકાલપટ્ટી, માનવ પટેલને સોંપાયું સુકાન

• બાયડ (અરવલ્લી)

અરવલ્લી જિલ્લાના બાયડ રાજકારણમાંથી સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ભાજપ સંગઠને શિસ્તબદ્ધ પગલાં લેતા બાયડ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ આકાશ પટેલને પદ પરથી દૂર કર્યા છે. વિવાદોમાં ઘેરાયેલા આકાશ પટેલની હકાલપટ્ટી બાદ હવે સંગઠને વ પટેલની નવા શહેર યુવા મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક કરી છે.

[વિવાદનું મૂળ: પેપરલીક કાંડ]

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં પેપરલીક કાંડને લઈને ભારે હોબાળો મચ્યો છે. આ વિવાદની ગૂંજ બાયડ સુધી પહોંચી હતી.

* ગંભીર આરોપ: આકાશ પટેલનું નામ પેપરલીક કાંડના વિવાદમાં ઉછળતા પક્ષની છબી ખરડાઈ હતી.

* સંગઠનનો એક્શન પ્લાન: પેપરલીક કાંડમાં નામ આવતા જ સ્થાનિક કાર્યકરો અને જનતામાં રોષ જોવા મળ્યો હતો, જેને ધ્યાને રાખી ભાજપ હાઈકમાન્ડે તપાસ બાદ આકરો નિર્ણય લીધો છે.

* જિલ્લા પ્રમુખનો નિર્ણય: અરવલ્લી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ દ્વારા સત્તાવાર રીતે આકાશ પટેલને હોદ્દા પરથી મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

[નવી નિમણૂક: માનવ પટેલને જવાબદારી]

ચૂંટણીના માહોલ વચ્ચે સંગઠનમાં ગાબડું ન પડે તે માટે તાત્કાલિક અસરથી નવા પ્રમુખની વરણી કરવામાં આવી છે.

* આકાશ પટેલની જગ્યાએ હવે માનવ પટેલ બાયડ શહેર યુવા મોરચાનું સુકાન સંભાળશે.

* પક્ષે યુવા કાર્યકરોમાં નવો જોશ ભરવા અને વિવાદો ઠારવા માટે આ ફેરફાર કર્યો હોવાનું મનાય છે.

[વિશેષ નોંધ]

» 'પક્ષમાં કોઈ પણ પ્રકારની ગેરશિસ્ત કે વિવાદ ચલાવી લેવામાં આવશે નહીં.' - આ સંદેશ સાથે ભાજપે સ્પષ્ટ કર્યું છે કે ભ્રષ્ટાચાર કે કાંડમાં સંડોવાયેલા નેતાઓ માટે સંગઠનમાં કોઈ સ્થાન નથી.

» સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા બાયડ ભાજપમાં આવેલું આ રાજકીય તોફાન આગામી સમયમાં કેવા વળાંક લેશે તે જોવું રહ્યું. શું નવા પ્રમુખ માનવ પટેલ યુવા મોરચાને એકજૂથ રાખી શકશે? તે મોટો પ્રશ્ન છે.

પળેપળની અપડેટ માટે વાંચતા રહો - પાક્કો ગુજરાત ન્યૂઝ!




# અંકલેશ્વરમાં ખાખીની રહેમનજર હેઠળ જુગારધામનો ધમધમાટ!

### PI ચાવડાની શંકાસ્પદ ભૂમિકા: શું ભરૂચ SP ભ્રષ્ટ અધિકારીઓ સામે લાલ આંખ કરશે?

• અંકલેશ્વર

ઔદ્યોગિક નગરી અંકલેશ્વરમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડતી એક સનસનાટીભરી વિગત સામે આવી છે. અંકલેશ્વર રેલવે સ્ટેશન પાસે આવેલા ભરચક ચૌટા બજારના ઝૂંપડા વિસ્તારમાં વિજય નામનો નામચીન બુટલેગર પોલીસના નાક નીચે ખુલ્લેઆમ જુગારનો અડ્ડો ચલાવી રહ્યો છે. નવાઈની વાત એ છે કે, જનતા બૂમો પાડી રહી છે પણ એ-ડિવિઝન પોલીસના કાન સુધી આ અવાજ પહોંચતો નથી.

વરલી મટકા અને હાજરનો ખેલ: રાત-દિવસ ચાલતું પાપ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, નામચીન બુટલેગર વિજય અહીં માત્ર દારૂ જ નહીં, પણ વરલી મટકા અને 'હાજર' નામનો જુગાર રાત-દિવસ રમાડી રહ્યો છે. આ અડ્ડાને કારણે અનેક ગરીબ પરિવારો પાયમાલ થઈ રહ્યા છે. જાહેરમાં ચાલતા આ અડ્ડાથી સામાન્ય નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે, પરંતુ વિજયને જાણે પોલીસનો કોઈ ડર જ ન હોય તેમ તે બેફામ બન્યો છે.

PI ચાવડાના 'મૌન' પાછળનું રહસ્ય શું?

સૌથી મોટો સવાલ અંકલેશ્વર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના PI ચાવડા સામે ઉઠી રહ્યો છે. જાગૃત નાગરિકો દ્વારા આ જુગારધામ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. હદ તો ત્યારે થઈ જ્યારે ફરિયાદો વધતા PI ચાવડાએ હવે લોકોના ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું છે!

» શું એક બુટલેગરના હપ્તા આગળ પોલીસની ખાખી લાચાર બની ગઈ છે? શું ઉચ્ચ અધિકારીઓને અંધારામાં રાખીને નીચલો સ્ટાફ વહીવટ કરી રહ્યો છે?

» પોલીસ બેડામાં ચર્ચા: SMC ની રેડની જોવાય છે રાહ? જ્યારે સ્થાનિક પોલીસ નિષ્ક્રિય બને ત્યારે આખા પોલીસ ખાતાની છબી ખરડાય છે. હવે સવાલ એ છે કે: * શું ભરૂચ જિલ્લાના SP સાહેબ આ ભ્રષ્ટ અધિકારીઓ અને જુગારના અડ્ડા પર તાત્કાલિક રેડ પાડશે?

* શું ફરજમાં બેદરકારી દાખવનાર PI ચાવડા સામે તપાસના આદેશ અપાશે?

# ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ



ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. પ્રથમ દિવસે ત્રણ ઉમેદવારોએ કુલ 6 જેટલા નામાંકન પત્રો દાખલ કર્યા હતા. ભાજપ તરફથી હર્ષદ ગોવિંદભાઈ પરમારે પોતાનું નામાંકન પત્ર ભર્યું હતું, જ્યારે ભાજપના જ વિમલ કાંતિલાલ પટેલે ડમી ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી હતી. ઉપરાંત ભારતીય નેશનલ જનતાદળના મૌલિક વિનોદચંદ્ર શાહે પણ નામાંકન પત્ર દાખલ કર્યું હતું.ઉમરેઠ બેઠક માટે અત્યાર સુધીમાં 17 અરજદારોએ કુલ 42 ઉમેદવારી ફોર્મ મેળવ્યા હોવાનું ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું છે. આવનારા દિવસોમાં વધુ ઉમેદવારો નામાંકન કરે તેવી સંભાવના છે. ઉમેદવારી ફોર્મ ભરવાની અંતિમ તારીખ 6 એપ્રિલ છે અને તે દિવસે બપોરે 3 વાગ્યા સુધી ઉમેદવારો પોતાનું નામાંકન પત્ર રજૂ કરી શકશે.

### ફોરવ્હીલ કાર વડે ફરિયાદીને જોરદાર ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હત્યાનો પ્રયાસ કર્યો હતો

# ઉપલેટાના પડવલા ગામે જૂની અદાવતનો ખાર રાખી યુવકને થાર કારથી ઉડાવી હત્યાનો પ્રયાસ કરનાર ટોળકીને LCBએ દબોચી લીધી

• રાજકોટ

રાજકોટ ગ્રામ્યના ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જૂની અદાવતમાં એક યુવકને ફોરવ્હીલ નીચે કચડી નાખી જીવલેણ હુમલો કરનાર પાંચ શખ્સોને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા છે. આ સમગ્ર કામગીરી રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય પોલીસ વડા વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ અને એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી. ઓડેદરાની સૂચના મુજબ હાથ ધરવામાં આવી હતી.બનાવની વિગત મુજબ, ગત તા. ૩૦.૦૩.૨૦૨૬ના રોજ પડવલા ગામે ફરિયાદી યુવક પોતાના મોટરસાયકલ પર જઈ રહ્યો હતો, ત્યારે આરોપીઓએ છ




વર્ષ જૂની અદાવતનો ખાર રાખી પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. આરોપીઓએ પોતાની કાળા રંગની થાર જેવી ફોરવ્હીલ કાર વડે ફરિયાદીને જોરદાર ટક્કર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે ભાયાવદર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે આ ગુનામાં સંડોવાયેલા પાંચ શખ્સો જેમાં (૧) નોમાન ઉર્ફે ધારાગઢી અલીમમદ શેઠા, (૨) શાહરૂખ ઉર્ફે મસ્તાન બોદુભાઈ નોયડા, (૩) અલ્તાફ ઉર્ફે અફલો ગુલમમદભાઈ જેડા, (૪) અયાન ઉર્ફે સર્વિસ મુસ્તાકભાઈ ગણીદીવાલા અને (૫) એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરની અટકાયત કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી અલ્તાફ ઉર્ફે અફલા વિરુદ્ધ અગાઉ ચોરી, દારૂ અને મારામારી જેવા ૯ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલી ૧૨ લાખની કિંમતની કાળા રંગની ફોરવ્હીલ કાર, ૩૮,૮૪૦ રૂપિયાની રોકડ રકમ અને ૨૧,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન મળી કુલ ૧૨,૫૯,૮૪૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સફળ કામગીરીમાં એલ.સી.બી. પી.આઈ. વી.વી. ઓડેદરા, પી.એસ.આઈ. કે.એમ. ચાવડા, શ્રી એચ.સી. ગોહિલ, આર.વી. ભીમાણી, પી.એન. ભરવાડ તથા એલ.સી.બી. સ્ટાફના જવાનો જોડાયા હતા.

# ચૂંટણીનો શંખનાદ: રાજકોટ કોંગ્રેસમાં ટેલિફોનિક ટિકિટ વહેંચણી, જ્યારે અમદાવાદ ભાજપમાં 'ટિકિટવાંચ્છુઓ'

• પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે અને રાજકીય પારો સાતમા આસમાને પહોંચ્યો છે. આગામી 26 એપ્રિલે રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની કુલ 10,005 બેઠકો માટે રસાકસી જામવાની છે. ઉમેદવારી ફોર્મ ભરવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને છાવણીમાં ગતિવિધિઓ તેજ બની છે.

રાજકોટમાં કોંગ્રેસે આ વખતે ઉમેદવારોની પસંદગીમાં ગુપ્તતા અને ઝડપ પર ભાર મૂક્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના 20 જેટલા ઉમેદવારોને હાઈકમાન્ડ તરફથી ટેલિફોનિક જાણ કરી દેવામાં આવી છે.

**રાજકોટમાં કોંગ્રેસના 20 ઉમેદવારને ટેલિફોનિક જાણ કરાઈ, જુઓ લિસ્ટ**




જૂના જોગીઓને મેદાને ઉતારવાનો નિર્ણય, અમદાવાદમાં ભાજપના 2200 લોકોએ ટિકિટ માંગી

* જૂના જોગીઓ પર ભરોસો: આ વખતે પ્રયોગો કરવાને બદલે કોંગ્રેસે અનુભવી અને 'જૂના જોગીઓ'ને મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

* મુખ્ય નામો (સંભવિત): શિસ્ત અને પકડ ધરાવતા પૂર્વ કોર્પોરેટરોને ફરીથી તક આપી ભાજપના ગઢમાં ગાબડું પાડવાની રણનીતિ ઘડાઈ છે.

* ઉદ્દેશ્ય: છેલ્લી ઘડીએ થતા અસંતોષ અને પક્ષપલટાને રોકવા માટે સીધી ફોન દ્વારા જ સૂચના આપી દેવામાં આવી છે.

બીજી તરફ, અમદાવાદમાં સત્તાધારી પક્ષ ભાજપમાં ટિકિટ લેવા માટે ભારે ઉત્સાહ અને હરીફાઈ જોવા મળી રહી છે. * 2200 દાવેદારો: અમદાવાદ મહાનગરપાલિકાની બેઠકો માટે આશરે 2200 જેટલા કાર્યકરો અને આગેવાનોએ ટિકિટની માંગણી કરી છે.* સેન્સ પ્રક્રિયા: ભાજપના નિરીક્ષકો સમક્ષ ટિકિટ માટે થયેલો આ અસાધારણ ધસારો પક્ષ માટે 'ખુશીનો દુખાવો' સાબિત થઈ રહ્યો છે.

* પસંદગીના ધોરણો: 'નો રિપીટ થીયરી' આવશે કે કેમ? તે અંગે અસમંજસ વચ્ચે હજારો દાવેદારો પોતાની વગ વાપરી રહ્યા છે.

# ડભોઈના તળાવપુરા વિસ્તારમાં ૭૯ હજારની કિંમતના બકરાઓની ચોરી

• ફકીરા ખત્રી ડભોઇ

ડભોઈ તાલુકાના તળાવપુરા વિસ્તારમાં રૂા.૭૯ હજારની કિંમતના ૧૧ બકરાંઓની ચોરી થતાં ગ્રામ્ય વિસ્તારમાં ભારે ગભરાટ વ્યાપ્યો છે,બનાવના સંબંધમાં ડભોઈ પોલીસે ગહન તપાસ હાથ ધરી છે.પોલીસે અજાણ્યા શખ્શ વિરુધ્ધ ગુનો દાખલ કરીને તપાસ આગળ ધપાવી છે.ડભોઈ પોલીસ સૂત્રો મુજબ ડભોઈ તાલુકામાં બકરાઓની ચોરીની ઘટનાનો બનાવ બન્યો છે, જેમાં કુલ ૧૧ બકરાઓ ચોરી થઈ જતા આશરે રૂ.૭૯ હજારનું નુકસાન થયું છે. આ મામલે ડભોઈ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ તપાસ શરૂ કરવામાં આવી છે.તા. ૦૨ એપ્રિલે ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૯ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા ચોરે તળાવપુરા વિસ્તારમાં ચારો ચરવા માટે ગયેલા બકરાઓને નિશાન બનાવ્યા હતા.

**મતદારો જાગો!** શું આ વખતે પણ તમે 'ચહેરા' બદલવાની આ રાજકીય રમતનો શિકાર બનશો?

# ગુજરાતના મતદારો જાગો! શું 'ચહેરા' બદલીને ભ્રષ્ટાચારને છુપાવવાનો પ્રયાસ સફળ થશે?

## જૂના જોગીઓના સગા-વહાલાઓને ટિકિટ આપી મતદારોને ગુમરાહ કરવાની બીજેપીની રમત: પવન માકનનો સચોટ વિશ્લેષણ

• અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

ગુજરાતમાં આગામી ચૂંટણીનો રણશિંગુ ફૂંકાઈ ચૂક્યું છે, પરંતુ રાજકીય ગલિયારાઓમાં એક એવો 'કાળો સચ' છુપાયેલો છે જે મતદારોએ સમજવો બહુ જરૂરી છે. સત્તાધારી પક્ષ બીજેપી દ્વારા આ વખતે એક નવો દાવ ખેલવામાં આવી રહ્યો છે. જનતાનો રોષ પારખી ગયેલા હાઈકમાન્ડે ભ્રષ્ટાચારી નેતાઓને દૂર કરવાનો ડોળ તો કર્યો છે, પણ શું ખરેખર સત્તા પરિવર્તન થશે? કે પછી માત્ર 'બોટલ નવી અને દારૂ જૂનો' જેવો ઘાટ સર્જાશે?

ભ્રષ્ટાચારનું 'ફેમિલી પેકેજ': સગાવાદનો નવો અવતાર

સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ, જે નેતાઓ સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો છે અથવા જેમનાથી જનતા નારાજ છે, તેમને કાપીને તેમના જ દીકરા, દીકરી કે પત્નીને મેદાનમાં ઉતારવાની તૈયારીઓ ચાલી રહી છે.

* નવા ઉમેદવારના નામે છેતરપિંડી: નવા ચહેરા લાવીને એવી છાપ ઊભી કરવામાં આવે છે કે પાર્ટી સ્વચ્છ થઈ ગઈ




છે.

* રીમોટ કંટ્રોલ શાસન: ઉમેદવાર નવો હોય પણ સત્તાની લગામ તો એ જ જૂના ભ્રષ્ટાચારી નેતાના હાથમાં રહેવાની છે. શું ગુજરાતની પ્રજા આટલી ભોળી છે કે આ ચાલ સમજી ન શકે?

પાક્કો ગુજરાત ન્યૂઝની અપીલ: કેમ જોઈએ 'સ્વચ્છ' ઉમેદવાર?

અત્યાર સુધી 'ચાલતું રહેશે' વાળી માનસિકતાએ ગુજરાતના અનેક પ્રશ્નોને ગૂંચવી નાખ્યા છે. ભ્રષ્ટાચારના મૂળિયાં એટલા ઊંડા ગયા છે કે સામાન્ય માણસનું કામ વગર પૈસે થતું નથી. હવે સમય પાકી ગયો છે કે મતદારો જાગૃત થાય.

» 'માત્ર પક્ષ જોઈને નહીં, પણ માણસ જોઈને મત આપો. જો ઉમેદવાર કોઈ ભ્રષ્ટાચારીનો વારસદાર હોય, તો સમજી લેજો કે પરિવર્તન ક્યારેય નહીં આવે.'

» – પવન માકન

» કેવા ઉમેદવારને પસંદ કરશો?

* યુવા અને શિક્ષિત: જેની પાસે વિઝન હોય અને જે ટેકનોલોજી તથા નવા યુગના પ્રશ્નોને સમજતો હોય.

* લોકોની વચ્ચે રહેનાર: એવા નેતાને પસંદ કરો જે માત્ર ચૂંટણી વખતે જ નહીં, પણ આખું વર્ષ તમારી સુખ-દુ:ખમાં સાથે હોય.

* નિષ્કલંક છબી: જેનું ભૂતકાળ સાફ હોય અને જેનો ઉદ્દેશ્ય સેવા કરવાનો હોય, મેવા ખાવાનો નહીં.

અંતિમ નિર્ણય તમારા હાથમાં...

શું આ વખતે પણ તમે 'ચહેરા' બદલવાની આ રાજકીય રમતનો શિકાર બનશો? કે પછી એક મજબૂત અને સ્વતંત્ર વિચારધારા ધરાવતા ઉમેદવારને જીતાડીને ગુજરાતમાં સાચું પરિવર્તન લાવશો? 'પાક્કો ગુજરાત ન્યૂઝ' અને પવન માકનની ગુજરાતના તમામ મતદારોને નમ્ર અપીલ છે કે, આ વખતે તમારો મત કોઈ પક્ષના નામે નહીં, પણ ગુજરાતના ભવિષ્ય અને એક સારા માણસના નામે આપજો.

તમારો એક વોટ, ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતનો પાયો બની શકે છે.

અહેવાલ: પવન માકન (પાક્કો ગુજરાત ન્યૂઝ)

લાંભા વોર્ડ હંમેશાથી રાજકીય રીતે સંવેદનશીલ રહ્યો છે

# લાંભા ભાજપમાં ભડકો: રાહુલ માટિયા સામે 'લેટર વોર', ટિકિટ મુદ્દે પક્ષમાં બે ફાટા!

**'લેટર વોર'** બીજી તરફ, રાહુલ માટિયાના સમર્થકો આ પત્રને 'રાજકીય ષડયંત્ર' ગણાવી રહ્યા છે

અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીના પડઘમ વાગતા જ લાંભા વોર્ડનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસનો સાથ છોડી કેસરી ખેસ ધારણ કરનારા રાહુલ માટિયા અત્યારે વિવાદોના વમળમાં ફસાયા છે. સ્થાનિક કાર્યકરો અને ફેક્ટરી માલિકોના નામે લખાયેલા એક નનામા પત્રએ ભાજપના આંતરિક મોરચે ખળભળાટ મચાવી દીધો છે.

શું છે પત્રમાં ગંભીર આક્ષેપો?

તાજેતરમાં વાયરલ થયેલા આ પત્રમાં રાહુલ માટિયા સામે ગંભીર આક્ષેપોનો મારો ચલાવવામાં આવ્યો છે:

*ઉઘરાણાનો આક્ષેપ: પત્રમાં એવો દાવો કરાયો છે કે રાહુલ માટિયાએ વિસ્તારના ફેક્ટરી માલિકો અને




ઉદ્યોગપતિઓ પાસેથી સત્તાના જોરે મોટા પાયે આર્થિક ઉઘરાણા કર્યા છે.

* આયાતી નેતાનો વિરોધ: 'વર્ષોથી પક્ષ માટે લોહી-પરસેવો એક કરનારા કાર્યકરોને અન્યાય કેમ?' તેવો સૂર પત્રમાં ઉઠાવવામાં આવ્યો છે. કોંગ્રેસમાંથી આવેલા નેતાને ટિકિટ આપવા સામે પાયાના કાર્યકરોમાં ભારે રોષ છે.

* ટિકિટ કાપવાની માંગ: પત્રમાં સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે જો આવા વિવાદાસ્પદ ચહેરાને ટિકિટ આપવામાં આવશે, તો ભાજપે લાંભા બેઠક ગુમાવવી પડી શકે છે.

કેમ શરૂ થયું 'લેટર વોર'?

લાંભા વોર્ડ હંમેશાથી રાજકીય રીતે સંવેદનશીલ રહ્યો છે. અહીં ઉદ્યોગોનું પ્રમાણ વધુ હોવાથી આર્થિક હિતો પણ જોડાયેલા હોય છે. રાહુલ માટિયા જ્યારે કોંગ્રેસમાં હતા ત્યારે પણ ચર્ચામાં રહેતા હતા, પરંતુ ભાજપમાં આવ્યા બાદ તેમને ટિકિટ મળે તેવી પ્રબળ શક્યતાઓને જોતા 'જૂના જોગીઓ' મેદાને પડ્યા હોય તેવું લાગી રહ્યું છે.

સ્થાનિક કાર્યકરોનો ગણગણાટ

» 'પક્ષ શિસ્તબદ્ધ છે, પણ આયાતી નેતાઓ જો કાર્યકરો પર હાવી થશે અને ઉઘરાણાની રાજનીતિ કરશે તો અમે ચૂપ નહીં બેસીએ.'

» – નામ ન આપવાની શરતે એક સ્થાનિક અગ્રણી

» રાહુલ માટિયાનું વલણ બીજી તરફ, રાહુલ માટિયાના સમર્થકો આ પત્રને 'રાજકીય ષડયંત્ર' ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે વધતી લોકપ્રિયતાથી ડરીને વિરોધીઓ પાયાવિહોણા આક્ષેપો કરી રહ્યા છે.

ભાજપ હાઈકમાન્ડ મૂંઝવણમાં?

આ લેટર વોરની નકલ પ્રદેશ પ્રમુખ અને સંગઠનના ઉચ્ચ હોદ્દેદારો સુધી પહોંચી હોવાનું મનાય છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ 'ક્લીન ઈમેજ' જાળવવા માટે માટિયાનું પત્તું કાપે છે કે પછી આ વિરોધને દબાવીને તેમને જ મેદાને ઉતારે છે.

પાક્કો ગુજરાતનો સવાલ: શું લાંભામાં 'આયાતી' નેતા સામેનું આ યુદ્ધ ભાજપને નુકસાન કરાવશે?

તાજા સમાચાર માટે જોડાયેલા રહો પાક્કો ગુજરાત સાથે.

# AMCમાં મોટા ફેરબદલના એંધાણ: કોના પત્તા કપાશે અને કોની લાગશે લોટરી?

## વોર્ડમાં વિકાસના કામો ઠપ્પ છે અથવા જેમના વિસ્તારમાં જનતામાં ભારે રોષ છે

• અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કોરિડોરમાં અત્યારે એક જ ચર્ચા છે: 'હવે કોનો વારો?' ગાંધીનગરથી મળતા સંકેતો મુજબ, આગામી સમયમાં સંગઠન અને સત્તાના માળખામાં ધરખમ ફેરફારો થવા જઈ રહ્યા છે. 'નો રિપીટ થિયરી' ના પવન વચ્ચે અનેક દિગ્ગજોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે.પત્તા કપાવવાના મુખ્ય કારણો * કામગીરીનો રિપોર્ટ કાર્ડ: જેમના વોર્ડમાં વિકાસના કામો ઠપ્પ છે અથવા જેમના વિસ્તારમાં જનતામાં ભારે રોષ છે, તેમનું પત્તું કપાવું નક્કી મનાય છે. * વય મર્યાદા અને નવા ચહેરા: પક્ષ હવે 70 પ્લસની ફોર્મ્યુલા અથવા લાંબા સમયથી એક જ પદ પર ચીપકી રહેલા નેતાઓને સ્થાને યુવા લોહીને તક આપવા માંગે છે. *આંતરિક જૂથબંધી: જે નેતાઓ જૂથબંધીમાં વધુ વ્યસ્ત છે અને સંગઠનના આદેશોને નેવે મૂકે છે, તેમની વિદાય નિશ્ચિત જણાય છે. કોના પર લટકતી તલવાર? ગાંધીનગરનો 'ગુપ્ત' સર્વે સૂત્રોના




જણાવ્યા અનુસાર, પ્રદેશ નેતાગીરીએ અમદાવાદના તમામ 48 વોર્ડનો ગુપ્ત સર્વે કરાવ્યો છે. આ સર્વેમાં મુખ્યત્વે ભ્રષ્ટાચારના આક્ષેપો, લોકસંપર્કનો અભાવ અને વહીવટી પકડ જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવ્યું છે. જે નેતાઓ આ કસોટીમાં 'નાપાસ' થયા છે, તેમના નામ પર લાલ પેન ફેરવી દેવામાં આવી છે. નવા લોહીનો સૂર્યોદય? પક્ષ આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ક્લીન ઈમેજ ધરાવતા, ભણેલા-ગણેલા અને ટેકનો-સેવી યુવાનોને આગળ કરવા માંગે છે. ખાસ કરીને પશ્ચિમ અમદાવાદના પોશ વિસ્તારોમાં નવા સમીકરણો જોવા મળી શકે છે. » 'સત્તા પરિવર્તન એ કુદરતનો અને હવે પક્ષનો પણ નિયમ બની ગયો છે. જે પરફોર્મ કરશે એ જ ટકશે, બાકીનાએ ઘરભેગા થવાની તૈયારી રાખવી પડશે.' » – રાજકીય વિશ્લેષક, 'પાક્કો ગુજરાત' હવે જોવાનું એ રહેશે કે જ્યારે લિસ્ટ બહાર આવશે ત્યારે કેટલાના 'પત્તા' સાફ થાય છે અને કોના 'નસીબ' ખુલે છે!.

# રફતારનો રાક્ષસ: 140ની સ્પીડ, હાથમાં સિગારેટ અને ચાર મિત્રોનો કરૂણ અંત!

• અમદાવાદ | પાક્કો ગુજરાત ન્યૂઝ

શું તમારી એક પળની મોજ તમારા પરિવારના આજીવન રડવાનું કારણ બની શકે? ઉદયપુર હાઈવે પર બનેલી એક કમકમાટીભરી ઘટનાએ સમગ્ર ગુજરાતને હચમચાવી દીધું છે. ગુજરાતના ચાર આશાસ્પદ યુવાનો, જેઓ હસતા-રમતા ઘરેથી નીકળ્યા હતા, આજે તેમનું અસ્તિત્વ માત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડિયોમાં કેદ થઈ ગયું છે.

ઘટનાની વિગત: સ્પીડોમીટર 140 અને પછી સર્જાયું મોતનું તાંડવવાયરલ થયેલા કથિત વિડિયોમાં જોઈ શકાય છે કે, ગાડી ચલાવનાર યુવાનના એક હાથમાં સિગારેટ છે અને બીજા હાથે સ્ટેયરીંગ સંભાળ્યું છે. કારમાં જોરશોરથી સંગીત વાગી રહ્યું છે અને સ્પીડોમીટરનો કાંટો 140 કિમી/કલાકની ઝડપને પાર કરી રહ્યો છે. * ખતરનાક કરામત: રોડની ગંભીરતા સમજવાને બદલે યુવાનો પૂરઝડપે ગાડી ચલાવી વિડિયો બનાવી રહ્યા હતા. * મોતનો મુકામ: ગણતરીની સેકન્ડોમાં જ ગેરજવાબદાર ડ્રાઈવિંગને કારણે ગાડી પરનો કાબૂ ગુમાવ્યો અને ચારેય યુવાનોનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું. કરુણતાની પરાકાષ્ઠા: સ્કૂટી ગીરવી મૂકી કાર ભાડે લીધી હતી સૌથી વધુ ચોંકાવનારી વાત તો એ સામે આવી છે કે, આ યુવાનો પાસે પોતાની કાર નહોતી. રફતારનો આનંદ માણવા અને શોખ પૂરા કરવા માટે તેમણે પોતાનું સ્કૂટી ગીરવી મૂક્યું હતું અને તેમાંથી મળેલા પૈસાથી કાર ભાડે લીધી હતી. કોને ખબર હતી કે આ ભાડે લીધેલી કાર તેમને સ્મશાન સુધી લઈ જશે? » 'યુવાનીનો જોશ જ્યારે હોશ ખોઈ બેસે છે, ત્યારે આવા જ માઠા પરિણામો આવે છે. તમારી ઘરે કોઈ રાહ જોઈ રહ્યું છે, એ વાત ક્યારેય ન ભૂલવી જોઈએ.'

» પાક્કો ગુજરાત ન્યૂઝની અપીલ: તમારી રફતાર, તમારી જિમ્મેદારી ટ્રાફિક નિયમો એ માત્ર દંડ ભરવા માટે નથી, પણ તમારો જીવ બચાવવા માટે છે. આ ઘટના દરેક વાહનચાલક માટે લાલબત્તી સમાન છે: * ઝડપની મર્યાદા: હાઈવે પર નિર્ધારિત સ્પીડમાં જ વાહન ચલાવો. * ધ્યાન ભંગ ન કરો: ડ્રાઈવિંગ કરતી વખતે મોબાઈલ, સિગારેટ કે અન્ય નશાથી દૂર રહો.

# ડભોઇ-કરજણ ટ્રેન આવતીકાલ તા.5 રવિવાર થી ફરી પાટા પર દોડશે



• ફકીરા ખત્રી ડભોઈ

મીડિયાના અહેવાલની ધારદાર અસર: ડભોઈ-કરજણ ટ્રેન આવતીકાલ તા.5/4/26 રવિવાર થી ફરી પાટા પર દોડશે ડભોઈ છેલ્લા સાત વર્ષની લાંબી પ્રતિક્ષા બાદ શરૂ થયેલી અને ઉદ્ઘાટન બાદ તરત જ બંધ કરી દેવાયેલી ડભોઈ-કરજણ-પ્રતાપનગર ટ્રેન સેવા આવતી કાલ રવિવાર થી ફરી પૂર્વવત થવા જઈ રહી છે. મીડિયામાં આ અંગેના અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ રેલવે તંત્ર સફાળું જાગ્યું છે અને જનતાની હાલાકીને ધ્યાને લઈને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે સમયગાળો: ટ્રેન અઠવાડિયામાં ૬ દિવસ દોડશે રજાનો દિવસ: દર શનિવારે ટ્રેન સેવા બંધ રહેશે રૂટ આ ટ્રેન ડભોઈથી કરજણ અને પ્રતાપનગર સુધી કાર્યરત રહેશેશરૂઆત: આવતીકાલે રવિવારથી ટ્રેન ફરીથી દોડતી થશે.લોકપ્રતિનિધિઓના પ્રયાસો રંગ લાવ્યા ઉદ્ઘાટન બાદ ટ્રેન અચાનક બંધ કરી દેવાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ કોંગ્રેસ તૈયાર :શ્રી અમિત ચાવડા

# સ્થાનિક સ્તરે જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે :શ્રી અમિત ચાવડા

રાજીવ ગાંધી ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ વિશેષ પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ ચૂંટણી સંકલન સમિતિની બેઠક મળી હતી. આ બેઠક દરમિયાન તમામ મુદ્દાઓ પર ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને યુવા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવે, ગુનાહીત ઈતિહાસ ધરાવતા લોકોને ચૂંટણીમાં ટિકિટ નહીં આપવા માટેની ચર્ચા થઈ હતી. સ્થાનિક સ્તરે જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે, જેના ભાગ સ્વરૂપે સમગ્ર ગુજરાતના તમામ તાલુકા, જિલ્લા અને શહેરોમાં પ્રદેશના નિરીક્ષકની ઉપસ્થિતિમાં ઉમેદવારોને સાંભળવામાં આવ્યા છે. સ્થાનિક




ચૂંટણી સમિતિઓ સાથે જિલ્લા પ્રમુખશ્રીઓ, તાલુકા પ્રમુખશ્રીઓ અને પ્રભારીશ્રીઓએ વિસ્તૃતમાં એક એક સીટની છણાવટ સાથે ચર્ચાઓ કરી છે.

મહા નગરપાલિકાઓ માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી છે. હાલમાં લગભગ નવ મહાનગરપાલિકાઓની ઉમેદવારોની પેનલ અને આખરી યાદીઓ મળી છે. આ તમામ પેનલો પર વિસ્તૃત ચર્ચા અને સઘન ચકાસણી કરવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આવતીકાલે (05/04/2026) ના રોજ પ્રથમ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવશે. આગામી ચાર દિવસ (4, 5, 6 અને 7 એપ્રિલ) દરમિયાન તબક્કાવાર રીતે ગુજરાતના તમામ જિલ્લાઓના પ્રતિનિધિઓ અને આગેવાનોની રજૂઆત સાંભળવામાં આવશે. જિલ્લાઓ દ્વારા મોકલવામાં આવેલી ઉમેદવારોની પેનલો પર ચર્ચા કરીને, યોગ્ય ચકાસણી બાદ ઉમેદવારોની યાદીને આખરી સ્વરૂપ આપવામાં આવશે.

શ્રી અમિતભાઈ ચાવડાના હસ્તે કઠલાલના પૂર્વ APMC ચેરમેન હસમુખભાઈ ગુલાબસિંહ પરમાર, ઈન્દ્રવદનભાઈ પરમાર-ચેરમેન, દૂધ મંડળી, રમેશભાઈ બુધાભાઈ પરમાર - પૂર્વ ચેરમેન દૂધ મંડળી, મનુભાઈ બાબુભાઈ સોલંકી- સમાજ અગ્રણી સહિતી રાજ્યના 100 થી વધુ વિવિધ સહકારી ક્ષેત્રનાં સામાજિક તથા રાજકીય આગેવાનો કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા.

# નાથુરામ ગોડસે: એક વિવાદાસ્પદ જીવનની સફર અને તે ઐતિહાસિક 'ગાંધી વધ'

• વિશેષ લેખ: પવન માકન (એડિટર, પાક્કો ગુજરાત)

ભારતીય ઈતિહાસના પાનાઓમાં ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮નો દિવસ એક કાળા અક્ષરે લખાયેલો દિવસ છે. આ એ દિવસ હતો જ્યારે નવી દિલ્હીના બિરલા હાઉસમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાના કેન્દ્રમાં જે નામ હતું, તે નામ આજે પણ ભારતીય રાજનીતિ અને ઈતિહાસમાં ભારે વિવાદ અને ચર્ચાનો વિષય બને છે - નાથુરામ વિનાયક ગોડસે.

શરૂઆતનું જીવન અને વિચારધારા

નાથુરામ ગોડસેનો જન્મ ૧૯ મે, ૧૯૧૦ના રોજ મહારાષ્ટ્રના પુણે જિલ્લાના બારામતીમાં થયો હતો. એક સામાન્ય ચિત્પાવન બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા નાથુરામનું પ્રારંભિક જીવન ધાર્મિક અને પરંપરાગત વાતાવરણમાં વીત્યું હતું.

શરૂઆતના દિવસોમાં ગોડસે ગાંધીજીના અહિંસાના વિચારોથી પ્રભાવિત હતા અને તેમણે સવિનય કાનૂન ભંગની લડતમાં પણ ભાગ લીધો હતો. જોકે, સમય જતાં તેમનો મોહભંગ થયો. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને બાદમાં હિન્દુ મહાસભા સાથે જોડાયા. વીર સાવરકરના પ્રખર હિન્દુત્વના વિચારોએ ગોડસેના માનસપટલ પર ઊંડી છાપ છોડી હતી.

ગાંધીજી સાથેનો વૈચારિક સંઘર્ષ




ગોડસેના મનમાં ગાંધીજી પ્રત્યેના રોષના મુખ્ય ત્રણ કારણો હતા:

૧. ફાળવણી અને ભાગલા: ગોડસેનું માનવું હતું કે ભારત દેશના ભાગલા અને પાકિસ્તાનના નિર્માણ માટે ગાંધીજી જવાબદાર હતા.

૨. તુષ્ટિકરણની નીતિ: ગોડસેને લાગતું હતું કે ગાંધીજીની નીતિઓ હંમેશા મુસ્લિમ સમુદાયના પક્ષમાં રહેતી હતી, જેનાથી હિન્દુઓના હિતોને નુકસાન થતું હતું.

૩. ૫૫ કરોડની રકમ: ભાગલા બાદ પાકિસ્તાનને આપવાના થતા ૫૫ કરોડ રૂપિયા રોકવા માટે ભારત સરકારે નિર્ણય લીધો હતો, પરંતુ ગાંધીજીએ આ રકમ ચૂકવવા માટે આમરણાંત ઉપવાસ કર્યા હતા. ગોડસે માટે આ ઘટના 'છેલ્લો ઘા' સાબિત થઈ.

તે ઐતિહાસિક ઘટના: ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮

સાંજના પાંચ વાગ્યાની પ્રાર્થના સભાનો સમય હતો. દિલ્હીના બિરલા ભવનમાં ગાંધીજી મનુ અને આભાના ખભા પર હાથ ટેકવીને આગળ વધી રહ્યા હતા. ત્યારે ભીડમાંથી ખાખી જેકેટ પહેરેલો નાથુરામ ગોડસે આગળ આવ્યો. તેણે ગાંધીજીના ચરણસ્પર્શ કરવાનો દેખાવ કર્યો અને અચાનક પોતાની સેમી-ઓટોમેટિક બેરેટા પિસ્તોલ કાઢીને ગાંધીજી પર ત્રણ ગોળીઓ ચલાવી. 'હે રામ'ના છેલ્લા શબ્દો સાથે ગાંધીજીએ દેહત્યાગ કર્યો.

અદાલતી કાર્યવાહી અને અંતિમ નિવેદન

ગાંધીજીની હત્યા બાદ ગોડસે ભાગ્યો નહીં, પણ આત્મસમર્પણ કર્યું. લાલ કિલ્લા પર ચાલેલા કેસ દરમિયાન તેણે અદાલતમાં કલાકો સુધી નિવેદન આપ્યું હતું, જે પાછળથી 'મેં ગાંધીને કેમ માર્યા?' (Why I Assassinated Mahatma Gandhi) પુસ્તક તરીકે જાણીતું થયું.

અદાલતમાં તેણે દલીલ કરી હતી કે:

» 'મેં કોઈ વ્યક્તિની હત્યા નથી કરી, પરંતુ તે વિચારની હત્યા કરી છે જે દેશને નબળો પાડી રહ્યો હતો.'» ન્યાયાધીશ આત્માચરણ અગ્રવાલે ૮ નવેમ્બર, ૧૯૪૯ના રોજ નાથુરામ ગોડસે અને તેના સાથી નારાયણ આપ્ટેને ફાંસીની સજા સંભળાવી. ૧૫ નવેમ્બર, ૧૯૪૯ના રોજ અંબાલા જેલમાં બંનેને ફાંસી આપવામાં આવી.

વિવાદનું મૂળ

હુમાયુ કબીરનો 'બુર્ખા' કાર્ડ

# બંગાળમાં ૨૦૨૬નું 'ધર્મયુદ્ધ' શરૂ: 'બુર્ખા' પર ટીએમસી-ભાજપ આમને-સામને, નવનીત રાણાનો રૌદ્ર અવતાર

## શું કોઈ પદ સાથે ધાર્મિક પહેરવેશને જોડવો એ લોકશાહીનું અપમાન નથી?

• [ કોલકાતા/મહારાષ્ટ્ર ડેસ્ક]

પશ્ચિમ બંગાળની ભૂમિ પર રાજકીય લોહી ઉકળવા માંડ્યું છે. ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીને હજુ સમય છે, પણ નિવેદનબાજીએ અત્યારથી જ આખા દેશનું ધ્યાન ખેંચ્યું છે. ટીએમસી નેતા હુમાયુ કબીરના એક 'બુર્ખા' વાળા નિવેદને એવી ચિનગારી ચાંપી છે કે ભાજપની 'શેરની' ગણાતી નવનીત રાણાએ મેદાને આવીને હુમાયુ કબીરની સાત પેઢીને પડકાર ફેંકી દીધો છે.

બંગાળના મુર્શિદાબાદમાં એક જાહેર સભાને સંબોધતા ટીએમસી નેતા હુમાયુ કબીરે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'બંગાળમાં ટૂંક સમયમાં જ એવો દિવસ આવશે જ્યારે બુર્ખા પહેરેલી મુસ્લિમ મહિલા રાજ્યની મુખ્યમંત્રી બનશે.' આ નિવેદનને ભાજપે બંગાળમાં 'તુષ્ટિકરણ' અને 'ઈસ્લામીકરણ'ના એજન્ડા તરીકે જોયું અને વળતો પ્રહાર શરૂ કર્યો.

નવનીત રાણાનો લલકાર: 'આ રામની ધરતી છે, મક્કા-મદીના નથી'

હુમાયુ કબીરના નિવેદન પર પૂર્વ સાંસદ નવનીત રાણાએ જે રીતે પલટવાર કર્યો છે, તેણે બંગાળથી મહારાષ્ટ્ર સુધી રાજકીય ગરમાવો વધારી દીધો છે. નવનીત રાણાએ અત્યંત આક્રમક અંદાજમાં કહ્યું:

* સાત પેઢી સુધીનો પડકાર: 'હુમાયુ કબીર સાંભળી લે, તારી સાત પેઢીઓ પણ જમીન પર ઉતરી આવશે ને, તો પણ બંગાળમાં બુર્ખા પહેરેલી સીએમ ક્યારેય નહીં બેસી શકે. આ ભારત છે અને અહીં ભારતીય સંસ્કૃતિનો જ વિજય થશે.'

* બંધારણનો હવાલો: રાણાએ ઉમેર્યું કે, 'આ દેશ બાબા સાહેબ આંબેડકરના બંધારણથી ચાલે છે, કોઈના અંગત ધાર્મિક એજન્ડાથી નહીં. ભારત ભગવાન રામની ધરતી છે અને અહીં સત્તા પર એ જ બેસશે જે ૧૪૦ કરોડ ભારતીયોનું




પ્રતિનિધિત્વ કરશે.'

* કબ્ર માટે જમીન નહીં મળે: રાણાએ સૌથી વિવાદાસ્પદ પ્રહાર કરતા ચેતવણી આપી કે, 'જો હિન્દુઓ અને ભારત વિરુદ્ધ આ રીતે જ ઝેર ઓકતા રહેશો, તો યાદ રાખજો કે ભવિષ્યમાં તમને દફનાવવા માટે બે ગજ જમીન (કબ્ર) પણ નસીબ નહીં થાય.'

૨૦૨૬ની ચૂંટણીમાં 'પોલરાઈઝેશન'નો ખેલ

નિષ્ણાતો માની રહ્યા છે કે ૨૦૨૬ની ચૂંટણીમાં વિકાસના મુદ્દાઓ ગૌણ બની જશે.

* TMCનો દાવ: મુસ્લિમ વોટ બેંકને સુરક્ષિત રાખવા અને લઘુમતીઓમાં જોશ ભરવા હુમાયુ કબીર જેવા નેતાઓ આક્રમક બની રહ્યા છે.

* BJPની રણનીતિ: ભાજપ હિન્દુ મતોના ધ્રુવીકરણ માટે નવનીત રાણા જેવા ફાયરબ્રાન્ડ નેતાઓને મેદાનમાં ઉતારી 'બંગાળ બચાવો'ના નારા સાથે હિન્દુત્વના એજન્ડાને ધાર આપી રહી છે.

પાક્કો ગુજરાત પ્રશ્ન:

શું કોઈ પદ સાથે ધાર્મિક પહેરવેશને જોડવો એ લોકશાહીનું અપમાન નથી? શું હુમાયુ કબીરનું નિવેદન બંગાળમાં અશાંતિ ફેલાવવાનું ષડયંત્ર છે? અને શું નવનીત રાણાનો આ આક્રમક મિજાજ ભાજપને બંગાળમાં સત્તા અપાવશે?

તમારો અભિપ્રાય કોમેન્ટમાં જરૂર જણાવો.

અહેવાલ: 'પાક્કો ગુજરાત' ન્યૂઝ ટીમ

(સત્યની સાથે, જનતાની પાસ)

ભારતીય ન્યાયતંત્ર સ્પષ્ટ માને છે કે લગ્ન એ ગુલામી નથી

# સંબંધોની બદલાતી તાસીર: હવે 'પડ્યા પાના નિભાવવા'નો યુગ આથમી રહ્યો છે?

બદલાતી તાસીર

સ્ત્રીઓ હવે પગભર થઈ છે, જેના કારણે તે હવે અનિચ્છનીય કે કડવા સંબંધોમાં કેદ રહેવા તૈયાર નથી

• ખાસ અહેવાલ: પાક્કો ગુજરાત ન્યૂઝ

ગઈકાલ સુધી જે 'સામાજિક પાપ' ગણાતું હતું, તે આજે કાયદાની નજરમાં ગુનો નથી. સુપ્રીમ કોર્ટે જ્યારે એડલ્ટરી (વ્યભિચાર)ને ગુનાની શ્રેણીમાંથી બહાર કાઢ્યો, ત્યારથી સમાજમાં એક નવી જ ચર્ચા છેડાઈ છે. વયસ્કો વચ્ચે પરસ્પર સંમતિથી બનેલા સંબંધોમાં જો કોઈ એક પાત્ર પરિણીત હોય, તો પણ તે જેલની સજાને પાત્ર નથી. પણ શું કાયદાની આ છૂટછાટ સામાજિક મૂલ્યોના પતનનો સંકેત છે?

આઝાદી કે મર્યાદાનું ઉલ્લંઘન?

એક સમય હતો જ્યારે સ્ત્રીઓ 'પડ્યા પાના નિભાવવા'માં જ જીવનની સાર્થકતા સમજતી હતી. ગમે તેવો પતિ હોય કે ગમે તેવા ત્રાસ




હોય, 'સાત જન્મોનો સાથ' સમજીને બધું સહન કરી લેતી. પણ આજે ચિત્ર બદલાયું છે:

* આર્થિક આઝાદી: સ્ત્રીઓ હવે પગભર થઈ છે, જેના કારણે તે હવે અનિચ્છનીય કે કડવા સંબંધોમાં કેદ રહેવા તૈયાર નથી.

* વ્યક્તિગત સુખની શોધ: જો પતિ સાથે સુમેળ ન હોય, તો સ્ત્રીઓ હવે પોતાની લાગણીઓ અને જરૂરિયાતોને મહત્વ આપીને બીજા વ્યક્તિ તરફ આકર્ષાય છે અને તેને પોતાની 'સ્વતંત્રતા' ગણાવે છે.

* સોશિયલ મીડિયા અને એક્સપોઝર: આધુનિક યુગમાં પરપુરુષ સાથેના સંપર્કો વધતા 'એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ'માં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે.

કાયદો શું કહે છે?

ભારતીય ન્યાયતંત્ર સ્પષ્ટ માને છે કે લગ્ન એ ગુલામી નથી. જો બે વયસ્કો સંમતિથી સંબંધ બાંધે, તો રાજ્ય તેમાં દખલ ન કરી શકે. જોકે, આ સંબંધો હજુ પણ છૂટાછેડા (Divorce) માટે મજબૂત આધાર બની શકે છે, પરંતુ તે બદલ હવે જેલની સજા થઈ શકતી નથી.

સમાજ કઈ તરફ જઈ રહ્યો છે?

શું સ્ત્રીઓની આ વધતી આઝાદી લગ્ન સંસ્થાને નબળી પાડી રહી છે? કે પછી તે વર્ષોથી દબાયેલી સ્ત્રીની મુક્તિનો માર્ગ છે? આ પ્રશ્નનો જવાબ બેધારી તલવાર જેવો છે.

» 'જે સંબંધમાં પ્રેમ અને આદર ન હોય, તેને પરાણે ખેંચવાને બદલે લોકો હવે નવો રસ્તો પસંદ કરી રહ્યા છે. પણ શું આ રસ્તો પરિવાર અને સંતાનોના ભવિષ્ય માટે સુરક્ષિત છે?'

»

પાક્કો ગુજરાતનો અભિપ્રાય

સાચું કે ખોટું તે નક્કી કરવાનો હક સમાજ અને સમયનો છે. પરંતુ એટલું ચોક્કસ છે કે, ભારતીય લગ્નજીવનની પવિત્રતા અને 'તમે ગમે તેવા હો, હું તમારી સાથે જ રહીશ' વાળો યુગ હવે ધીમે ધીમે અસ્ત થઈ રહ્યો છે. આધુનિકતાના આ પ્રવાહમાં 'પરિવાર' નામની સંસ્થા જોખમમાં છે કે વધુ મજબૂત બની રહી છે, તે આવનારો સમય જ કહેશે.

# જ્યારે સંસદમાં ગુંજતો અવાજ દીકરીના ન્યાય માટે મૌન બની જાય ત્યારે

• લેખક: પવન માકન (એડિટર, પાક્કો ગુજરાત)

ભારતીય લોકશાહીના સૌથી પવિત્ર મંદિર એટલે કે સંસદમાં આજે મહિલાઓનું પ્રતિનિધિત્વ વધી રહ્યું છે, જે દરેક દેશવાસી માટે ગર્વની વાત છે. નારી શક્તિના સન્માનની વાતો મંચ પરથી ગુંજે છે, પણ જ્યારે ગલી-મહોલ્લાની કોઈ દીકરી પર આફત આવે છે, ત્યારે એ ગર્વ ક્યાંક ઓગળી જતો દેખાય છે. આજે સવાલ એ છે કે જો સંસદમાં બેઠેલી મહિલા શક્તિ એક દીકરીના આંસુ લૂછી ન શકે, તો એ ગર્વનો અર્થ શું?

ગર્વ છે, પણ અધૂરો છે!

આપણને ગર્વ છે કે મહિલાઓ દેશના કાયદા ઘડે છે, નીતિઓ નક્કી કરે છે. પણ જ્યારે ન્યાય માટે એક દીકરીને રસ્તા પર એકલી લડવું પડે, ત્યારે એ ગર્વ અધૂરો લાગે છે.

* સવાલ: શું સંસદની ખુરશીઓ દીકરીની ચીસ સાંભળવા માટે બહેરી થઈ ગઈ છે?

* વાસ્તવિકતા: સંસદમાં મહિલાઓની હાજરી માત્ર આંકડો નથી, તે એક આશા છે. પણ જ્યારે




ન્યાયની વાત આવે ત્યારે 'રાજકીય મૌન' કેમ છવાઈ જાય છે?

હવે મૌન નહીં, અવાજ બનવો પડશે

દીકરી જ્યારે રડે છે, ત્યારે આખું આકાશ ધ્રૂજી ઉઠવું જોઈએ. પણ અફસોસ કે અત્યારે શાંતિ છવાયેલી છે. આ શાંતિ ખતરનાક છે. જો આજે આપણે અવાજ નહીં ઉઠાવીએ, તો આવતીકાલે કોઈ દીકરી સુરક્ષિત નહીં અનુભવે.

» 'સંસદમાં મહિલાઓ છે... પણ ન્યાય માટેની લડતમાં એ પ્રખર અવાજ ક્યાં છે?'

»

સમય આવી ગયો છે બોલવાનો!

ન્યાય માટે કોઈને એકલા લડવું પડે, તે સભ્ય સમાજ માટે કલંક છે. 'પાક્કો ગુજરાત' આજે દરેક નાગરિકને આ સવાલ પૂછવા મજબૂર કરે છે. આ લડત કોઈ પક્ષની નથી, આ લડત કોઈ વ્યક્તિની નથી, આ લડત છે આપણી દીકરીઓના અસ્તિત્વ અને સન્માનની.

નિષ્કર્ષ:

ગર્વ ચોક્કસ કરો, પણ એ ગર્વ ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે સંસદમાં બેઠેલી શક્તિઓ રસ્તા પર લડતી દીકરીના પક્ષમાં ઉભી રહેશે. હવે માત્ર વાતો નહીં, પરિણામ જોઈએ. મૌન તોડવાનો સમય આવી ગયો છે.

સજાગ બનો, સવાલ પૂછો!

# સંસ્કારી ભારતમાં 'Gleeden'નો વિસ્ફોટ 40 લાખ લોકોએ વફાદારી નેવે મૂકી!

## પતિ, પત્ની અને ' વો ': લગ્નજીવનના પાયા હચમચાવતા આંકડા!

• અમદાવાદ: પવન માકન (ગ્રુપ એડિટર )

જે દેશમાં લગ્નને સાત જન્મોનો પવિત્ર બંધન માનવામાં આવે છે, ત્યાં હવે 'એક્સ્ટ્રા મેરિટલ અફેર' (લગ્નેતર સંબંધો)નું દુષણ ઉધઈની જેમ પેસી ગયું છે. લગ્નેતર સંબંધો માટેની વિવાદાસ્પદ ડેટિંગ એપ 'Gleeden' એ ભારતમાં 40 લાખ યુઝર્સનો આંકડો પાર કરીને સામાજિક ચિંતકોની ઊંઘ ઉડાડી દીધી છે.

કયા શહેરમાં કેટલું 'પાપ'? આ આંકડાઓ માત્ર સંખ્યા નથી, પણ બદલાતી જતી સામાજિક માનસિકતાનો પુરાવો છે. *બેંગલુરુ:સૌથી વધુ 18% યુઝર્સ સાથે આ યાદીમાં ટોચ પર છે. * હૈદરાબાદ અને દિલ્હી: બીજા અને ત્રીજા નંબરે આ શહેરોમાં સંબંધોની મર્યાદાઓ તૂટી રહી છે. *મુંબઈ:આર્થિક રાજધાનીમાં પણ આ ટ્રેન્ડ જોર પકડી રહ્યો છે. * નાના શહેરો: હવે આ રોગ માત્ર મેટ્રો સિટી પૂરતો મર્યાદિત નથી, ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં પણ છૂપા સંબંધોનો ક્રેઝ વધ્યો છે. મહિલાઓની સંખ્યામાં તોતિંગ ઉછાળો સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ એપ પર માત્ર પુરુષો જ નહીં, પણ 35% મહિલાઓ પણ એક્ટિવ છે. સ્ત્રીઓમાં આ એપનો વપરાશ જે ગતિએ વધી રહ્યો છે, તે જોતાં કહી શકાય કે પારિવારિક માળખામાં ક્યાંક મોટું ગાબડું પડ્યું છે.

કયા સમયે ચાલે છે 'લફરાં'? રિપોર્ટ મુજબ, યુઝર્સ આ એપ પર બે ખાસ સમયે સૌથી વધુ સક્રિય હોય છે: * બપોરે 12 થી 3: જ્યારે પતિ ઓફિસે હોય અથવા ઘરના કામમાંથી નવરાશ મળે. * રાત્રે 10 વાગ્યા પછી: જ્યારે દુનિયા સૂઈ જાય છે, ત્યારે આ છૂપા સંબંધોનો ખેલ શરૂ થાય છે.» "લગ્નેતર સંબંધો હવે માત્ર ફિલ્મો પૂરતા સીમિત નથી રહ્યા, મોબાઈલની એક ક્લિક પર 'વો' ઉપલબ્ધ છે. શું આ આધુનિકતા છે કે નૈતિક પતન?" » કેમ વધી રહ્યો છે આ ટ્રેન્ડ? * ડિજિટલ ગોપનીયતા: એપ્સ દ્વારા મળતી ખાનગી રહેવાની સુવિધા. * એકલતા: લગ્નજીવનમાં સાથ-સહકારનો અભાવ. * નવીનતાની શોધ: એકધારા જીવનથી કંટાળીને લોકો 'રોમાંચ' શોધી રહ્યા છે.પાક્કો ગુજરાત ન્યૂઝનો સવાલ: આંકડા તો આવી ગયા, પણ શું આપણે એક એવા સમાજ તરફ જઈ રહ્યા છીએ જ્યાં વિશ્વાસની કોઈ કિંમત નથી?

# હનીમૂન નહી, હરિનામ: નવદંપતીએ શણગાર છોડી ધારણ કરી પરિક્રમાની કંઠી!




• [ડેસ્ક ન્યૂઝ, પાક્કો ગુજરાત]

સામાન્ય રીતે લગ્ન પછી નવદંપતીઓ વિદેશના લોકેશન કે હિલ સ્ટેશન પર હનીમૂન મનાવવાની યોજના બનાવતા હોય છે. પરંતુ ગુજરાતના એક નવદંપતીએ આધુનિકતાના આ પ્રવાહથી ઉલટું જઈને ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો એવો દાખલો બેસાડ્યો છે, જે જાણીને તમારી આંખોમાં હર્ષના આંસુ આવી જશે. આ દંપતીએ હનીમૂન માટે કોઈ લક્ઝરી રિસોર્ટ નહીં, પરંતુ મા નર્મદાની ગોદ પસંદ કરી છે. ૩૫૦૦ કિલોમીટરની કપરી છતાં કલ્યાણકારી યાત્રા લગ્નના પવિત્ર બંધનમાં બંધાયા બાદ આ જોડાએ તરત જ ૩૫૦૦ કિલોમીટર લાંબી નર્મદા પરિક્રમા કરવાનો સંકલ્પ કર્યો. પરસેવો પાડતી ગરમી, કઠિન રસ્તાઓ અને ખુલ્લા પગે ચાલવાની આ સાધના એ માત્ર યાત્રા નથી, પણ તેમના લગ્નજીવનના પાયામાં સંસ્કાર સીંચવાનો એક અનોખો પ્રયાસ છે.

કોલેજના દિવસોમાં શરૂ થયેલી એક પ્રેમકથા આજે ખાખી વર્દીના સન્માન સાથે લગ્નમંડપ સુધી પહોંચી

# પ્રેમની અનોખી મિસાલ: પત્નીને IPS બનાવવા યુવકે છોડ્યો અભ્યાસ, આજે મળ્યું વફાદારીનું મીઠું ફળ!

• રાજકોટ/અમદાવાદ

કહેવાય છે કે દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે, પણ આજે ગુજરાતમાં એક એવી ઘટના સામે આવી છે જ્યાં એક સ્ત્રીની સફળતા પાછળ એક યુવકના અતૂટ પ્રેમ અને બલિદાનની ગાથા છુપાયેલી છે. કોલેજના દિવસોમાં શરૂ થયેલી એક પ્રેમકથા આજે ખાખી વર્દીના સન્માન સાથે લગ્નમંડપ સુધી પહોંચી છે.

સ્વપ્ન તેણીનું, સંઘર્ષ તેનો! વર્ષો પહેલા જ્યારે કોલેજના કેમ્પસમાં આ યુગલ મળ્યું, ત્યારે યુવતીએ પોતાની આંખોમાં એક સપનું સેવ્યું હતું - IPS ઓફિસર બનવાનું. આર્થિક પરિસ્થિતિ કે અન્ય કારણો



અવરોધ ન બને તે માટે તેના પ્રેમીએ એક મોટો નિર્ણય લીધો. તેણે પોતાનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો અને કમાવાનું શરૂ કર્યું, જેથી તે પોતાની પ્રેમિકાના ભણતરનો ખર્ચ ઉઠાવી શકે અને તેના સપનાને પાંખો આપી શકે.

» 'મેં મારો અભ્યાસ છોડ્યો કારણ કે મારે તેના સપનાને જીવતું રાખવું હતું. આજે જ્યારે તે IPS બનીને મારી સામે ઉભી રહી અને લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે મારો તમામ થાક ઉતરી ગયો.' – યુવકના શબ્દો » દરેક છોકરી સરખી નથી હોતી: વફાદારીની જીત સોશિયલ મીડિયા પર ઘણીવાર નકારાત્મક કિસ્સાઓ સાંભળવા મળતા હોય છે, પરંતુ આ કિસ્સો સમાજ માટે એક ઉદાહરણ છે. IPS ઓફિસર બન્યા બાદ પણ તે યુવતી પોતાની જૂની યાદો કે તે યુવકના ઉપકારને ભૂલી નથી. આજે તેણે જ સામેથી લગ્નનો પ્રસ્તાવ મૂકીને સાબિત કરી દીધું કે 'મારી રાણી વિશ્વાસુ નીકળી.' ટૂંક સમયમાં જ આ યુગલ લગ્નના બંધને બંધાવા જઈ રહ્યું છે. 'પાક્કો ગુજરાત' ની સમગ્ર ટીમ તરફથી આ નવદંપતીને આવનારા જીવન માટે ખૂબ ખૂબ શુભકામનાઓ અને આશીર્વાદ. તમારો પ્રેમ અને એકબીજા પ્રત્યેનો આદર કાયમ જળવાઈ રહે તેવી પ્રાર્થના.

# સલામ છે સકીના ખાનની બહાદુરીને: 4 વર્ષની બાળકીના ગુનેગારનો હિસાબ, 48 કલાકમાં ન્યાય!

### કપરા સમયે સબ-ઇન્સ્પેક્ટર સકીના ખાને જે રીતે કાર્યવાહી કરી, તેણે સાબિત કરી દીધું કે ખાખીમાં હજુ પણ 'ન્યાય' જીવંત છે

• સ્પેશિયલ રિપોર્ટ: પવન માકન (એડિટર, પાક્કો ગુજરાત)




જ્યારે સમાજમાં માનવતા મરી પરવારે અને પશુતા જાગી ઉઠે, ત્યારે રક્ષકની એક ત્રાડ આખા સમાજમાં વિશ્વાસ જગાડવાનું કામ કરે છે. 4 વર્ષની માસૂમ બાળકી સાથે થયેલું દુષ્કર્મ એ માત્ર કાયદાકીય ગુનો નહોતો, પણ માનવતાના હૃદય પર થયેલો ઘા હતો. આ કપરા સમયે સબ-ઈન્સ્પેક્ટર સકીના ખાને જે રીતે કાર્યવાહી કરી, તેણે સાબિત કરી દીધું કે ખાખીમાં હજુ પણ 'ન્યાય' જીવંત છે.

પોલીસિંગનો પાવર: માત્ર 2 દિવસમાં ખેલ ખતમ!

કહેવાય છે કે ન્યાયમાં વિલંબ એટલે ન્યાયનો ઈનકાર. પણ અહીં સકીના ખાને સ્પીડ, સચોટ બુદ્ધિ અને અતૂટ પ્રતિબદ્ધતાનો પરિચય આપ્યો.

* ઝડપ: માત્ર 2 જ દિવસમાં નરાધમ આરોપીને શોધી કાઢ્યો.

* નિષ્ઠા: રજા કે આરામની પરવા કર્યા વગર માસૂમને ન્યાય અપાવવાની જીદ.

* સંદેશ: ગુનેગારોમાં પોલીસનો ફફડાટ અને જનતામાં પોલીસ પ્રત્યેનો આદર.

એન્કાઉન્ટર અને કાયદો: સિક્કાની બે બાજુ

આ ઘટના બાદ થયેલી કાર્યવાહી અને એન્કાઉન્ટર મુદ્દે સોશિયલ મીડિયા બે ભાગમાં વહેંચાયેલું છે.

* જનતાનો અવાજ: ઘણા લોકો આને 'ઈન્સ્ટન્ટ ન્યાય' માનીને વધાવી રહ્યા છે. લોકોનું માનવું છે કે આવા નરાધમો માટે કાયદાકીય પ્રક્રિયાની લાંબી રાહ જોવી એ પીડિતાના જખમ પર મીઠું ભભરાવવા જેવું છે.

* કાયદાકીય દ્રષ્ટિકોણ: કેટલાક લોકો માને છે કે ન્યાય હંમેશા કોર્ટની પ્રક્રિયા હેઠળ જ મળવો જોઈએ જેથી લોકશાહીની મર્યાદા જળવાય.

પરંતુ, ચર્ચા ગમે તે હોય, એક વાત તો નક્કી છે કે સકીના ખાન જેવી નિડર અધિકારીની બહાદુરીએ ગુનેગારોના મનમાં ધ્રુજારી પેદા કરી દીધી છે.

આ ઘટનાથી મળતા 3 મોટા પાઠ:

* સુરક્ષા સર્વોપરી: મહિલાઓ અને ખાસ કરીને બાળકો માટે સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવી અનિવાર્ય છે.

* ખાખીનું ગૌરવ: જો પોલીસ દળમાં સકીના ખાન જેવા ઈમાનદાર અને નિડર અધિકારીઓ હોય, તો જનતા પોતે સુરક્ષિત અનુભવે છે.

* સામૂહિક અવાજ: સમાજ તરીકે આપણી પણ ફરજ છે કે આવા રાક્ષસી ગુનાઓ સામે મૌન રહેવાને બદલે અવાજ ઉઠાવીએ.

અંતિમ મંતવ્ય:

ન્યાય માત્ર કાગળ પર નહીં, પણ મેદાનમાં દેખાવો જોઈએ. સકીના ખાનની આ કાર્યવાહીએ સમગ્ર દેશના પોલીસ તંત્ર માટે એક મજબૂત ઉદાહરણ સેટ કર્યું છે. 'પાક્કો ગુજરાત' આવી મહિલા અધિકારીની કર્તવ્યનિષ્ઠાને બિરદાવે છે.વાચક મિત્રો, તમારું શું કહેવું છે? શું સકીના ખાનની આ કામગીરી અન્ય પોલીસ અધિકારીઓ માટે રોલ મોડેલ બનવી જોઈએ? તમારા મંતવ્યો નીચે કોમેન્ટ બોક્સમાં જરૂર જણાવશો.

**શ્રીમદ્ ભગવદ્ ગીતા** | વિષાદ એ જ્ઞાનની શરૂઆત છે આ અધ્યાયનું નામ 'અર્જુનવિષાદ યોગ' છે

# કુરુક્ષેત્ર થી મનક્ષેત્ર - જ્યારે દુનિયાનો શ્રેષ્ઠ યોદ્ધા હારી જાય!

**અર્જુન યુદ્ધ ન લડવા માટે કૃષ્ણને લાંબી લચક દલીલો આપે છે 'કૃષ્ણ, યુદ્ધથી કુળનો નાશ થશે**

• શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - ૧ (અર્જુનવિષાદ યોગ)

આપણે સૌ જીવનમાં ક્યારેક ને ક્યારેક એવા મોરચે આવીને ઊભા રહીએ છીએ જ્યાં રસ્તો દેખાતો બંધ થઈ જાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પ્રથમ અધ્યાય 'અર્જુનવિષાદ યોગ' માત્ર એક પૌરાણિક યુદ્ધની શરૂઆત નથી, પણ એ દરેક વ્યક્તિના મનમાં ચાલતા કુરુક્ષેત્રનો અરીસો છે.

કલ્પના કરો, જે યોદ્ધાએ આખી જિંદગી માત્ર માછલીની આંખ વીંધવા માટે તપસ્યા કરી હોય, જેનું નામ સાંભળીને શત્રુઓના લોહી થીજી જતાં હોય, એ જ મહાબાહુ અર્જુન યુદ્ધના મેદાનમાં ધ્રૂજવા લાગે છે! આ કોઈ સામાન્ય ડર નહોતો, આ એ ક્ષણ હતી જ્યારે એક 'પરફોર્મર' તેના જ ઈમોશન્સના ચક્રવ્યૂહમાં ફસાઈ જાય છે. ગીતાની શરૂઆત કોઈ શ્લોક કે મંત્રથી નથી થતી, પણ એક પ્રશ્ન અને એક વ્યક્તિના 'બ્રેકડાઉન' થી થાય છે. આ એવા માણસની વાર્તા છે જેની પાસે શક્તિ છે, શ્રેષ્ઠ શસ્ત્રો છે અને સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનો સાથ છે, છતાં તે અંદરથી ભાંગી પડે છે.



૧. અંધાપો માત્ર આંખનો નહીં, વિચારનો પણ હોય છે

ગીતાનો પ્રથમ શ્લોક રાજા ધૃતરાષ્ટ્ર બોલે છે 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ | મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ||'* ધૃતરાષ્ટ્ર માત્ર આંખે અંધ નહોતા, તે 'મોહ'માં અંધ હતા. આ શ્લોકમાં તેમણે 'મારા પુત્રો' (મામકાઃ) અને 'પાંડુના પુત્રો' એમ કહીને ભેદરેખા દોરી દીધી. આ 'મારું અને તારું' એ જ દુનિયાના તમામ ક્લેશનું મૂળ છે. જ્યારે વ્યક્તિ પક્ષપાત કરે છે, ત્યારે તે વિવેક ગુમાવી બેસે છે. આજના સમયમાં પણ આપણો સ્વાર્થ અને 'મારું-તારું' કરવાની વૃત્તિ જ આપણને સાચું જોતા રોકે છે.

૨. વિષાદ: જ્યારે 'એક્સપર્ટ' પણ એક્ઝિટ શોધે!

અર્જુન કોઈ સામાન્ય માણસ નહોતો, તે એ સમયનો 'સુપર હીરો' હતો. પણ જે ક્ષણે તેણે રથ પરથી સામે પક્ષે પોતાના જ સંબંધીઓને જોયા, તેની બધી જ ટેલેન્ટ શૂન્ય થઈ ગઈ. તેનું શરીર ધ્રૂજવા લાગ્યું, મોઢું સુકાઈ ગયું અને તેનું પ્રખ્યાત 'ગાંડીવ' ધનુષ હાથમાંથી સરી પડ્યું.

જેમ એક સર્જન ડોક્ટર પોતાના જ સંતાનનું ઓપરેશન કરતી વખતે ધ્રૂજી જાય છે, તેમ અર્જુન પણ ઈમોશનલ બ્લેકમેલિંગનો શિકાર બન્યો. જ્યારે લાગણીઓ બુદ્ધિ પર હાવી થઈ જાય, ત્યારે માણસ લકવાગ્રસ્ત (Paralyzed) થઈ જાય છે. આ સ્થિતિ દર્શાવે છે કે બહારથી ગમે તેટલા સક્ષમ હોઈએ, જો મન કાચું પડે તો બધું જ વ્યર્થ છે.

૩. બહાનાબાજીનું બ્રહ્માંડ

અર્જુન યુદ્ધ ન લડવા માટે કૃષ્ણને લાંબી લચક દલીલો આપે છે 'કૃષ્ણ, યુદ્ધથી કુળનો નાશ થશે, પાપ લાગશે, નરકમાં જવું પડશે.' આ સાચું જ્ઞાન નહોતું, આ અર્જુનનો ડર હતો. જ્યારે આપણે મહેનત નથી કરવી હોતી કે જોખમ નથી લેવું હોતું, ત્યારે આપણે 'ફિલોસોફી' અને 'લોજિક' પાછળ છુપાઈએ છીએ. ડરપોક માણસ હંમેશા પોતાની નબળાઈને 'શાંતિ' કે 'સંસ્કાર'નું મહોરું પહેરાવે છે.

આજના જીવન માટે મનોબળ જ સાચું શસ્ત્ર છે જો રથ પર કૃષ્ણ (બુદ્ધિ) બેઠા હોય, તો પણ જો અર્જુન (મન) હારી જાય તો યુદ્ધ જીતી શકાતું નથી. સફળતા માટે માત્ર સાધનો પૂરતા નથી, તમારું મનોબળ મજબૂત હોવું જોઈએ.

મોહ એ વિવેકનો શત્રુ છેઅર્જુન લડવા માટે અસમર્થ નહોતો, પણ તે 'સ્વજનો'ના મોહમાં ફસાયેલો હતો. સાચો પ્રેમ કર્તવ્ય નિભાવવામાં મદદ કરે, પાછળ ખેંચવામાં નહીં.

વિષાદ એ જ્ઞાનની શરૂઆત છે આ અધ્યાયનું નામ 'અર્જુનવિષાદ યોગ' છે. ગીતા આપણને શીખવે છે કે જ્યાં સુધી માણસનો અહંકાર અને તેની ખોટી દલીલો ભાંગીને ભૂકો ન થઈ જાય, ત્યાં સુધી પરમાત્માનું જ્ઞાન ઉતરવા માટે જગ્યા બનતી નથી. તમારું દુ:ખ પણ જો તમને સત્ય તરફ લઈ જાય, તો તે 'યોગ' બની જાય છે.

તમે ક્યાં છો?

અધ્યાય ૧ ના અંતે અર્જુન રથના પાછળના ભાગમાં બેસી જાય છે અને હથિયારો મૂકી દે છે. ભગવાન શ્રીકૃષ્ણ આ આખા અધ્યાયમાં એક પણ શબ્દ બોલતા નથી. તેઓ માત્ર શાંતિથી અર્જુનને સાંભળે છે.જો જીવનમાં અત્યારે અંધકાર છે, રસ્તો નથી મળતો અને તમે ભાંગી પડ્યા છો, તો ગભરાશો નહીં. તમે ગીતાના પ્રથમ અધ્યાયમાં છો. હવે તમારી બધી દલીલો બંધ થશે, ત્યારે જ કૃષ્ણનું જ્ઞાન શરૂ થશે. માર્ગદર્શન માટે પહેલા મૌન થવું અને સ્વીકારવું જરૂરી છે કે 'હું મૂંઝાયેલો છું.'

શું તમે પણ 'ગાંડીવ' છોડીને બેસી ગયા છો?...

(ક્રમશ: આગામી અધ્યાય ૨ માં ભગવાન શ્રીકૃષ્ણનું મૌન તૂટશે અને અર્જુનને આત્માનું એવું જ્ઞાન મળશે જે તેને કાયરતામાંથી વીરતા તરફ લઈ જશે.)

દર્શના પટેલ (નેશનલ મેડાલિસ્ટ)

# સુરેન્દ્રનગરમાં ખનન માફિયાઓનું આવી બન્યું

### તંત્રની લાલ આંખ, 595 કરોડનો ઐતિહાસિક દંડ!

• પાક્કો ગુજરાત - ગ્રાઉન્ડ રિપોર્ટ

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર ખનન સામે ખાણ-ખનિજ વિભાગે અત્યાર સુધીની સૌથી મોટી સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. સૂદામડા પંથકમાં બ્લેક ટ્રેપ પથ્થરની ચોરી કરતા માફિયાઓ પર તંત્ર કાળ બનીને ત્રાટકતા ફફડાટ વ્યાપી ગયો છે.

મુખ્ય અપડેટ્સ: * જંગી દંડની ફટકાર: પાંચથી વધુ ખાનગી ખાણોમાં ગેરકાયદેસર ખોદકામ બદલ અંદાજે 595 કરોડનો તોતિંગ દંડ ફટકારવામાં આવ્યો છે. * પોલીસ એક્શન: લીમડી




DYSP અને પોલીસ કાફલાએ ખાણ વિસ્તારમાં ધામા નાખી, ખોદકામમાં વપરાતા હિટાચી અને જેસીબી જેવા મશીનો જપ્ત કર્યા છે. * કાનૂની કાર્યવાહી: સંડોવાયેલા તમામ ખાણ સંચાલકોને 'કારણદર્શન નોટિસ' પાઠવી ચોક્કસ મુદતમાં હાજર રહેવા આદેશ કરાયો છે. ઓપરેશન 'ક્લીન સૂદામડા' સૂદામડા વિસ્તારમાં ખાનગી જમીનોની આડમાં બ્લેક ટ્રેપ પથ્થરનું બેફામ ખોદકામ કરીને કુદરતી સંપત્તિ લૂંટવામાં આવતી હતી. લાંબા સમયની વોચ બાદ, ખાણ-ખનિજ વિભાગે ડ્રોન અને આધુનિક માપણી સાધનોની મદદથી ગેરરીતિ પકડી પાડી છે.» સ્થાનિકોની ચર્ચા: 'આટલો મોટો દંડ તો હજુ શરૂઆત છે! શું હવે ખરેખર ખનન માફિયાઓ પર કાયમી લગામ લાગશે? કે પછી આ માત્ર કાગળ પરની કાર્યવાહી બની રહેશે?'

# લોન રિકવરી એજન્ટોની દાદાગીરીથી ગભરાશો નહીં, જાણો તમારા કાયદેસરના અધિકારો!

### સમય મર્યાદા: એજન્ટ તમને માત્ર સવારે 8:00 થી સાંજના 7:00 વાગ્યા સુધી જ ફોન કરી શકે અથવા ઘરે આવી શકે છે

• અમદાવાદ

આજકાલ પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડના વપરાશમાં વધારો થયો છે, તેની સાથે જ રિકવરી એજન્ટો દ્વારા થતી હેરાનગતિના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે. જો તમે પણ કોઈ કારણસર લોનનો હપ્તો ચૂકવી શક્યા નથી અને રિકવરી એજન્ટો તમને માનસિક રીતે ટોર્ચર કરી રહ્યા છે, તો આ સમાચાર તમારા માટે છે.

રિકવરી એજન્ટો માટે RBI ના કડક નિયમો

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ રિકવરી માટે સ્પષ્ટ ગાઈડલાઈન્સ બહાર પાડી છે. કોઈપણ બેંક કે રિકવરી એજન્ટ આ નિયમોનું ઉલ્લંઘન કરી શકે નહીં:

* સમય મર્યાદા: એજન્ટ તમને માત્ર સવારે 8:00 થી સાંજના 7:00 વાગ્યા સુધી જ ફોન કરી શકે અથવા ઘરે આવી શકે છે.

* સભ્યતા: એજન્ટ તમારી સાથે અપશબ્દો બોલી શકતા નથી, ધમકી આપી શકતા નથી કે શારીરિક બળનો પ્રયોગ કરી શકતા નથી.

* ગોપનીયતા: તમારા દેવાની જાણકારી તમારા પાડોશીઓ, સંબંધીઓ કે ઓફિસના મિત્રોને આપીને તમને બદનામ કરી શકાય નહીં.

* ઓળખપત્ર: જ્યારે પણ રિકવરી એજન્ટ ઘરે આવે, ત્યારે તમારે તેમનું આઈડી કાર્ડ અને બેંકનો ઓથોરાઈઝેશન લેટર માંગવો જોઈએ.

જો એજન્ટ હેરાન કરે તો શું કરવું? (સ્ટેપ-બાય-સ્ટેપ ગાઈડ)

* પુરાવા એકઠા કરો: જો એજન્ટ ફોન પર ધમકી આપે તો કોલ રેકોર્ડિંગ કરો. જો ઘરે આવીને ગેરવર્તન કરે તો મોબાઈલમાં વીડિયો શૂટ કરો.

* બેંકમાં લેખિત ફરિયાદ: સૌથી પહેલા જે તે બેંક કે ફાઈનાન્સ કંપનીના નોડલ ઓફિસરને ઈમેલ અથવા લેખિત પત્ર દ્વારા ફરિયાદ કરો.

* પોલીસ ફરિયાદ: જો તમને જાનથી મારી નાખવાની ધમકી મળે કે એજન્ટ જબરદસ્તી ઘરમાં ઘૂસવાનો પ્રયત્ન કરે, તો તાત્કાલિક 100/112 નંબર પર પોલીસને જાણ કરો અને નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ (FIR) નોંધાવો.

* RBI ઓમ્બડ્સમેન (લોકપાલ): જો બેંક 30 દિવસમાં તમારી ફરિયાદનો ઉકેલ ન લાવે, તો તમે cms.rbi.org.in પર ઓનલાઈન ફરિયાદ કરી શકો છો. RBI આવી બેંકો પર લાખોનો દંડ ફટકારી શકે છે.

## રાશીફળ (તા.05-04-2026)

| | |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજે કામકાજમાં પ્રગતિ થઈ શકે છે. નવી જવાબદારીઓ મળી શકે છે. ખર્ચ પર નિયંત્રણ રાખો. પરિવારનો સહકાર મળશે. |
| વૃષભ (બ.વ.ઉ) | આજનો દિવસ આર્થિક બાબતો માટે સારો રહી શકે છે. રોકાણના અવસર મળી શકે છે. કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત શક્ય છે. |
| મિથુન (ક.છ.ઘ) | આજે તમારે તમારા કામમાં ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ઉતાવળમાં નિર્ણય લેતા ટાળો. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. |
| કર્ક (ડ.હ) | આજે મન પ્રસન્ન રહેશે. પરિવાર સાથે સારો સમય પસાર કરવાની તક મળશે. કાર્યક્ષેત્રમાં તમારી પ્રશંસા થઈ શકે છે. |
| સિંહ (મ.ટ) | આજે મહેનતનું ફળ મળી શકે છે. કોઈ મહત્વપૂર્ણ કામમાં સફળતા મળવાની શક્યતા છે. મુસાફરીના યોગ બની શકે છે. |
| કન્યા (પ.ઠ.ણ) | આજનો દિવસ મિશ્ર પરિણામ આપનાર રહી શકે છે. કામમાં થોડો દબાણ અનુભવાઈ શકે છે, પરંતુ ધીરજ રાખો. |
| તુલા (ર.ત) | આજે સંબંધોમાં મધુરતા વધશે. નવા લોકો સાથે મુલાકાત લાભદાયક રહી શકે છે. આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે. |
| વૃશ્ચિક (ન.ય.) | આજે કોઈ મહત્વપૂર્ણ નિર્ણયમાં સાવચેતી રાખો. નોકરી અથવા વ્યવસાયમાં નવી યોજના બની શકે છે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | આજે ભાગ્યનો સાથ મળી શકે છે. શિક્ષણ અને કારકિર્દી સાથે સંબંધિત સારા સમાચાર મળી શકે છે. |
| મકર (ખ.જ) | આજે કામના કારણે વ્યસ્તતા વધી શકે છે. આર્થિક બાબતોમાં સમજદારીથી નિર્ણય લો. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આજે નવા અવસર મળી શકે છે. મિત્રો અને પરિવારનો સહકાર મળશે. આત્મવિશ્વાસ વધશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | આજે મન થોડું ભાવુક રહી શકે છે. મહત્વપૂર્ણ નિર્ણયો વિચારીને લો. આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધી શકે છે. |

# પ્રેમ: આગ્રહોની ભીડ નહીં, પણ મૌનનું સ્મિત

### દિવસભરના માનસિક સંઘર્ષો પછી જ્યારે તમે કોઈ એવી વ્યક્તિ પાસે જાઓ જ્યાં તમારે કોઈ મુખવટો પહેરવો ન પડે

• લેખક: પવન માકન (એડિટર, પાક્કો ગુજરાત)

સામાન્ય રીતે આપણે પ્રેમને સંબંધોના ગણિતમાં અથવા અપેક્ષાઓના ભાર નીચે મૂલવતા હોઈએ છીએ, પરંતુ વાસ્તવમાં પ્રેમ એ કોઈને બાંધવાની નહીં, પણ મુક્ત કરવાની પ્રક્રિયા છે. સાચો પ્રેમ એટલે એકબીજાને ખીલવા માટે આકાશ આપવું. જેમ એક પક્ષીને પાંખો ફેલાવવા માટે અનંત આકાશની જરૂર હોય છે, તેમ સંબંધમાં પણ જ્યારે વ્યક્તિને પોતાની રીતે જીવવાની અને ખીલવાની મોકળાશ મળે, ત્યારે જ તે સંબંધમાં સુગંધ પ્રગટે છે.

જવાબદારી કે પરમ શાંતિ?

ઘણીવાર લોકો પ્રેમને એક 'જવાબદારીનો ભાર' સમજી લે છે. જ્યારે જવાબદારી બોજ બની જાય ત્યારે પ્રેમ કરમાવા લાગે છે. ખરો પ્રેમ એ છે જે થાકેલા મનને પરમ શાંતિ અર્પે. દિવસભરના માનસિક સંઘર્ષો પછી જ્યારે તમે કોઈ એવી વ્યક્તિ પાસે જાઓ જ્યાં તમારે કોઈ મુખવટો પહેરવો ન પડે, ત્યારે સમજવું કે એ સાચો પ્રેમ છે.

જ્યાં મૌન પણ હસી પડે...

આજકાલના સંબંધોમાં 'આગ્રહોની ભીડ' વધી ગઈ છે. 'તારે આમ જ કરવું જોઈએ' અથવા 'તારે મારા જેવું જ વિચારવું જોઈએ' એવા આગ્રહો પ્રેમને રૂંધી નાખે છે. સાચો પ્રેમ ત્યાં છે જ્યાં શબ્દોની જરૂર ઓછી હોય. જ્યાં બે વ્યક્તિઓ સાથે બેઠી હોય અને કશું જ ન બોલવા છતાં એકબીજાની હાજરીથી તૃપ્ત હોય, જ્યાં મૌન પણ હસી પડતું હોય, ત્યાં જ હૃદયનું જોડાણ હોય છે.



આત્માનું નૃત્ય અને પરમાત્માનો અંશ

જ્યારે કોઈના સાનિધ્યમાં તમારો આત્મા ભારમુક્ત થઈને નાચી ઉઠે, ત્યારે સમજવું કે એ સંબંધમાં પરમાત્માનો અંશ છે. જે સંબંધ તમને તમારી જાતથી દૂર લઈ જાય એ બંધન છે, પણ જે સંબંધ તમને તમારી વધુ નજીક લાવે અને તમારા અસ્તિત્વને હળવું ફૂલ બનાવી દે, તેમાં ઈશ્વરનો વાસ હોય છે.

નિષ્કર્ષ

પ્રેમ એ કાયદાની કલમોથી ચાલતું બંધન નથી, પણ હૃદયથી જોડાયેલું એક એવું જોડાણ છે જેમાં કોઈ શરત નથી. જ્યાં બંધન વગરનું જોડાણ હોય, ત્યાં જ પ્રેમ ખરા અર્થમાં જીવંત બને છે. આવો, આપણે પણ એકબીજાને એવું આકાશ આપીએ જ્યાં દરેક વ્યક્તિ પોતાની મૌલિકતા સાથે ખીલી શકે.

# કોંગ્રેસનો ઓવૈસી પર 'એટમ બોમ્બ' જેવો પ્રહાર: 'સ્ક્રિપ્ટ ભાજપની, અવાજ ઓવૈસીનો!'

• નવી દિલ્હી/ગુવાહાટી

ભારતીય રાજકારણમાં જ્યારે પણ ચૂંટણીનો શંખનાદ ફૂંકાય છે, ત્યારે આરોપ-પ્રત્યારોપની રાજનીતિ ચરમસીમાએ પહોંચે છે. હાલમાં અસામ ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સાંસદ પ્રમોદ તિવારીએ AIMIM ચીફ અસદુદ્દીન ઓવૈસી પર એવો આક્ષેપ કર્યો છે, જેણે રાજકીય ગલિયારાઓમાં ખળભળાટ મચાવી દીધો છે.




પ્રમોદ તિવારીના તીખા પ્રહારો: કોંગ્રેસ નેતાએ ઓવૈસીને ભાજપની 'બી-ટીમ' સાબિત કરતા હોય તેમ જણાવ્યું કે:

* 'ઓવૈસી જે કંઈ પણ બોલે છે, તેની સ્ક્રિપ્ટ ભાજપની ઓફિસમાં તૈયાર થાય છે.' * 'ઓવૈસી માત્ર એક પાત્ર છે, જે ભાજપ દ્વારા લખાયેલા સંવાદોને જનતા વચ્ચે જઈને બોલે છે.' શું છે આ વિવાદનું મૂળ? અસામ ચૂંટણીને લઈને ઓવૈસીએ આપેલા તાજેતરના નિવેદનો બાદ કોંગ્રેસ લાલચોળ થઈ છે. કોંગ્રેસનો સીધો તર્ક છે કે ઓવૈસી એવી જગ્યાએ જ ઉમેદવારો ઊભા રાખે છે અથવા એવા નિવેદનો આપે છે જેનાથી 'વોટ બેંક'નું વિભાજન થાય. આ વિભાજનનો સીધો અને સ્પષ્ટ ફાયદો ભાજપને ઝોળીમાં જાય છે.

આ પહેલીવાર નથી જ્યારે ઓવૈસી પર આવા ગંભીર આરોપો લાગ્યા હોય. બિહાર હોય, ઉત્તર પ્રદેશ હોય કે પશ્ચિમ બંગાળ–દરેક મોટી ચૂંટણીમાં વિપક્ષો ઓવૈસીને ભાજપના 'મદદગાર' તરીકે ચિતરતા આવ્યા છે.

'પાક્કો ગુજરાત' ન્યૂઝ એનાલિસિસ:

રાજકારણમાં કંઈ પણ અચાનક નથી હોતું. પ્રમોદ તિવારીનું આ નિવેદન દર્શાવે છે કે અસામમાં કોંગ્રેસ કોઈ પણ કિંમતે મતોનું ધ્રુવીકરણ રોકવા માંગે છે.

સવાલ એ ઊભો થાય છે કે: * શું ઓવૈસી ખરેખર ભાજપના પક્ષમાં પીચ તૈયાર કરી રહ્યા છે? * અથવા કોંગ્રેસ પોતાની હારના ડરથી અત્યારથી જ દોષનો ટોપલો ઓવૈસી પર ઢોળી રહી છે? અંતિમ વાત: રાજકારણમાં શબ્દો એ માત્ર અવાજ નથી, પણ એક ચોક્કસ 'સ્ટ્રેટેજી' હોય છે. અસામની જનતા આ 'સ્ક્રિપ્ટ'ને સાચી માનશે કે ઓવૈસીની 'દલીલો'ને, એ તો આવનારો સમય જ કહેશે.

પેપરલીક કાંડનો 'કાપો'

# બાયડ ભાજપ યુવા પ્રમુખ આકાશ પટેલની હકાલપટ્ટી, માનવ પટેલને સોંપાયું સુકાન

• રિપોર્ટરઃ પાક્કો ગુજરાત ન્યૂઝ ડેસ્ક

અરવલ્લી જિલ્લાના બાયડ રાજકારણમાંથી સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ભાજપ સંગઠને શિસ્તબદ્ધ પગલાં લેતા બાયડ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ આકાશ પટેલને પદ પરથી દૂર કર્યા છે. વિવાદોમાં ઘેરાયેલા આકાશ પટેલની હકાલપટ્ટી બાદ હવે સંગઠને વ પટેલની નવા શહેર યુવા મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક કરી છે.

[વિવાદનું મૂળઃ પેપરલીક કાંડ]

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં પેપરલીક કાંડને લઈને ભારે હોબાળો મચ્યો છે. આ વિવાદની ગૂંજ બાયડ સુધી પહોંચી હતી.

* ગંભીર આરોપઃ આકાશ પટેલનું નામ પેપરલીક કાંડના વિવાદમાં ઉછળતા પક્ષની છબી ખરડાઈ હતી.

* સંગઠનનો એક્શન પ્લાનઃ પેપરલીક કાંડમાં નામ આવતા જ સ્થાનિક કાર્યકરો અને જનતામાં રોષ જોવા મળ્યો હતો, જેને ધ્યાને રાખી ભાજપ હાઈકમાન્ડે તપાસ બાદ આકરો નિર્ણય લીધો છે.

* જિલ્લા પ્રમુખનો નિર્ણયઃ અરવલ્લી જિલ્લા યુવા મોરચાના પ્રમુખ દ્વારા સત્તાવાર રીતે આકાશ પટેલને હોદ્દા પરથી મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

[નવી નિમણૂકઃ માનવ પટેલને જવાબદારી]

ચૂંટણીના માહોલ વચ્ચે સંગઠનમાં ગાબડું ન પડે તે માટે તાત્કાલિક અસરથી નવા પ્રમુખની વરણી કરવામાં આવી છે.

* આકાશ પટેલની જગ્યાએ હવે માનવ પટેલ બાયડ શહેર યુવા મોરચાનું સુકાન સંભાળશે.

* પક્ષે યુવા કાર્યકરોમાં નવો જોશ ભરવા અને વિવાદો ઠારવા માટે આ ફેરફાર કર્યો હોવાનું મનાય છે.

[વિશેષ નોંધ]

» 'પક્ષમાં કોઈ પણ પ્રકારની ગેરશિસ્ત કે વિવાદ ચલાવી લેવામાં આવશે નહીં.' - આ સંદેશ સાથે ભાજપે સ્પષ્ટ કર્યું છે કે ભ્રષ્ટાચાર કે કાંડમાં સંડોવાયેલા નેતાઓ માટે સંગઠનમાં કોઈ સ્થાન નથી.

» [નિષ્કર્ષ]સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા બાયડ ભાજપમાં આવેલું આ રાજકીય તોફાન આગામી સમયમાં કેવા વળાંક લેશે તે જોવું રહ્યું. શું નવા પ્રમુખ માનવ પટેલ યુવા મોરચાને એકજૂથ રાખી શકશે? તે મોટો પ્રશ્ન છે.

પળેપળની અપડેટ માટે વાંચતા રહો - પાક્કો ગુજરાત ન્યૂઝ!

# ભાજપ કાર્યાલયની સામે ઓવૈસીએ UCCના વિરોધમાં સભા ગજવી

• અમદાવાદ

અમદાવાદના ખાનપુર જે.પી. ચોકમાં શનિવારે AIMIMના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીની જાહેર સભા યોજાઈ હતી. આ સભાને સાંભળવા માટે ખાનપુર વિસ્તારમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને લોકો ઉમટી પડ્યા હતા. સ્ટેજ પર ગુજરાત AIMIM પ્રમુખ સાબીરભાઈ કાબલીવાલા, મહારાષ્ટ્રના વારિસ ખાન પઠાણ સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા.જમાલપુર વોર્ડના પૂર્વ કોર્પોરેટર અફસાનાબાનુ ચિશ્તીએ કહ્યું, "અમે કોઈની બી-ટીમ નથી. અમે મ્યુનિસિપલ કોર્પોરેશનના મુદ્દાઓ ઉઠાવીએ છીએ. અમે ગલીએ-ગલીએ ગયા છીએ અને મતદારો અમને ઓળખે છે. અમે માત્ર વોટ લઈને પાંચ વર્ષ સુધી અદ્રશ્ય થઈ જતા નથી. અમે વિરોધ પક્ષમાં બેસીશું અને ફરીથી આવીને કામ કરીશું."મકતમપુરા વોર્ડના પૂર્વ કોર્પોરેટર ઝેનબબીબીએ કહ્યું કે, ભાજપ અને કોંગ્રેસ બંનેની મિલીભગત છે. તેમણે ભાજપ કાર્યાલયની બહાર જ કહ્યું, "હિન્દુ-મુસ્લિમ એક સાથે રહે છે, પરંતુ ભાજપ અશાંતિધારાના નામે ભાગલા પાડે છે."AIMIM નેતા અબ્દુલ અહદએ અમદાવાદના સ્લોટર હાઉસ મુદ્દે કહ્યું, "ભાજપના અમિત શાહ કહે છે .

આગાહી

ગુજરાતમાં માવઠાંના કહેરે બેના જીવ લીધા

# ગાંધીનગરમાં 6 વર્ષીય માસૂમનું તો પાટણમાં 20 વર્ષીય યુવતીનું વીજળી પડતાં મોત, હજી 3 દિવસ રાજ્યમાં વરસાદની આગાહી

**છેલ્લા બે દિવસમાં વીજળી પડવાથી એક 20 વર્ષીય યુવતી અને 6 વર્ષની બાળકી સહિત બે નિર્દોષોના મોત થયા છે**

ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે આવેલા વરસાદ અને વીજળીના કહેરે ફરી એક વાર જાનમાલનું નુકસાન કર્યું છે. છેલ્લા બે દિવસમાં વીજળી પડવાથી એક 20 વર્ષીય યુવતી અને 6 વર્ષની બાળકી સહિત બે નિર્દોષોના મોત થયા છે, જ્યારે એક પરિવારના ત્રણ લોકો ઘાયલ થયા છે.પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના મુલુસણ (મેલુસણ)ગામે ગત શુક્રવાર બપોરે અચાનક ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. ખેતરમાં કામ કરી રહેલા રાધેસંગ ઠાકોરના પરિવારે વરસાદથી બચવા લીંબડાના વૃક્ષ નીચે આશરો લીધો ત્યારે વીજળી પડતાં 20 વર્ષીય પરિણીત યુવતી આનંદબેનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તેમની માતા હેતલબેન અને સુરતાબેન સહિત પરિવારના ત્રણ સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા છે.તદુપરાંત સિદ્ધપુર તાલુકાના ઘુમ્મડ ગામે વીજળી પડતાં એક ખેડૂતની ભેંસનું મોત થયું હતું.

ઘુમ્મડ ગામે વીજળી પડતાં એક ખેડૂતની ભેંસનું મોત થયું હતું આ દરમિયાન જ ગાંધીનગરના દહેગામના બારીયા બારડોલી ગામે અને નારપુરા જવાના માર્ગ પર ખેતરમાં વીજળી પડી હતી. જેમાં 6 વર્ષની બાળકીનું વીજળી પડતાં મોત થયું હતું.

7 એપ્રિલે ગાજવીજ સાથે વરસાદની સંભાવના હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું છે કે, આજે સૌરાષ્ટ્ર (અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ) અને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં થંડરસ્ટોર્મ સાથે વરસાદની સંભાવના છે. 7 એપ્રિલે દ્વારકા, જામનગર, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, તાપી, નર્મદા અને ડાંગમાં વરસાદ પડી શકે છે. 8 એપ્રિલ બાદ તાપમાનમાં 2થી 3 ડિગ્રી વધારો થશે અને વરસાદની સંભાવના લગભગ નહીં રહે.

અગાઉ સુરતમાં મિની વાવાઝોડાના કારણે મોતસુરતમાં 19



માર્ચે આવેલા મિની વાવાઝોડાએ પણ ત્રણ લોકોનો ભોગ લીધો હતો. પર્વત પાટિયા વિસ્તારમાં શાયોના પ્લાઝા પાસે મનપાનું લોખંડનું વિશાળ બોર્ડ ધરાશાયી થતાં મુકેશકુમાર નામના યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. તે જ દિવસે સચિનના હળપતિવાસમાં વાવાઝોડાના કારણે એક રૂમની દિવાલ તૂટી પડતાં છનાભાઈ સુમનભાઈ રાઠોડ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં 21 માર્ચે તેમનું મોત નીપજ્યું હતું.

સુરતમાં મીની વાવાઝોડાના કારણે ત્રણ મોત થયા હતા હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે રાજ્યમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર આગામી દિવસોમાં પણ જોવા મળશે. ઉત્તર ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર જોવા મળશે. બે સિસ્ટમના કારણે આજે રાજ્યમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. કચ્છ, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા વગેરેમાં માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

આગામી 7 એપ્રિલના રોજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ફરી હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. 7 એપ્રિલના રોજ પણ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે, જેને કારણે કચ્છ-ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગતરોજ અમદાવાદમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો ગઈકાલે પણ રાજ્યના અનેક વિસ્તારોમાં અચાનક વાતાવરણ માં પલટો આવતા માવઠું થયું હતું. અમદાવાદમાં પણ સમી સાંજે અચાનક જ વાતાવરણમાં પલટો આવતા જોરદાર પવન સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. પૂર્વ વિસ્તારના ઓઢવ, નિકોલ, નરોડા, વિરાટનગર, સિંગરવા, વસ્ત્રાલ, કઠવાડા જેવા વિસ્તારોમાં આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયા હતાં અને ભારે પવન સાથે વરસાદ પણ થયો હતો.

સ્પીપા ખાતે 'ઈન્સ્ટિટ્યુશનલાઈઝિંગ કેપેસિટી બિલ્ડીંગ' પર રાજ્ય કક્ષાનો વર્કશોપ યોજાયો

# મિશન કર્મયોગીઃ ગુજરાતના વહીવટી તંત્રને વધુ સક્ષમ બનાવવા ગાંધીનગરમાં મંથન

વહીવટી તંત્ર

વર્કશોપમાં રાજ્યના તમામ વિભાગોના તાલીમ અંગેના નોડલ અધિકારીશ્રીઓની જોડાયા

ગાંધીનગરના સેક્ટર-૨૬ સ્થિત સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા) ખાતે ગુજરાત સરકારના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ દ્વારા 'ઈન્સ્ટિટ્યુશનલાઈઝિંગ કેપેસિટી બિલ્ડીંગઃ ફ્રોમ ટ્રેનિંગ ટુ પરફોર્મન્સ-લિંક્ડ ગવર્નન્સ' વિષય પર એક દિવસીય રાજ્ય કક્ષાના કન્સલ્ટેટિવ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગના અગ્ર સચિવ શ્રી હારીત શુક્લા, સ્પીપાના નાયબ મહાનિદેશક શ્રી ચંદ્રેશ કોટક અને નાયબ સચિવ શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા દીપ પ્રાગટ્ય કરી આ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભારત સરકારના 'મિશન કર્મયોગી' અભિગમને




વેગ આપતા આ વર્કશોપનો મુખ્ય હેતુ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની તાલીમ પદ્ધતિને પરંપરાગત માળખામાંથી બહાર લાવી, તેમની ચોક્કસ ભૂમિકા અને જવાબદારીઓ મુજબ સક્ષમ બનાવી વહીવટી તંત્રને વધુ પરિણામલક્ષી બનાવવાનો છે. આગામી મે માસમાં મસૂરી ખાતે યોજાનાર રાષ્ટ્રીય સમિટની પૂર્વ તૈયારીના ભાગરૂપે આયોજિત આ કાર્યશાળામાં વિવિધ વિભાગોના વરિષ્ઠ સચિવો, ખાતાના વડાઓ અને વર્ગ-૧ તથા ૨ના અધિકારીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી થઈને વહીવટી શાસનને વધુ સંગીન બનાવવા મંથન કર્યું હતું.

આ વર્કશોપ દરમિયાન આઠ અલગ-અલગ વર્કિંગ ગ્રુપ્સ દ્વારા એકીકૃત તાલીમ માળખું, તાલીમ સંસ્થાઓનું સુદ્રઢીકરણ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ અને કેડર મુજબ સતત તાલીમ વ્યવસ્થા જેવા મહત્વના મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. આ મંથનમાં ખાસ કરીને આઈગોટ (iGOT) અને eHRMS જેવા ડિજિટલ પ્લેટફોર્મ્સને સાંકળવા તથા સ્પીપા જેવી સંસ્થાઓને 'સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે વિકસાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, છેવાડાના માનવી સુધી સરકારી સેવાઓ પહોંચાડતા આશા વર્કર, આંગણવાડી કાર્યકર, તલાટી અને પોલીસ કોન્સ્ટેબલ જેવા ફ્રન્ટલાઈન કર્મચારીઓ સુધી તેમની માતૃભાષા ગુજરાતીમાં ડિજિટલ લર્નિંગના માધ્યમથી તાલીમ પહોંચાડવાના વિઝન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. કાર્યક્રમના અંતે વહીવટી સુધારા માટે તૈયાર કરવામાં આવેલું 'એક્શન મેટ્રિક્સ' અને તજજ્ઞોના પુરાવા આધારિત સૂચનોનો રિપોર્ટ કેપેસિટી બિલ્ડીંગ કમિશન (CBC) ને મોકલવામાં આવશે. આ પ્રયાસ 'વિકસિત ભારત ૨૦૪૭' ના લક્ષ્યાંકને હાંસલ કરવા અને ગુજરાતના વહીવટી માળખાને વધુ લોકભોગ્ય તેમજ કાર્યદક્ષ બનાવવા માટે એક બ્લુપ્રિન્ટ સમાન સાબિત થશે.

# કદવાલ તાલુકાનાં સેનામાં 17 વર્ષની સેવા આપી નિવૃત થઈ પરત ફરેલા ભીખાપુરા ના જવાનનું ભવ્ય સ્વાગત

નિવૃત થઈ પોતાના વતન પરત ફરતા ભીખાપુરા ખાતે મોટી સંખ્યામાં લોકોએ ભવ્ય સ્વાગત

• કદવાલ ઈરફાન મકરાણી

કદવાલ તાલુકાના એવા ભીખાપુરા ગામના યુવાન સેનામાં થી નિવૃત થઈ પોતાના વતન પરત ફરતા ભીખાપુરા ખાતે મોટી સંખ્યામાં લોકોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. ફર્યો છું ત્યારે મારા વિસ્તારના લોકોએ મારું ભવ્ય સ્વાગત કર્યું છે તેનો હું ખૂબ ખૂબ આભારી છે અને વધુ ને વધુ આપના વિસ્તારના યુવાનો સેના માં જોડાય અને દેશની સેવામાં યોગદાન આપે આવી આશા વ્યક્ત કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ ભીખાપુરા ગામના પ્રિયકાન્તભાઈ મનસુખભાઈ રાઠવા સેનામાં 17 વર્ષ સેનામાં ફરજ બજાવી નિવૃત થતા તેઓ માદરે વતન આવી પહોંચ્યા હતા ત્યારે ગઢ ભીખાપુરા ગામના જયપાલસિંહ પ્રવીણસિંહ ઠાકોર અને ઈશ્વર ઠાકોર કલાકાર તેમજ ગ્રામજનો તેમજ આજુબાજુના વિસ્તારમાં આવેલા ગામોના લોકોએ નિવૃત સેના ના જવાનનું ડીજે સાથે દેશી ઢોલકી અને આતિશબાજી તેમજ બગીમાં સવારી કરાવી શોભાયાત્રા કાઢી હતી




પંથકના લોકોએ નિવૃત જવાનને ફુલહારથી સ્વાગત કર્યું હતું. નિવૃત થયેલા જવાને વધુમાં જણાવ્યું હતું કે 17 વર્ષ ભારત દેશની સીમા રક્ષા કરી છે દેશની તમામ સરહદે સેવા બજાવી હેમખેમ પરત સત્તર વર્ષ સેનામાં ફરજ બજાવતા નિવૃત્ત થઈ માદરે વતન

ફર્યો છું ત્યારે મારા વિસ્તારના લોકોએ મારું ભવ્ય સ્વાગત કર્યું છે તેનો હું ખૂબ ખૂબ આભારી છે અને વધુ ને વધુ આપના વિસ્તારના યુવાનો સેના માં જોડાય અને દેશની સેવામાં યોગદાન આપે આવી આશા વ્યક્ત કરી હતી. ભીખાપુરા ગામનો પનોતો પુત્ર સેનામાંથી નિવૃત થઈ પરત વતન આવતા ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.રિપોર્ટર ઈરફાન મકરાણી કદવાલ

# અમદાવાદના હોક્કો કીચનની દાળ ખીચડીમાં વંદો નીકળ્યો

એક વર્ષના બાળકે ખીચડી ખાતાં માતા-પિતામાં ભારે રોષ

• અમદાવાદ

હોક્કો કીચનના આસિસ્ટન્ટ મેનેજરે કહ્યું, ક્યાંથી ભૂલ થઈ તેની તપાસ કરી રહ્યા છીએ. AMCએ તપાસ કરીને રૂ. 10 હજારની પેનલ્ટીની કાર્યવાહી કરી છે. અમદાવાદના ખાણીપીણીમાં સ્વચ્છતાને લઈને ફરી એક વાર સવાલ ઉઠ્યા છે. નવરંગપુરામાં આવેલા 1944 હોક્કો કીચનમાં એક ગ્રાહકે મંગાવેલી દાળ ખીચડીમાંથી વંદો નીકળ્યો હતો. એક વર્ષના બાળકે ખીચડી ખાધી પણ હતી, રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહીની માંગ જેથી ગ્રાહકે રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. જ્યારે AMCએ તપાસ કરીને રૂ. 10 હજારની પેનલ્ટીની કાર્યવાહી કરી છે.

નવરંગપુરાના 1944 હોકો કીચનમાં એક યુવક પરિવાર સાથે જમવા ગયો હતો. યુવકે રૂ. 479ની દાલ-ખીચડી મંગાવી હતી. ખીચડી તેના એક વર્ષના દીકરાને ખવડાવતો હતો અને અચાનક તેમાં વંદો દેખાતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. નાના બાળકે પણ ખીચડી ખાધી હોવાથી માતા-પિતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રાહકે આ ઘટનાના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર પુરાવા તરીકે શેર કર્યા છે. ઘટનાએ રેસ્ટોરન્ટમાં જળવાતી સ્વચ્છતા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. 1994 હોક્કોકીચન મોટી બ્રાન્ડ હોવા છતાં ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે આ પ્રકારે ચેડા થઈ રહ્યાં છે. ઘટનાને પગલે ગ્રાહકે એએમસીના ફૂડ વિભાગ પાસે રેસ્ટોરન્ટ સામે તપાસ કરવાની માગ કરી છે. એટલું જ નહીં રેસ્ટોરન્ટને લાઈસન્સ રદ્દ કરી તેને દંડ ફટકારવાની પણ માંગ કરી છે.ટેલિફોનિક વાતમાં હોક્કો કીચનના આસિસ્ટન્ટ મેનેજર કેશવભાઈએ જણાવ્યું હતું કે, ઘટના બની હતી પરંતુ ક્યાંથી ભૂલ થઈ તેની તપાસ કરવામાં આવી રહી છે.કોર્પોરેશનની ટીમ પણ અમારા ત્યાં આવીને ગઈ છે.AMCના ફૂડ વિભાગના વડા ડો. તેજસ શાહે જણાવ્યું હતું કે, નવરંગપુરા વિસ્તારમાં આવેલા ચીજ વસ્તુઓમાં જીવાત નીકળી હોવા અંગેની ઓનલાઈન ફરિયાદ મળી હતી તેના આધારે ફૂડ વિભાગ દ્વારા ત્યાં તપાસ કરવામાં આવી હતી.

## GTના સ્પિનર રાશિદ ખાને અમદાવાદની જામા મસ્જિદમાં દુઆ કરી



• અમદાવાદ

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે સાંજે 4 એપ્રિલે GT vs RRની મેચ છે. તે પહેલાં ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓ ભગવાન અને અલ્લાહના આશીર્વાદ લેતા જોવા મળ્યાં હતાં. ક્રિકેટરો સાથે સેલ્ફી અને ઓટોગ્રાફ માટે ચાહકોની ભીડ જોવા મળી હતી. ગુજરાત ટાઈટન્સના સ્ટાર સ્પિનર અને અફઘાનિસ્તાનના ક્રિકેટર રાશિદ ખાને મેચ પહેલાં 3 એપ્રિલે અમદાવાદની જામા મસ્જિદમાં જઈને દુઆ માંગી હતી. તો બીજી તરફ, રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓએ મોટેરા સ્ટેડિયમના હનુમાન મંદિરે જઈને પૂજા અર્ચના કરીને જીત માટે આશીર્વાદ માંગ્યા. બન્ને ટીમોના ખેલાડીઓએ પોતાના પોતાના ધર્મ અનુસાર પ્રાર્થના કરીને મેચ માટે તૈયારીઓ કરી છે.ક્રિકેટર યશસ્વી જયસ્વાલ અને ધ્રુવ જુરેલ અમદાવાદના સિંધુભવન રોડ પર આવેલા 'Komo by Kaffa' કેફે ખાતે આજે જોવા મળ્યા હતા.

ફાયરની પાંચ ટીમ દ્વારા કાબૂ મેળવવા પ્રયાસ

# મેટોડા GIDCમાં રબરના ગોડાઉનમાં આગ એક કિમી દૂર ધુમાડાના ગોટેગોટા દેખાયા

• રાજકોટ

રાજકોટના મેટોડા GIDC ગેઈટ નંબર-1માં આવેલા એક રબરના ગોડાઉનમાં બપોરના અચાનક ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. રબરનો જથ્થો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ફેક્ટરીમાંથી ધુમાડાના કાળા વાદળો કાલાવડ રોડ હાઈવે પર આકાશમાં ઉંચે એક કિલોમીટર સુધી દેખાતા આસપાસના અન્ય કારખાનાના શ્રમિકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ થતા જ મેટોડા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આગની ગંભીરતાને જોતા રાજકોટ મહાનગરપાલિકા



(RMC)ના ફાયર વિભાગની વધારાની 4 ટીમો પણ મદદ માટે બોલાવવામાં આવી હતી. હાલ મેટોડા અને રાજકોટ મનપાની સંયુક્ત ટીમો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. પ્રાથમિક અંદાજ મુજબ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું મનાય છે, જોકે ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

ફાયર વિભાગના જણાવ્યા મુજબ, આજે બપોરના 1.38 વાગ્યે રાજકોટ ફાયર સ્ટેશન કંટ્રોલ રૂમને મેટોડા GIDC ગેઈટ નંબર 1માં આવેલ EPP કંપની સામે રબરના ગોડાઉનમાં આગ લાગી હોવાની કોલ મળતા તાત્કાલિક ટીમ રવાના કરવામાં આવી હતી. જો કે દૂર-દૂરથી ધુમાડાના ગોટેગોટા જોઈ તાત્કાલિક અન્ય ટીમો પણ રવાના કરી રાજકોટથી કુલ 4 ટીમ અને મેટોડ ફાયર સ્ટેશનની ટીમ સાથે મળી સતત એક કલાકથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા પ્રયત્ન કરી રહી છે.પ્રાથમિક માહિતી મુજબ, આ વેસ્ટ ગોડાઉન હોવાથી અહીં પડેલ માલ બાળીને ખાખ થઈ ગયો છે. લગભગ દોઢથી બે કલાક સુધી આગ પર કાબૂ મેળવતા સમય લાગી શકે તેમ છે. રાહતની વાત એ છે કે, જે સમયે આગ લાગી ત્યારે ગોડાઉનમાં હાજર તમામ શ્રમિકો સમયસૂચકતા વાપરી બહાર નીકળી ગયા હતા, જેના કારણે અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી.

**ભયનું સામ્રાજ્ય** ગટરના ઢાંકણા તૂટેલા, વીજળીના બોર્ડ ખુલ્લા, ગાર્ડનમાં ન્યુસન્સ

# કતારગામમાં ગંદકી, ગુંડાગીરી અને ભયનું સામ્રાજ્ય! સ્થાનિકોએ રોષ ઠાલવતાં કહ્યું, કોઈ કોર્પોરેટર આવતા જ નથી

### રાજકીય પક્ષો મતદારોને રીઝવવા મેદાને પડ્યા છે. પરંતુ સુરતના કતારગામ-વેડ વોર્ડ નં. 7 (કતારગામ ગામ, વેડ રોડ, નંદુ ડોશીની વાડી, ધનામોરાની વાડી)ના મતદારોનો મિજાજ કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે

• સુરત

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 26 એપ્રિલેમાં યોજાવાની છે. ત્યારે રાજકીય પક્ષો મતદારોને રીઝવવા મેદાને પડ્યા છે. પરંતુ સુરતના કતારગામ-વેડ વોર્ડ નં. 7 (કતારગામ ગામ, વેડ રોડ, નંદુ ડોશીની વાડી, ધનામોરાની વાડી)ના મતદારોનો મિજાજ કંઈક અલગ જ જોવા મળી રહ્યો છે. વોર્ડ 7ના વિસ્તારમાં અનેક જગ્યાએ ગટરના ઢાંકણા અડધા ખુલેલા છે અથવા તૂટેલી હાલતમાં છે. સ્ટ્રીટ લાઈટના પોલ પર વીજળીના બોર્ડ ખુલ્લા લટકી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે, તંત્રને અનેક રજૂઆતો છતાં આ બાબતે કોઈ નક્કર કામગીરી થઈ નથી.

ગાર્ડનમાં રાત્રિના સમયે પૂરતી લાઈટો ન હોવાનો ફાયદો ઉઠાવી અસામાજિક તત્વો દારૂની મહેફિલો માણે છે. સ્થળ પરથી દારૂની ખાલી બોટલો અને ગ્લાસો પણ જોવા મળ્યા હતાં. સ્થાનિકોએ રોષ ઠાલવતાં કહ્યું, કોઈ કોર્પોરેટર આવતા જ નથી. હીરા નગરી સુરતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગવા માંડ્યા છે. ખાસ કરીને કતારગામ વિસ્તાર, જે સુરતના રાજકારણનું એપીસેન્ટર ગણાય છે, ત્યાં અત્યારથી જ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીમાં તમામ 120 બેઠકો પર કબજો જમાવવા ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ ખેલાવાના એંધાણ છે. પરંતુ, આ રાજકીય ખેંચતાણ વચ્ચે કતારગામ વોર્ડ 7ની જનતા અનેક પાયાની સમસ્યાઓથી ઝઝૂમી રહી છે. સ્થાનિક ગીતાબેને જણાવ્યું હતું કે, કમ્પ્લેન કરી હોય તોય કોઈ આવતું નથી અને પ્લસ પાણી તો એકઠામકું આવતું જ નથી, એક ગ્લાસ પાણી જોતું હોય ને તો મોટર ચાલુ કર્યા વગર પાણી આવતું નથી. નીચે ભૂગર્ભ ટાંકામાં એક ગ્લાસ પાણી મોટર ચાલુ કર્યા વગર આવતું નથી. પ્રેશર વગરનું પાણી આવે છે.

સ્થાનિક હિરેન વાઘાણીએ જણાવ્યું હતું કે, એક સમસ્યા એ છે કે, કેટલા ટાઈમથી અમે અહીંયા સ્પીડ બ્રેકરની માંગ કરી છે. અવારનવાર સોસાયટીના સભ્યો ભટકાતા હોય છે, એની જાણ કરેલી છે, છતાં પણ અહીંયા સ્પીડ બ્રેકર બનાવવામાં આવતો નથી. એક ફરિયાદ બીજી કરેલી છે, સામે શાકભાજીવાળાની લાઈનો થાય છે, સવારમાં 7:00 વાગ્યામાં ન્યુસન્સ ફેલાવે છે, એની પણ અરજી કરેલી છે, એનો પણ કોઈ નિકાલ થતો નથી.

હિરેન વાઘાણીએ કહ્યું કે,



અહીંયા ગાડીઓનું પાર્કિંગ થઈ રહ્યું છે, એની પાછળ અહીંયા મજૂરો જે રાત્રે સૂવા આવે છે, તે લોકો અહીંયા બગાડ કરે છે, સંડાસ-જાજરૂ બધું અહીંયા જ કરે છે. એની પણ ફરિયાદ કરેલી છે, એનું પણ નિકાલ નથી થતો.

સ્થાનિક રાજેશ પટેલે જણાવ્યું હતું કે, આ રસ્તો છે ને એક શેરી પૂરતો છે, મર્યાદિત રસ્તો છે. પણ એમાંથી રાત્રે 9થી 9:30ની આસપાસ દોઢથી બે કલાક સુધી સૌરાષ્ટ્ર ટ્રાવેલિંગની બસો ચાલે છે. જે ક્યારેક ગમે ત્યારે અકસ્માત થવાની પૂરી સંભાવના છે. કારણ કે આ મેઈન રસ્તો લક્ઝરી માટે કે પ્રાઈવેટ બસ માટેનો નથી. સ્થાનિક રાજેશ પટેલે વધુમાં જણાવ્યું કે, કોઈ જાહેર જનતા માટેનો રસ્તો નથી, આ એકદમ સેપરેટ અને શેરી ટાઈપનો રસ્તો છે. પણ આ લોકો શોર્ટકટ મારવા માટે અહીંયાથી લક્ઝરી બસ કાઢે છે. એટલે રિક્વેસ્ટ છે કે ભાઈ અહીંયાથી આ મોટી બસો અને બીજું સ્પીડ બ્રેકર એક પણ નથી, એટલે ગમે ત્યારે અકસ્માત થવાની સંભાવના વધારે છે. વેડ વોર્ડ નંબર 7ના આપની ટિકિટના દાવેદાર ડૉ. પ્રીતિ સદાદિયાએ જણાવ્યું હતું કે, અહીંયા કતારગામ, વેડ વોર્ડ નંબર 7 વિસ્તારની અંદર સૌથી મોટો પ્રશ્ન છે ટીપી રિઝર્વેશનનો. ટીપી 49, 50 અને 51ની અંદર જે રિઝર્વેશનનો સૌથી મોટો પ્રશ્ન છે. એની અંદર એવું છે કે સોસાયટીના લોકોને કોઈ પણ નોટિસ કે જાણ કર્યા વગર એમને ઘર ખાલી કરવાની નોટિસો આપ્યા વગર જ એમની ઉપર ખાલી કરવા માટેના દબાણો કરવામાં આવે છે. ભાજપ 'પેજ સમિતિ' અને 'કાર્યકર્તા સંમેલન'ના માધ્યમથી ભાજપ આ વખતે ક્લીન સ્વીપ કરવાના લક્ષ્યાંક સાથે આગળ વધી રહ્યું છે. તાજેતરમાં જ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા વિવિધ વોર્ડમાં ચૂંટણી કાર્યાલયોના ઉદ્ઘાટન સાથે પ્રચારના શ્રીગણેશ કરી દેવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટી ગત વખતના પ્રદર્શનને જાળવી રાખવા અને બેઠકો વધારવા માટે 'AAP'એ શેરીએ-શેરીએ જનસંપર્ક અભિયાન શરૂ કર્યું છે. લોકોની સ્થાનિક સમસ્યાઓને વાંચા આપી સત્તાધારી પક્ષને ઘેરવાની રણનીતિ અપનાવવામાં આવી છે.

કોંગ્રેસ લાંબા સમયથી હાંસિયામાં ધકેલાયેલી કોંગ્રેસ આ વખતે પુનઃપ્રાપ્તિના મૂડમાં છે. દાવેદારોની સાંભળવાની પ્રક્રિયા અને સંગઠનને મજબૂત કરવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. સ્થાનિક રાજેશ પટેલે જણાવ્યું હતું કે, આ રસ્તો છે ને એક શેરી પૂરતો છે, મર્યાદિત રસ્તો છે. પણ એમાંથી રાત્રે 9થી 9:30ની આસપાસ દોઢથી બે કલાક સુધી સૌરાષ્ટ્ર ટ્રાવેલિંગની બસો ચાલે છે. જે ક્યારેક ગમે ત્યારે અકસ્માત થવાની પૂરી સંભાવના છે. કારણ કે આ મેઈન રસ્તો લક્ઝરી માટે કે પ્રાઈવેટ બસ માટેનો નથી. સ્થાનિક રાજેશ પટેલે વધુમાં જણાવ્યું કે, કોઈ જાહેર જનતા માટેનો રસ્તો નથી, આ એકદમ સેપરેટ અને શેરી ટાઈપનો રસ્તો છે. પણ આ લોકો શોર્ટકટ મારવા માટે અહીંયાથી લક્ઝરી બસ કાઢે છે. એટલે રિક્વેસ્ટ છે કે ભાઈ અહીંયાથી આ મોટી બસો અને બીજું સ્પીડ બ્રેકર એક પણ નથી, એટલે ગમે ત્યારે અકસ્માત થવાની સંભાવના વધારે છે.

---

વીડિયો વાઈરલ થતાં પોલીસ હરકતમાં આવી

# જાહેરમાં દાતરડાથી યુવકનો હુમલો:ડીંડોલીમાં સામાન્ય બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું

**હિંસક સ્વરૂપ** હુમલા દરમિયાન કોઈ જાનહાનિ કે ગંભીર ઈજાના સમાચાર પ્રાપ્ત થયા નથી

• સુરત

સુરતના ડીંડોલી વિસ્તારમાં આવેલા મહાદેવ નગર-3માં સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ અચાનક હિંસક વળાંક લીધો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ યુવક હાથમાં મોટું દાતરડું લઈને ત્યાં પહોંચી ગયો હતો અને ઉભેલા 15થી 20 લોકોના ટોળા સામે જ એક વ્યક્તિ પર હુમલો કરવા દોડ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, આ હુમલા દરમિયાન કોઈ જાનહાનિ કે ગંભીર ઈજાના સમાચાર પ્રાપ્ત થયા નથી.

જ્યારે આ હિંસક ઘટના બની, ત્યારે ત્યાં હાજર એક વ્યક્તિએ હિંમત દાખવીને સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કરી



લીધો હતો. વાઈરલ થયેલા વિડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, આરોપી યુવક કેવી રીતે દાતરડું હવામાં વીંઝી રહ્યો છે અને એક વ્યક્તિ પર પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, આટલી ભીડ વચ્ચે હુમલો કર્યા બાદ પણ આરોપી કોઈ પણ પ્રકારના ડર વગર અત્યંત આરામથી ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ વીડિયો વાઈરલ થતાની સાથે જ પોલીસ હરકતમાં આવી હતી.

સોશિયલ મીડિયા પર વીડિયો વાઈરલ થયા બાદ ડીંડોલી પોલીસની ટીમ તાત્કાલિક એક્શન મોડમાં આવી હતી. સામાન્ય રીતે કોઈ પણ ગુનામાં ફરિયાદીની જરૂર હોય છે, પરંતુ આ કિસ્સામાં કોઈ પણ ભોગ બનનાર કે સાક્ષી સામે ન આવતા પોલીસે ગંભીરતા સમજીને પોતે જ ફરિયાદી બની તપાસ શરૂ કરી દીધી છે. પોલીસના જણાવ્યા અનુસાર, વિડિયોમાં દેખાતા દૃશ્યો ખૂબ જ ગંભીર છે અને જાહેર જનતાની સુરક્ષાને ધ્યાને રાખીને આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ડીંડોલી પોલીસ મથકના પીઆઈ પી.એલ. વાઘેલાએ આ મામલે પત્રકારોને વિગતો આપતા જણાવ્યું હતું કે, વીડિયોના આધારે આરોપીની ઓળખ કરી લેવામાં આવી છે. પોલીસની એક ટીમ તાત્કાલિક આરોપીના ઘરે પહોંચી હતી, પરંતુ તે ત્યાં મળી આવ્યો ન હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે હુમલાખોર યુવક લીંબાયત વિસ્તારના રુસ્તમપુરાનો રહેવાસી છે. ડીંડોલી પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા રુસ્તમપુરામાં પણ દરોડા પાડવામાં આવ્યા છે. પોલીસ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આરોપીના સંભવિત આશ્રયસ્થાનો પર વોચ રાખી રહી છે.

પોલીસ અધિકારીઓએ ખાતરી આપી છે કે કાયદાનો ભંગ કરનાર કોઈ પણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. પીઆઈ વાઘેલાએ વધુમાં ઉમેર્યું કે, આરોપીની ધરપકડ માટે અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે અને ખૂબ જ ટૂંકા સમયમાં તેને ઝડપી પાડવામાં આવશે.

---

# BRTSના બંધ પડેલા સ્વીગ ગેટને ફરી ચાલુ કરાશે 2.37 કરોડના ખર્ચે 270 ઓટોમેટિક ગેટ કાર્યરત થશે

### થોડા દિવસો પહેલા જ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજ પોતે મેદાનમાં ઉતર્યા હતા

• સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની પરિવહન વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને સુરક્ષિત બનાવવા માટે એક નિર્ણય લેવામાં આવ્યો છે. સુરતની લાઈફલાઈન ગણાતી BRTS સેવામાં છેલ્લા લાંબા સમયથી મેન્ટેનન્સના અભાવે બંધ પડેલા 270 જેટલા ઓટોમેટિક સ્વિંગ ગેટને ફરીથી શરૂ કરવા માટે પાલિકાના ટ્રાફિક અને BRTS પ્રોજેક્ટ સેલ દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે અંદાજે રૂપિયા 2,37,86,156ના ખર્ચનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સુરત BRTS સ્ટેશનો પર મુસાફરોની સુરક્ષા અને અનધિકૃત પ્રવેશ રોકવા માટે ઓટોમેટિક સ્વિંગ ગેટ લગાવવામાં આવ્યા હતા. જોકે, યોગ્ય જાળવણીના અભાવે અને ટેકનિકલ ખામીઓને કારણે મોટાભાગના ગેટ લાંબા સમયથી બંધ હાલતમાં હતા. આ ગેટ બંધ હોવાને કારણે મુસાફરો ગમે ત્યાંથી કોરિડોરમાં પ્રવેશતા હતા, જેનાથી અકસ્માતનો ભય રહેતો હતો. હવે પાલિકાએ આ ખામી સુધારવા માટે કમર કસી છે.



ભૂતકાળમાં ગેટ રિપેર થયા બાદ ફરી બગડી જતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પાલિકાએ ટેન્ડરમાં કડક શરત મૂકી છે. જે એજન્સીને આ કામ સોંપવામાં આવશે, તેણે માત્ર ગેટ રિપેર નથી કરવાના, પરંતુ આગામી 5 વર્ષ સુધી તેનું સંપૂર્ણ મેન્ટેનન્સ અને જાળવણી પણ કરવાની રહેશે. આ શરતને કારણે હવે એજન્સીએ કામની ગુણવત્તા જાળવવી પડશે.

થોડા દિવસો પહેલા જ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજ પોતે મેદાનમાં ઉતર્યા હતા. તેમણે બીઆરટીએસ કોરિડોરમાં અચાનક વિઝિટ કરી હતી અને ગેરકાયદેસર રીતે કોરિડોરમાં વાહનો ચલાવતા ખાનગી વાહન ચાલકોને અટકાવીને સ્થળ પર જ શિસ્તના પાઠ ભણાવ્યા હતા. કમિશનરની આ કડકાઈ બાદ હવે તંત્ર હરકતમાં આવ્યું છે અને બીઆરટીએસ સિસ્ટમને સંપૂર્ણપણે સ્માર્ટ બનાવવાની દિશામાં કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

---

# દહેગામમાં તસ્કરોનો આતંક:બહિયલમાં તબેલામાંથી 3.85 લાખની 4 ભેંસની ચોરી

• ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બહિયલ ગામમાં તસ્કરોએ એક પશુપાલક પરિવારના ખેતરમાં આવેલા તબેલામાંથી રાત્રિના અંધકારનો લાભ લઈ અજાણ્યા શખ્સો ચાર ભેંસોની ચોરી કરી નાસી ગયા હોવાની ઘટના સામે આવી છે. આશરે પોણા ચાર લાખ રૂપિયાની કિંમતના પશુઓની ચોરી થતા પશુપાલક પરિવારે દહેગામ પોલીસના દ્વાર ખટખટાવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બહિયલ ગામના ગજેન્દ્રસિંહ કલ્યાણસિંહ ચૌહાણે દહેગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ગજેન્દ્રસિંહ અને તેમનો પરિવાર પશુપાલન અને ખેતીકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગામમાં જ બહિયલ-કપડવંજ રોડ પર તેમનું ખેતર આવેલું છે, જ્યાં તેમણે પશુઓ રાખવા માટે તબલો બનાવ્યો છે. ગત 31 માર્ચના રોજ રાત્રિના સમયે ગજેન્દ્રસિંહ અને તેમના પત્ની અમરતબેન પશુઓને ઘાસચારો નાખી ઘરે પરત ફર્યા હતા. બીજા દિવસે એટલે કે 1 એપ્રિલના રોજ સવારે જ્યારે પરિવાર ખેતરે જવા રવાના થયો ત્યારે રસ્તામાં બાજુનાં ખેતરના માલિકે ફોન દ્વારા જાણ કરી હતી કે તબેલાના દરવાજા ખુલ્લા છે. આ સાંભળી ગજેન્દ્રસિંહ તાત્કાલિક તબેલા પર પહોંચ્યા તો ત્યાંનું દૃશ્ય જોઈ તેમના હોશ ઉડી ગયા હતા. તેમના તબેલામાં બાંધેલી કુલ 4 ભેંસ ગાયબ હતી. જે અંગે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે તસ્કરોએ તબેલાના લોખંડના ગેટની સાંકળ કાપી અંદર પ્રવેશ કર્યો હતો અને પશુઓને ચોરી ગયા હતા. ચોરી થયેલા પશુઓમાં એક ગાભણ ભેંસ, એક પાડી અને ગજેન્દ્રસિંહના મોટાભાઈ અજીતસિંહની બે ભેંસો મળીને અંદાજે 3,85,000 રૂપિયાની કિંમતના પશુધનની ચોરી થઈ છે. શરૂઆતમાં પરિવારે પશુઓ ક્યાંક છૂટા પડીને આજુબાજુના ખેતરોમાં નીકળી ગયા હશે તે આશાએ ત્રણ દિવસ સુધી શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો ન લાગતા આખરે ચોરી થયાની ખાતરી થઈ હતી. ત્યારે એકસાથે ચાર પશુઓની ચોરી થતા દહેગામ પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

# સુરતમાં શાળાની બાંધકામ સાઇટ પર 8 વર્ષની માસૂમ પર બળાત્કાર

• સુરત

સુરતના કતારગામ વિસ્તારમાં માનવતા મરી પરવારી હોય તેવી ઘટના સામે આવી છે. રામજી મંદિર પાસે નિર્માણ પામી રહેલી એક શાળાના બાંધકામ સ્થળે શ્રમિક પરિવારની 8 વર્ષની બાળકી પર પિતાની સાથે જ કામ કરતા એક મજૂરે દુષ્કર્મ ગુજારતા ચકચાર મચી ગઈ છે. માસૂમ બાળકીએ હિંમત બતાવી માતા-પિતાને આપવીતી જણાવતા પોલીસે બિહારના આરોપીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. મળતી માહિતી પ્રમાણે, કતારગામ રામજી મંદિર પાસે એક સ્કૂલનું બાંધકામ ચાલી રહ્યું છે, જ્યાં બિહારના કટિહાર જિલ્લાના અનેક મજૂરો પરિવાર સાથે રહી મજૂરી કામ કરે છે. ગત 1 એપ્રિલના રોજ બપોરે 2 થી સાંજના 6:30 વાગ્યા દરમિયાન જ્યારે અન્ય મજૂરો કામમાં વ્યસ્ત હતા, ત્યારે આરોપી અલી અજંર મહમદ હબલુ આલમ (રહે. બિહાર) એ ત્યાં રમી રહેલી 8 વર્ષની બાળકીને એકલી જોઈ હતી. આરોપી બાળકીને પકડીને સાઈટ પર બનાવેલી એક રૂમમાં લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે બળજબરી કરી દુષ્કર્મ આચર્યું હતું. માસૂમ બાળકી કંઈ સમજે તે પહેલા જ હવસખોર અલી અજંરે તેને ડરાવવાનું શરૂ કર્યું હતું. તેણે બાળકીને ધમકી આપતા કહ્યું હતું કે, જો તે આ વાત કોઈને કરી તો તને જાનથી મારી નાખીશ. માતા-પિતાને કહીશ તો પતાવી દઈશ. આ ધમકીથી બાળકી થરથર ધ્રૂજી ઉઠી હતી. જોકે, હવસખોરના ગયા બાદ માસૂમે હિંમત એકઠી કરી આખી ઘટના માતા-પિતાને કહી સંભળાવી હતી. બાળકીના માતા-પિતાએ તાત્કાલિક કતારગામ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે બાળકીની ગંભીર હાલત અને ગુનાની ગંભીરતા જોઈ તુરંત જ બળાત્કાર અને પોક્સો (POCSO) હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

---

વોર્ડ-10 માં 142 કાર્યકર્તાઓની પડાપડી; મજૂરા-અલથાણમાં દાવેદારોની 'સેન્ચુરી'; પાટીદાર વિસ્તારોમાં નિરસતા

# ભાજપના સેન્સની પ્રક્રિયા પૂર્ણ, 120 બેઠકો માટે 2078 દાવેદારો

• સુરત

સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. શહેરની 30 વોર્ડની કુલ 120 બેઠકો માટે ઉમેદવારો પસંદ કરવા ભારતીય જનતા પાર્ટી દ્વારા ત્રણ દિવસીય 'સેન્સ' પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ભાજપના મુખ્ય કાર્યાલય ખાતે યોજાયેલી આ પ્રક્રિયાના અંતે ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. 120 બેઠકો માટે કુલ 2078 કાર્યકર્તાઓએ પોતાની દાવેદારી નોંધાવી છે, જે દર્શાવે છે કે સત્તાધારી પક્ષમાં ટિકિટ મેળવવા માટે ભારે ખેંચતાણ થવાની શક્યતા છે. પ્રદેશ નેતૃત્વની દેખરેખ હેઠળ ચાલેલી આ પ્રક્રિયામાં હવે ટિકિટ કોને મળશે તે જોવું રસપ્રદ રહેશે. ભાજપ માટે સૌથી 'સિક્યોર' ગણાતી બેઠકો પર કાર્યકર્તાઓનો ભારે ધસારો જોવા મળ્યો છે. ખાસ કરીને પશ્ચિમ વિસ્તારમાં આવતા વોર્ડ નંબર 10 (અડાજણ-પાલ-ઈચ્છાપોર) માં સૌથી વધુ 142 દાવેદારોએ પોતાની દાવેદારી રજૂ કરી છે. આ વિસ્તાર ભાજપનો ગઢ મનાય છે, જેના કારણે અહીં ટિકિટ મેળવવા માટે હોડ જામી છે. આ ઉપરાંત અલ્થાણ-બમરોલી (વોર્ડ 29) અને ખટોદરા-મજૂરા (વોર્ડ 20) માં પણ દાવેદારોની સંખ્યા 100 ને પાર કરી ગઈ છે. સલામત બેઠકો પર કાર્યકર્તાઓનો આત્મવિશ્વાસ છલકાઈ રહ્યો છે, જે સંગઠન માટે પસંદગીનો પડકાર ઊભો કરી શકે છે. બીજી તરફ, જે વિસ્તારોમાં અગાઉ આમ આદમી પાર્ટી (AAP) એ ભાજપના ગઢમાં ગાબડું પાડ્યું હતું, ત્યાં ભાજપના કાર્યકર્તાઓમાં હજુ પણ થોડી નિરસતા જોવા મળી રહી છે. ખાસ કરીને વરાછા અને કાપોદ્રા જેવા પાટીદાર બહુલ વિસ્તારોમાં દાવેદારોની સંખ્યા પ્રમાણમાં ઓછી છે. વોર્ડ નંબર 4 (કાપોદ્રા) માં સૌથી ઓછી એટલે કે માત્ર 34 દાવેદારી નોંધાઈ છે. તેવી જ રીતે પુણા પૂર્વ (વોર્ડ 17) માં 37 અને ફૂલપાડા-અશ્વિનીકુમાર (વોર્ડ 5) માં માત્ર 41 દાવેદારોએ રસ દાખવ્યો છે. આ વિસ્તારોમાં રાજકીય સમીકરણો કઠિન હોવાને કારણે કાર્યકર્તાઓ સાવચેતી વર્તી રહ્યા હોય તેવું જણાય છે. સેન્સ પ્રક્રિયાના ત્રણેય દિવસ દરમિયાન ભાજપ કાર્યાલય કાર્યકર્તાઓથી ઉભરાયું હતું. પ્રથમ દિવસે 12 વોર્ડ માટે આશરે 800 જેટલા કાર્યકર્તાઓએ નિરીક્ષકો સમક્ષ પોતાની વાત મૂકી હતી. બીજા દિવસે પણ 12 વોર્ડ માટે 778 દાવેદારો મેદાનમાં આવ્યા હતા. જ્યારે છેલ્લા દિવસે બાકી રહેલા 6 વોર્ડ માટે 500 જેટલા કાર્યકર્તાઓએ દાવેદારી નોંધાવી હતી. આમ, કુલ 2078 લોકોએ સુરતના વિકાસમાં કોર્પોરેટર તરીકે ભાગીદાર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. દરેક વોર્ડ દીઠ સરેરાશ 60 થી વધુ દાવેદારો નોંધાયા છે, જે ટિકિટ વિતરણ વખતે નેતાઓની કસોટી કરશે. શહેરના વિવિધ ઝોન મુજબ દાવેદારીની વિગતો તપાસતા માલુમ પડે છે કે રાંદેર અને અઠવા ઝોનમાં દાવેદારોની સંખ્યા નોંધપાત્ર છે. વોર્ડ નંબર 11 (અડાજણ-ગોરાટ) માં 96 અને વોર્ડ નંબર 29 (અલ્થાણ-વડોદ) માં 101 દાવેદારો છે. મધ્ય સુરતની વાત કરીએ તો વોર્ડ નંબર 13 (વાડીફળીયા-બેગમપુરા) માં 94 દાવેદારોએ ઝંપલાવ્યું છે. લિંબાયત અને ઉધના વિસ્તારમાં પણ સરેરાશ 60 થી 80 દાવેદારો દરેક વોર્ડમાં જોવા મળી રહ્યા છે. આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે ભાજપના કાર્યકર્તાઓ ચૂંટણી લડવા માટે કેટલા ઉત્સાહિત છે. પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં સંકલન બેઠક, ટિકિટના માપદંડો પર ચર્ચા

સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયાના તુરંત બાદ ભાજપના સંગઠનમાં ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. પ્રદેશ મહામંત્રી અને સુરત શહેર પ્રભારી પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજાઈ હતી.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

# પંજાબે T-20માં ભારતનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો:9મી વખત 200+ ટાર્ગેટ ચેઝ કર્યો

## ટીમ માટે આયુષ મ્હાત્રેએ 73 રનની ઈનિંગ રમી, જોકે તેમને બે વાર જીવનદાન પણ મળ્યું

• ચેન્નઈ

IPLની 7મી મેચમાં પંજાબ કિંગ્સે ચેન્નઈ સુપર કિંગ્સને 5 વિકેટે હરાવ્યું. ચેપોકમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ચેન્નઈએ 5 વિકેટે 208 રન બનાવ્યા. ટીમ માટે આયુષ મ્હાત્રેએ 73 રનની ઈનિંગ રમી, જોકે તેમને બે વાર જીવનદાન પણ મળ્યું. જવાબમાં પંજાબે 18.4 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું. આ જીત સાથે પંજાબે ટી-20 ક્રિકેટમાં ભારતનો વર્લ્ડ રેકોર્ડ તોડીને 9મી વખત 200+ રનચેઝ કર્યું. જ્યારે ચેન્નઈએ આ મેચમાં 36મી વખત 200+ સ્કોર બનાવ્યો. પંજાબ કિંગ્સે ટી-20 ક્રિકેટમાં ભારતનો રેકોર્ડ તોડ્યો. ટીમે 200+ રનચેઝના મામલે 9મી જીત નોંધાવી. આ પહેલા ભારતની ટીમે 8 વખત 200+ રનચેઝ કર્યો હતો. ઓસ્ટ્રેલિયાએ 7 અને મુંબઈ ઈન્ડિયન્સે 6 વખત આ કારનામું કર્યું છે. પંજાબ કિંગ્સે પોતાનો બીજો સૌથી મોટો રનચેઝ કર્યો. ટીમે 210 રનનો ટાર્ગેટ 18.4 ઓવરમાં હાંસલ કર્યો. ટીમનો સૌથી મોટો રનચેઝ 262 રનનો છે. આ પંજાબે 2024માં ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સામે હાંસલ કર્યો હતો. ચેન્નઈ સુપર કિંગ્સ IPLમાં સૌથી વધુ 200+ સ્કોર બનાવનારી ટીમ બની ગઈ છે. ટીમે અત્યાર સુધીમાં 36 વખત 200નો આંકડો પાર કર્યો છે. ત્યારબાદ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 35 વખત આ સ્કોર સુધી પહોંચી છે. બીજી



ઓવરમાં ચેન્નઈની પહેલી વિકેટ પડી. ઓવરનો છઠ્ઠો બોલ ઝેવિયર બાર્ટલેટે ઓફ સ્ટમ્પની બહાર ફેંક્યો. સંજુ સેમસન ડ્રાઈવ રમવા માટે પાછળ હટ્યો, પરંતુ બોલની મૂવમેન્ટને કવર કરી શક્યો નહીં અને બેટની હળવી કિનારી લાગી ગઈ. બોલ સીધો વિકેટકીપર પ્રભસિમરન સિંહ પાસે ગયો, જેમણે સરળ કેચ પકડી લીધો. સંજુ 7 રન બનાવીને આઉટ થયો. નવમી ઓવરમાં ચેન્નઈના બેટર આયુષ મ્હાત્રેએ સિક્સર ફટકારીને અડધી સદી પૂરી કરી. ઓવરનો પહેલો બોલ માર્કસ સ્ટોઈનિસે ધીમો ફેંક્યો. મ્હાત્રેએ આગળ વધીને શોટ રમ્યો અને બોલને લોંગ-ઓફ ઉપરથી સિક્સર માટે મોકલી દીધો. મિડલ ઓવર્સમાં ચેન્નઈના બેટર આયુષ મ્હાત્રેને બે મોટા જીવનદાન મળ્યા. 10મી ઓવરના બીજા બોલ પર યુઝવેન્દ્ર ચહલે લેગ બ્રેક નાખી, જેના પર મ્હાત્રે સ્લોગ સ્વીપ રમવા ગયા, પરંતુ બોલ બેટના ઉપરના કિનારેથી વાગીને હવામાં ગયો. વૈશાખ આગળ દોડતા પહોંચ્યા, ડાઈવ પણ લગાવી, પરંતુ બોલ હાથમાં આવ્યા પછી છટકી ગયો અને કેચ છૂટી ગયો. ત્યારબાદ 12મી ઓવરની ચોથી બોલ પર ચહલે ફરી તક બનાવી. તેમણે બોલને ફ્લાઈટ આપીને બેટરને મોટો શોટ રમવા લલચાવ્યો. મ્હાત્રે આગળ વધીને શોટ રમવા ગયા, પરંતુ બોલ ટર્ન થઈને બેટના કિનારે એક્સ્ટ્રા કવર તરફ ગયો. શશાંક દોડતા આવ્યા, સ્લાઈડ કરતા બંને હાથથી કેચ પકડવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ હાથમાંથી છટકી ગયો. આ રીતે મ્હાત્રેને સતત બીજું જીવનદાન મળ્યું.

**દબાણ**

### ન તો કોહલી ન તો રવિ શાસ્ત્રીએ સીધી વાત કરી

# ફિટનેસના નામે નિવૃત્તિ માટે દબાણ કર્યું; ધોનીએ ફોન કરીને સત્ય કહ્યું, વર્લ્ડ કપ હીરો યુવરાજે 14 વર્ષે બળાપો ઠાલવ્યો

## યુવરાજે એવો પણ આરોપ લગાવ્યો કે મેનેજમેન્ટે તેમને નિવૃત્તિ લેવા માટે મજબૂર કરવાનો પ્રયાસ કર્યો હતો

2011 વર્લ્ડ કપના હીરો રહેલા યુવરાજ સિંહે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ધોની પાસેથી જાણવા મળ્યું હતું કે હવે સિલેક્ટર્સ તેમના નામ પર વિચાર કરી રહ્યા નથી. આ પછી જ યુવરાજે 10 જૂન 2019ના રોજ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસ લઈ લીધો હતો. સ્પોર્ટ્સ તક સાથેની વાતચીતમાં યુવરાજે કહ્યું કે 36-37 વર્ષની ઉંમરે જ્યારે તેઓ ટીમમાંથી અંદર-બહાર થઈ રહ્યા હતા, ત્યારે ન તો નેશનલ ક્રિકેટ એકેડમી (NCA), ન તો કેપ્ટન વિરાટ કોહલી અને ન તો કોચ રવિ શાસ્ત્રીએ તેમની સાથે સીધી વાત કરી. યુવીએ કહ્યું, 'તે સમયે મને લાગ્યું કે હું વચ્ચે ફસાઈ ગયો છું. મેં દેશ માટે આટલું ક્રિકેટ રમ્યું, તો ઓછામાં ઓછું થોડું સન્માન અને સ્પષ્ટ વાત તો બનતી હતી, પરંતુ મને કંઈ પણ સ્પષ્ટ જણાવવામાં આવ્યું ન હતું.' યુવરાજે કહ્યું કે તેમને ક્યાંયથી કોઈ જવાબ મળી રહ્યો ન હતો, ત્યારે તેમણે મહેન્દ્ર સિંહ ધોનીને ફોન કર્યો. ધોની તે સમયે કેપ્ટન નહોતા, પરંતુ તેઓ આખી પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા હતા.

યુવરાજ મુજબ, 'ધોનીએ મને સાચો દ્રષ્ટિકોણ આપ્યો. તેમણે સ્પષ્ટ કહ્યું કે સિલેક્ટર્સ હવે આગળ જોઈ રહ્યા છે અને હું તેમની યોજનાઓનો



ભાગ નથી. ધોનીની આ વાતથી મને તે સ્પષ્ટતા મળી જે મેનેજમેન્ટ આપી શકતું ન હતું.'

યુવરાજે એવો પણ આરોપ લગાવ્યો કે મેનેજમેન્ટે તેમને નિવૃત્તિ લેવા માટે મજબૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમને કહેવામાં આવ્યું હતું કે તેઓ હવે ફિટનેસ ટેસ્ટ (યો-યો ટેસ્ટ) પાસ કરી શકશે નહીં, તેથી તેમણે રમતને અલવિદા કહી દેવું જોઈએ. આના પર તેમણે સ્પષ્ટ જવાબ આપ્યો કે નિવૃત્ત થવું એ તેમનો નિર્ણય હશે, જ્યારે ટીમમાં રમાડવા કે ન રમાડવા તે મેનેજમેન્ટનો નિર્ણય છે. યુવરાજ અંગત ટિપ્પણીઓને કારણે કોમેન્ટ્રીથી દૂર રહ્યા છેયુવરાજે એ પણ જણાવ્યું કે તેઓ અત્યાર સુધી કોમેન્ટ્રીથી દૂર કેમ રહ્યા. તેમણે સ્પષ્ટ કહ્યું કે તેઓ એવા લોકો સાથે બેસીને કામ કરવા માંગતા નથી, જેમણે તેમના વિશે અંગત (પર્સનલ) ટિપ્પણીઓ કરી હતી.

તેમણે કહ્યું, 'હવે જ્યારે હું નિવૃત્ત થઈ ગયો છું, ત્યારે આ વિશે ખુલ્લેઆમ બોલી શકું છું. અસલી કારણ એ છે કે કેટલાક લોકોએ મારી રમત પર નહીં, પરંતુ મારા પર અંગત ટિપ્પણીઓ કરી હતી. રમતની વાત સમજમાં આવે છે, પરંતુ અંગત વાતો તમે ક્યારેય ભૂલતા નથી.' યુવરાજ સિંહે વર્ષ 2000માં પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી અને જૂન 2019માં નિવૃત્તિ લીધી હતી. તેમણે ભારત માટે 304 વનડે, 58 ટી-20 અને 40 ટેસ્ટ મેચ રમી હતી, જેમાં 11,000થી વધુ રન બનાવ્યા હતા. તેઓ 2007 ટી-20 વર્લ્ડ કપ અને 2011 વનડે વર્લ્ડ કપ જીતનારી ટીમના સભ્ય રહ્યા હતા.

યુવરાજ સિંહે વનડે વર્લ્ડ કપ 2011માં શાનદાર પ્રદર્શન કરતા પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટનો પુરસ્કાર જીત્યો હતો. તેમણે 8 ઈનિંગ્સમાં 90.50ની સરેરાશથી કુલ 362 રન બનાવ્યા હતા, જેમાં ચાર અડધી સદી અને એક સદીનો સમાવેશ થતો હતો. તેમણે ટુર્નામેન્ટમાં 15 વિકેટ પણ ઝડપી હતી. યુવરાજ ટુર્નામેન્ટમાં ચાર વખત પ્લેયર ઓફ ધ મેચ બન્યા અને અંતે તેમને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તરીકે પસંદ કરવામાં આવ્યા.

ટુર્નામેન્ટ પછી યુવરાજને કેન્સર હોવાનું નિદાન થયું, ત્યારબાદ તેમની સારવાર ચાલી. આ પછી તેઓ એક વર્ષથી વધુ સમય સુધી ટીમ ઈન્ડિયામાંથી બહાર રહ્યા. સંપૂર્ણ સ્વસ્થ થયા પછી તેમણે સપ્ટેમ્બર 2012માં ન્યુઝીલેન્ડ સામેની ટી-20 મેચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી. 2007માં મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાનીમાં ભારતે પ્રથમ ટી-20 વર્લ્ડ કપ જીત્યો હતો. યુવરાજ સિંહે આ ટુર્નામેન્ટમાં ઈંગ્લેન્ડ સામે એક ઓવરમાં છ છગ્ગા ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. તેમણે આ જ મેચમાં માત્ર 12 બોલમાં અડધી સદી ફટકારીને એક વધુ મોટો રેકોર્ડ બનાવ્યો. આ આજે પણ ભારત તરફથી ટી-20 ક્રિકેટમાં સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ છે. આઉટ થતા પહેલા યુવરાજે 16 બોલમાં 58 રનની વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી.

### સ્વભાવમાં ચીડિયાપણું વધી રહ્યું છે'; 'માતા-પિતા તરીકે અમારે શું કરવું?'

# 'દીકરાને ઓનલાઈન ગેમિંગની લત લાગી ગઈ છે':'ભણવામાં ધ્યાન નથી આપતો,

## કિશોરાવસ્થામાં બાળકોનું મગજ ઝડપથી બદલાઈ રહ્યું હોય છે. આ ઉંમરે તેમને રોમાંચ અને સિદ્ધિની જરૂરિયાત અનુભવાય છે

પ્રશ્ન- હું અજમેરથી છું. મારો 15 વર્ષનો દીકરો છે. છેલ્લા કેટલાક સમયથી તેને ઓનલાઈન ગેમ રમવાની આદત પડી ગઈ છે. તે રોજ કલાકો સુધી મોબાઈલ કે કમ્પ્યુટર પર ગેમ રમતો રહે છે. અમે બંને વર્કિંગ છીએ. જ્યારે તે નાનો હતો, ત્યારે અમે તેને વ્યસ્ત રાખવા માટે ઘણીવાર મોબાઈલ પકડાવી દેતા હતા.

સ્કૂલમાંથી પણ ફરિયાદ આવી રહી છે કે ભણવામાં તેનું મન લાગતું નથી. તેનું પ્રદર્શન સતત નબળું પડી રહ્યું છે. કંઈ કહીએ તો ગુસ્સે થઈ જાય છે. અમને તેની તબિયત, ભણતર અને ભવિષ્યની ચિંતા છે. માતા-પિતા તરીકે અમારે શું કરવું જોઈએ?

નિષ્ણાતઃ ડૉ. અમિતા શ્રૃંગી,



સાયકોલોજિસ્ટ, ફેમિલી એન્ડ ચાઈલ્ડ કાઉન્સેલર, જયપુર

જવાબ- પ્રશ્ન પૂછવા બદલ આભાર. તમારી ચિંતા વાજબી છે, પરંતુ કાઉન્સેલર તરીકે હું સૌથી પહેલા એ કહેવા માંગીશ કે પોતાને 'દોષી' માનવાનું બંધ કરો. તમે અજાણતામાં બાળકને ગેજેટ્સ આપ્યા જેથી તમે કામ કરી શકો. તે સમયે તમને તેના દુષ્પરિણામો વિશે ખબર નહોતી. પરંતુ હવે તેને ગેમિંગની લત લાગી ગઈ છે, તો આ સમય દોષ આપવાનો નહીં, પરંતુ 'ડેમેજ કંટ્રોલ' કરવાનો છે.

તમારો દીકરો 'ડોપામાઈન લૂપ'માં ફસાયેલો છે. ઓનલાઈન ગેમ્સને એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે દરેક લેવલ પાર કરવા પર ખુશીનો અહેસાસ કરાવતો 'ડોપામાઈન' હોર્મોન રિલીઝ થાય છે. આવી સ્થિતિમાં બાળકોનું ઓનલાઈન ગેમ્સ તરફ આકર્ષિત થવું સ્વાભાવિક છે. પરંતુ જ્યારે તેનાથી રોજિંદા જીવન પર અસર થવા લાગે, ત્યારે તે ચિંતાનો વિષય છે. યોગ્ય વ્યૂહરચના અને ધૈર્ય સાથે આ સ્થિતિને બદલી શકાય છે.

બાળકોને ઓનલાઈન ગેમિંગની લત કેમ લાગે છે?

કિશોરાવસ્થામાં બાળકોનું મગજ ઝડપથી બદલાઈ રહ્યું હોય છે. આ ઉંમરે તેમને રોમાંચ અને સિદ્ધિની જરૂરિયાત અનુભવાય છે. ઓનલાઈન ગેમ્સ આ બધી જરૂરિયાતો પૂરી પાડે છે. આ જ કારણ છે કે બાળકો તેમાં ઝડપથી ફસાઈ જાય છે.

આ ઉપરાંત, ગેમ્સને એવી રીતે ડિઝાઈન કરવામાં આવે છે કે દર મિનિટે કોઈ નવો રિવોર્ડ, લેવલ કે ચેલેન્જ મળે. તેથી બાળકને વારંવાર રમવાની ઈચ્છા થાય છે. જો ઘરમાં એકલતા હોય અથવા બાળકની પાસે સમય પસાર કરવાના મર્યાદિત વિકલ્પો હોય, તો ગેમિંગ ધીમે ધીમે લત બની જાય છે. ગેમિંગની લતના ઘણા કારણો હોઈ શકે છે.

ઓનલાઈન ગેમિંગ એડિક્શનની બાળક પર અસર

વાલીઓને લાગે છે કે ઓનલાઈન ગેમની લત માત્ર અભ્યાસને અસર કરે છે. પરંતુ વાસ્તવમાં તેની અસર બાળકના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર પડે છે.

# ટેક દિગ્ગજો હવે AIના 'કઠોર બોસ' બન્યા! AI સૈન્ય પાસે ઓવરટાઈમ કરાવે છે

• ધ ન્યૂયોર્ક ટાઈમ્સ

દાયકાઓથી જે એન્જિનિયરો કી-બોર્ડ પર કોડિંગની ભાષામાં કમાન્ડ ટાઈપ કરતા હતા, તેઓ હવે કમ્પ્યુટર સામે બેસીને એવી હરકતો કરી રહ્યા છે, જે કોઈને પણ માથું ખંજવાળવા મજબૂર કરી દે. સિલિકોન વેલીના પ્રોગ્રામર્સ હવે કોડિંગ નથી કરી રહ્યા, પરંતુ તેઓ પોતાની 'AI ફોજ' સાથે એવી રીતે વર્તી રહ્યા છે, જાણે કે તેઓ કોઈ મશીન નહીં, પરંતુ નખરાં કરનારા કર્મચારીઓ હોય. સેન ફ્રાન્સિસ્કોની પાર્ટીઓમાં દ્રશ્ય બિલકુલ બદલાઈ ગયું છે. લોકો મુલાકાત નથી કરી રહ્યા, પરંતુ વારંવાર પોતાના લેપટોપની સ્ક્રીનને એવી રીતે ઘૂરી રહ્યા છે, જાણે કે કોઈ નવજાત શિશુ પર નજર રાખી રહ્યા હોય. આને 'એજન્ટ બેબી સિટિંગ' કહેવામાં આવી રહ્યું છે. જો સ્ક્રીન બંધ થઈ ગઈ, તો AI કામ કરવાનું બંધ કરી દેશે. એટલે, એન્જિનિયરો હવે પોતાની 'ડિજિટલ ફોજ'ને સૂતી છોડીને ક્યાંય જતા નથી. સૂતા પહેલા પણ તેઓ એ ચેક કરે છે કે, તેમના બોટ્સ 'ઓવરટાઈમ' કરી રહ્યા છે કે નહીં. દરેક જણ જોઈ રહ્યું છે કે તેની 'AI એજન્ટ્સ'નું સૈન્ય કેટલું સજ્જ છે. સૌથી અનોખો બદલાવ



એ છે કે, એન્જિનિયરો હવે AIને ટેકનિકલ આદેશો આપવાને બદલે ભાવનાત્મક દબાણ લાવી રહ્યા છે. મનુ એબર્ટ જેવા અનુભવી કોડર AI એજન્ટને કહે છે- 'જો કોડ ખોટો હશે, તો તે શરમજનક હશે.' આશ્ચર્યજનક રીતે, 'શરમજનક' જેવા માનવીય શબ્દોનો ઉપયોગ કરવાથી AI વધુ સારા પરિણામો આપે છે. હવે એન્જિનિયરો AI પર બૂમો પાડે છે, તેને 'કડક આદેશો' આપે છે અને ક્યારેક ઠપકો પણ આપે છે. એક સમયે રહસ્યમય કળા ગણાતી કોડિંગ હવે 'ટોક શો' બની ગઈ છે. જેફ સીબર્ટ જેવા અનુભવી CEO હવે કોડિંગ કરતા નથી, તેઓ ફક્ત AI સાથે વાત કરે છે. તેઓ તેને નિર્દેશો આપે છે, તેની યોજનાઓ પર ચર્ચા કરે છે અને જ્યારે AI 'જૂઠું' બોલવા માંડે છે, ત્યારે તેને કડક બોસની જેમ ઠપકો આપે છે. આ ગાંડપણ એટલું વધી ગયું છે કે, એન્જિનિયરો હવે AI સાથે રમવાનું પસંદ કરી રહ્યા છે. તેમને 'ટોકન એન્ઝાયટી' થઈ રહી છે - એટલે કે, આ ડર કે ક્યાંક તેમના બોટ્સ બીજાના બોટ્સ કરતાં ધીમા કામ તો નથી કરી રહ્યા. આ કોડિંગ નથી, પરંતુ રમતનો ભાગ બનવા જેવો અહેસાસ છે.

# મોબાઈલ ફોન પર પ્રતિબંધ મુકાતા 75% વિદ્યાર્થીઓનું ધ્યાન અભ્યાસમાં વધ્યું!

• એમ્સ્ટર્ડમ

નેધરલેન્ડ્સની શાળાઓમાં બે વર્ષ પહેલાં લાગુ કરાયેલા સ્માર્ટફોન પ્રતિબંધની અસર હવે સ્પષ્ટ દેખાઈ રહી છે. ક્લાસરૂમ, કોરિડોર અને કેન્ટીનમાં મોબાઈલની સાથે સ્માર્ટવોચ અને ટેકનેટ પણ પ્રતિબંધિત કરી દેવામાં આવ્યા છે. શાળાના ગેટ પર લાગેલા બોર્ડ વિદ્યાર્થીઓને યાદ અપાવે છે કે, ફોન ફક્ત લોકરમાં જ રહેશે. સરકાર હવે તેને આગળ વધારતા 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધની હિમાયત કરી રહી છે. સરકાર દ્વારા 317 માધ્યમિક શાળાઓ પર કરાયેલા અભ્યાસમાં લગભગ 75% શાળાઓએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓની એકાગ્રતા વધી છે. 66% શાળાઓએ સામાજિક વાતાવરણ સુધર્યું હોવાની પુષ્ટિ કરી. જ્યારે, લગભગ એક તૃતીયાંશ શાળાઓમાં શૈક્ષણિક પ્રદર્શનમાં પણ સુધારો નોંધાયો. ઘણા વિદ્યાર્થીઓ કહી રહ્યા છે કે, ડિજિટલ દુનિયામાંથી બહાર નીકળીને તેઓ વર્તમાનને વધુ સારી રીતે જીવી રહ્યા છે. સરકારે કડક કાયદા બનાવવાને બદલે શાળાઓ, વાલીઓ અને શિક્ષકો સાથે રાષ્ટ્રીય કરાર કર્યો હતો. હેતુ લાંબી કાનૂની પ્રક્રિયા ટાળીને સૌનો સહયોગ લેવાનો અને નિયમો તાત્કાલિક લાગુ કરવાનો હતો. શિક્ષકોના મતે, ફોન ન હોવાને કારણે બાળકો શિસ્તબદ્ધ રીતે અભ્યાસ પર વધુ ધ્યાન આપી રહી છે. બ્રેક અને કોરિડોરમાં પણ પહેલા જેવી અફરાતફરી ઓછી થઈ છે, જેનાથી વાતાવરણ વધુ શાંત બન્યું છે. ફોન પ્રતિબંધ પછી વિદ્યાર્થીઓમાં એ ડર ઓછો થયો છે કે કોઈ તેમનો ફોટો લઈને સોશિયલ મીડિયા પર મૂકી દેશે. પ્રારંભિક સંકેતો દર્શાવે છે કે, શાળાઓમાં બુલિંગના કેસોમાં પણ ઘટાડો થયો છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે, સ્ક્રીનથી દૂર રહેવાથી તેઓ વધુ સામાજિક બન્યા છે. યુનિસેફના સર્વેમાં 69% ડચ બાળકો અને કિશોરોએ 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે સોશિયલ મીડિયા પ્રતિબંધનું સમર્થન કર્યું. રિસર્ચ એજન્સી ન્યૂકોમ અનુસાર, 16 થી 28 વર્ષના 60% લોકો પણ ઉંમર મર્યાદા નક્કી કરવાના પક્ષમાં છે.

# કાર્ટિયર ઘડિયાળોથી 300% સુધીનો નફો, રોલેક્સ પછડાઈ:રોકાણમાં હવે માત્ર શેર કે સોનું જ નફાની ગેરંટી નથી

• મ્યુનિક/પેરિસ

શું તમારી કાંડા પર બાંધેલી ઘડિયાળ તમારી બેંક FD, શેર કે રિયલ એસ્ટેટ કરતાં વધુ સારું વળતર આપી શકે છે? લક્ઝરી ઘડિયાળ બજારના તાજેતરના આંકડા કંઈક આ જ તરફ ઈશારો કરી રહ્યા છે. ઓનલાઈન ઘડિયાળ માર્કેટપ્લેસ 'ક્રોનો24'ના રિપોર્ટમાંથી એક રસપ્રદ ટ્રેન્ડ સામે આવ્યો છે. તે ટ્રેન્ડ એ છે કે મોંઘા અને હાઈ-એન્ડ ઘડિયાળ મોડેલ રોલેક્સ, પાટેક ફિલિપની સરખામણીમાં કાર્ટિયર જેવી મિડ રેન્જની લક્ઝરી બ્રાન્ડ્સે વધુ સારો નફો આપ્યો. રિપોર્ટ અનુસાર વર્ષ 2018 થી લઈને 2026 દરમિયાન પેરિસ સ્થિત જ્વેલર કંપની કાર્ટિયરની 'ટેન્ક વર્મીલ' ઘડિયાળની કિંમતમાં લગભગ 300%નો વધારો જોવા મળ્યો. રસપ્રદ વાત એ છે કે સૌથી વધુ નફો આપતી ટોપ-20 ઘડિયાળોની યાદીમાં રોલેક્સનું કોઈ પણ મોડેલ સ્થાન બનાવી શક્યું નહીં. રોલેક્સની સૌથી વધુ વેચાતી ડેટજસ્ટ 41ની કિંમત વર્ષ 2018થી અત્યાર સુધીમાં માત્ર 59 ટકા જ વધી છે. આ યાદીમાં કાર્ટિયરના 10, ઓમેગાના 5 અને જેગર-લેકોલ્ટ્રેના 2 મોડલ છે. આ રિપોર્ટ અનુસાર, જે ઘડિયાળોની કિંમત લાંબા ગાળા (2018-2026)માં વધી, તે 2022 પછી બજારમાં આવેલી મંદી છતાં મજબૂત રહી અને તેમની કિંમતમાં સતત વધારો થતો રહ્યો. જોકે, નિષ્ણાતોનું કહેવું છે કે રોલેક્સના મોડલ 2018 સુધીમાં પહેલેથી જ તેમની ટોચની કિંમત પર હતા.

### રેડ લાઈટ થેરાપી' બની સ્વાસ્થ્ય માટે ગ્રીન સિગ્નલ

# કોષોને યુવાન રાખે છે, ઘા પણ ઝડપથી રૂઝાય છે 2030 સુધીમાં 9000 કરોડની ઈન્ડસ્ટ્રી બનશે

• ન્યૂયોર્ક

વર્ષ 2021માં ડર્મેટોલોજિસ્ટ ડેવિડ ઓજોગના 18 વર્ષીય દીકરાને 'સ્ટ્રોક' આવ્યો. જ્યારે હાર્વર્ડ યુનિવર્સિટીના એક સહકર્મી ડોક્ટરે માથા પર 'રેડ અને નીયર-ઈન્ફ્રારેડ લાઈટ'ના ઉપયોગની સલાહ આપી, ત્યારે ઓજોગને આ મજાક લાગી, પરંતુ આજે તેમનો દીકરો ન માત્ર ચાલવામાં જ સક્ષમ છે, પરંતુ યુનિવર્સિટી પણ પાછો ફર્યો છે. ઓજોગ હવે આ થેરાપીના મોટા સમર્થક છે. ક્યારેક 'ફ્રિન્જ' (અપરંપરાગત) ગણાતી આ ટેકનિક હવે મુખ્ય પ્રવાહનો ભાગ બની રહી છે. વર્ષ 2030 સુધીમાં તેનું વૈશ્વિક બજાર 9 હજાર કરોડ રૂપિયાથી વધુ થવાનો અંદાજ



છે. આને વૈજ્ઞાનિક ભાષામાં 'ફોટોબાયોમોડ્યુલેશન' કહે છે. એમાં 600 થી 1100 નેનોમીટરની તરંગલંબાઈવાળી રેડ (લાલ) અને નીયર-ઈન્ફ્રારેડ રોશનીનો ઉપયોગ થાય છે. આ સૂર્યપ્રકાશનો જ એક મોટો ભાગ છે. આ થેરાપી LED પેનલ, માસ્ક કે લેઝર ડિવાઈસ દ્વારા આપવામાં આવે છે. 1960ના દાયકામાં હંગેરીના વૈજ્ઞાનિકોએ અચાનક શોધી કાઢ્યું કે, લાલ રોશની ઉંદરોના વાળ ઉગાડવામાં મદદ કરે છે. 1990માં નાસાના વૈજ્ઞાનિકોએ જોયું કે, અવકાશમાં છોડ ઉગાડતી રેડ એલઈડી લાઈટથી હાથના ઘા ઝડપથી રૂઝાઈ રહ્યા હતા. આપણા શરીરના દરેક કોષમાં એક ભાગ હોય છે, જેને માઈટોકોન્ડ્રિયા કહેવાય છે, જે ઊર્જા બનાવવાનું કામ કરે છે. જ્યારે લાલ પ્રકાશ શરીર પર નાખવામાં આવે છે, ત્યારે તે અંદર સુધી પહોંચીને કોષો દ્વારા શોષાઈ જાય છે. આનાથી માઈટોકોન્ડ્રિયા વધુ સક્રિય બને છે અને શરીરમાં ઊર્જા બનવાની પ્રક્રિયા ઝડપી બને છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, લોકો આજકાલ મોટાભાગનો સમય ઘરોમાં વિતાવી રહ્યા છે. ઊર્જા બચાવતી આધુનિક લાઈટિંગે 'સ્પેક્ટ્રમ'ને સાંકડું કરી દીધું છે.

### હાથમાં સિગારેટ-બોલ્ડ લુકથી અંજાઈ પરવીનને ડિરેક્ટર ફિલ્મ ઓફર કરી

# 3 લિવ-ઈન રિલેશનશિપમાં રહી, 'બિગ બી'ને હત્યારા માનતા; જૂનાગઢની રાજકુમારી બોલિવૂડમાં હીરોઈન બની

## 1947માં બ્રિટિશ શાસન સમાપ્ત થતાં રિયાસતો સમાપ્ત કરીને સરકારો બનાવવામાં આવવા લાગી અને ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા

લગભગ 450 વર્ષ પહેલાં પશ્તૂન બાબી વંશ મુઘલ શાસક હુમાયુ સાથે ગુજરાત પહોંચ્યો. આ અફઘાનિસ્તાનનો શાહી પરિવાર હતો, જે મુઘલ સામ્રાજ્યનો મહત્વનો ભાગ બન્યો અને ઘણી રિયાસતો પર શાસન કર્યું. મુઘલ સત્તા નબળી પડતાં બાબી અને મરાઠા (ગાયકવાડ વંશ) વચ્ચે યુદ્ધ થયું, જેમાં મરાઠાઓએ મોટાભાગના ગુજરાત પર કબજો કર્યો, પરંતુ બાબીએ જૂનાગઢ, રાધનપુર અને બાલાસિનોર પર શાસન ચાલુ રાખ્યું. મોહમ્મદ મહાબત ખાન-3, જૂનાગઢ રિયાસતના છેલ્લા નવાબ હતા.

મહાબત ખાનના એક નજીકના સંબંધી વલી મોહમ્મદ ખાન બાબી હતા. તેમણે 1940માં જમાલ બખ્તે બાબી સાથે લગ્ન કર્યા. વર્ષો સુધી તેમને સંતાન ન થયું. 1947માં બ્રિટિશ શાસન સમાપ્ત થતાં રિયાસતો સમાપ્ત કરીને સરકારો બનાવવામાં આવવા લાગી અને ભારત-પાકિસ્તાનના ભાગલા પડ્યા. 15 ઑગસ્ટ 1947 ના રોજ છેલ્લા નવાબ મહાબત ખાને જૂનાગઢને પાકિસ્તાનમાં ભેળવવાની ઘોષણા કરી, જેના પર લોકોએ વાંધો ઉઠાવ્યો. 20 ફેબ્રુઆરી 1948 ના જનમતમાં 99% થી વધુ લોકોએ ભારતમાં જોડાવાનો નિર્ણય કર્યો. જ્યારે સરકાર બની ત્યારે જૂનાગઢના નવાબ મહાબતના નજીકના સંબંધી વલી મોહમ્મદ ખાનની પણ રિયાસત લઈ લેવામાં આવી અને બદલામાં તેમને 100 વીઘા જમીન એટલે કે 40 એકર (17 લાખ 42 હજાર ચોરસ ફૂટ)આપવામાં આવી.

રાજશાહી સમાપ્ત થયા છતાં તેઓ શાહી જીવન જીવતા હતા. લગ્નના 14 વર્ષ પછી તેમના ઘરે પારણું બંધાયું. પત્ની જમાલ બખ્તે જૂનાગઢની શાહી હવેલીમાં 4 એપ્રિલ 1954ના રોજ પુત્રીને જન્મ આપ્યો. નામ આપવામાં આવ્યું, પરવીન સુલતાના વલી મોહમ્મદ ખાનજી બાબી. એ જ પરવીન બાબી જે હિન્દી સિનેમાની પ્રખ્યાત અને ટોચની એક્ટ્રેસમાં સામેલ હતી. એ જ પરવીન બાબી જે તેમના ગ્લેમર, વેસ્ટર્નાઈઝેશન અને સમયથી આગળની વિચારસરણી માટે જાણીતા હતા. જ્યારે મહિલાઓ પડદા પર પણ સિગારેટ પકડવાથી ખચકાતી હતી, ત્યારે પરવીન બાબી મિની સ્કર્ટ પહેરીને રસ્તાઓ પર સિગારેટ પીતા ફરતા હતા. જ્યારે ડિરેક્ટર બી.આર. ઈશારાએ તેમને પહેલીવાર જોયા, ત્યારે તેમની આ જ બોલ્ડનેસના દીવાના થઈ ગયા અને તેમને તરત જ ફિલ્મ ઓફર કરી દીધી. આજે પરવીન બાબીની 72મી જન્મજયંતિ છે. જો આજે તેઓ જીવિત હોત, તો પોતાનો



72મો જન્મદિવસ ઉજવી રહ્યા હોત. તેમના જીવનના છેલ્લા દિવસો ખૂબ જ દર્દનાક હતા. એકલતાની હદ એ હતી કે જ્યારે તેમનું મૃત્યુ થયું ત્યારે 4 દિવસ સુધી તેમનો મૃતદેહ બંધ ઘરમાં સડતો રહ્યો.

આજે પરવીન બાબીની બર્થ એનિવર્સરીના અવસરે જાણો તેમના સમયથી આગળ ચાલવા અને જીવન સાથે જોડાયેલા કેટલાક રસપ્રદ કિસ્સાઓ- શાહી પરિવારમાં જન્મેલી પરવીન બાબીનું બાળપણ જૂનાગઢની 54 રૂમની હવેલીમાં વીત્યું. એકમાત્ર સંતાનને વૈભવ મળ્યો અને ઘરમાં 6 નોકર હતા. 6 વર્ષની ઉંમરે પિતાનું કેન્સરથી નિધન થયું, ત્યારબાદ તે દીવાન ચોકની બે માળની હવેલીમાં રહેવા લાગી.

પરવીન બાબીની જૂનાગઢ સ્થિત હવેલીને આ જ વર્ષે ધ્વસ્ત કરી દેવામાં આવી. અભ્યાસ ગુજરાતી માધ્યમની શાળામાંથી થયો. 14 વર્ષની ઉંમરે માતાએ તેમને ભણવા માટે અમદાવાદ મોકલ્યા, જોકે પરિવાર આના વિરુદ્ધ હતો. શરત રાખવામાં આવી કે જલ્દી લગ્ન કરાવવામાં આવશે, જેના પર માતા માની ગયા અને તેમનો પ્રવેશ સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં થયો. કોલેજમાં કોર્સ ન હોવા છતાં પરવીન બાબીએ જાતે જ ફર્રાટેદાર અંગ્રેજી બોલતા શીખ્યું. આગળ તેમણે ઈંગ્લિશ અને સાયકોલોજીમાં બેચલર ડિગ્રી લીધી અને અંગ્રેજીમાં માસ્ટર ડિગ્રી.

શરત મુજબ 15 વર્ષની ઉંમરે પરવીનની સગાઈ કઝિન જમીલ ખાન સાથે થઈ, જે પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સમાં પાયલટ હતા. 1971ના ભારત-પાક યુદ્ધ પછી માતાએ સગાઈ તોડી દીધી અને પરવીનને તેની જાણકારી પોસ્ટકાર્ડથી મળી. 1971માં ડિરેક્ટર બી.આર. ઈશારા અમદાવાદમાં 'એક નાવ દો કિનારે'નું શૂટિંગ કરી રહ્યા હતા. ભીડ વચ્ચે તેમની નજર એક છોકરી પર પડી, જે મિનિ સ્કર્ટમાં સિગારેટ પી રહી હતી. લાંબા કદ અને પાતળા શરીરવાળી તે છોકરી ચારમિના સિગારેટ પકડીને ઊભી હતી. તે છોકરી પરવીન બાબી હતી, જેની ઉંમર 17 વર્ષ હતી. બી.આર. ઈશારા સમજી ગયા કે તે ખાસ છે અને તેમણે ફોટોગ્રાફરને તેના ફોટા લેવા કહ્યું.

ફોટોગ્રાફરે તસવીરો લીધી અને બી.આર. ઈશારાએ પરવીનને બોલાવીને પૂછ્યું- ફિલ્મોમાં કામ કરીશ? સામાન્ય રીતે કોઈ પણ છોકરી તરત જ હા પાડી દેતી, પરંતુ પરવીને કહ્યું, જો સ્ક્રિપ્ટ ગમશે તો.

બી.આર. ઈશારા આ એક જવાબમાં સમજી ગયા કે છોકરીમાં આત્મવિશ્વાસ ભરપૂર છે. જોકે તેઓ ક્યારેય પોતાની ફિલ્મોની હીરોઈન પાસેથી કોઈ પણ પ્રકારનો કોન્ટ્રાક્ટ સાઈન કરાવતા નહોતા, પરંતુ પરવીન બાબીનો મોડર્ન લુક જોઈને તેઓ પણ વિચારમાં પડી ગયા. તેમને લાગ્યું કે ક્યાંક આ મોડર્ન વિચારોવાળી છોકરી પોતાનો વિચાર ન બદલી નાખે. તેમણે તરત જ કોન્ટ્રાક્ટ બનાવડાવ્યો, જેમાં એક જ વાત હતી કે જ્યાં સુધી તેમની ફિલ્મ ન બને, ત્યાં સુધી પરવીન કોઈ બીજી ફિલ્મનો ભાગ બની શકશે નહીં. શાહી પરિવારમાંથી આવવા છતાં પરવીને ફિલ્મોમાં આવવાનો નિર્ણય કરી લીધો.બી.આર. ઈશારા કોન્ટ્રાક્ટ પછી બીજી ફિલ્મોમાં વ્યસ્ત થઈ ગયા અને આ વાત લગભગ ભૂલી ગયા. આ દરમિયાન પરવીન બાબી સપ્ટેમ્બર 1971માં કેલિકો ડોમના ફેશન શોમાં સામેલ થયાં,.

### કન્ટેન્ટ-ડ્રિવન સ્ટોરી પસંદ કરી એક્ટ્રેસે ઈન્ડસ્ટ્રીમાં અલગ જ ઓળખ બનાવી

# બોલિવૂડમાં ચમકવા તાપસીની તપસ્યા! ફિલ્મો ફ્લોપ થઈ, પનોતીનું ટેગ લાગ્યું



દિલ્હીના એક સામાન્ય પરિવારમાંથી નીકળીને એન્જિનિયરિંગ કરનાર તાપસી પન્નુએ ક્યારેય વિચાર્યું ન હતું કે તે ગ્લેમર ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવશે. મોડેલિંગથી શરૂઆત કરીને તેમને સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તક મળી, પરંતુ ત્યાં લાંબા સમય સુધી માત્ર ગ્લેમરસ પાત્રો પૂરતી સીમિત રહી. ઘણી ફિલ્મો ફ્લોપ થવા પર તેને 'પનોતી' કહેવામાં આવી, જેનાથી આત્મવિશ્વાસને ઊંડો આઘાત લાગ્યો. બોલિવૂડમાં એન્ટ્રી સરળ ન હતી. 'ચશ્મે બદ્દૂર'થી ડેબ્યૂ કર્યા પછી નિષ્ફળતાઓ અને આત્મ-શંકાના સમયગાળામાં તાપસીએ પોતાને સંભાળી. તેણે સ્વીકાર્યું કે તે પોતાના લુક, આત્મવિશ્વાસ અને કાબિલિયતને લઈને અસુરક્ષિત અનુભવતી હતી. આ સંઘર્ષે તેમને મજબૂત બનાવ્યા અને સારા નિર્ણયો લેતા શીખવ્યું. પછી આવ્યો ટર્નિંગ પોઈન્ટ - પિંક. આ ફિલ્મે તેની છબી બદલી અને તેમને ગંભીર એક્ટ્રેસ તરીકે ઓળખ અપાવી. આ પછી તેણે કન્ટેન્ટ-ડ્રિવન ફિલ્મોનો રસ્તો પસંદ કર્યો અને ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ જગ્યા બનાવી. આજની સક્સેસ સ્ટોરીમાં તાપસી પન્નુના કરિયર અને અંગત જીવન સાથે જોડાયેલી વાતો જાણીએ.

તાપસી પન્નુનો જન્મ 1 ઓગસ્ટ 1987ના રોજ નવી દિલ્હીમાં જાટ શીખ પરિવારમાં થયો હતો. તેના પિતા દિલમોહન સિંહ પન્નુ નિવૃત્ત રિયલ એસ્ટેટ એજન્ટ છે, જ્યારે માતા નિર્મલજીત કૌર પન્નુ ગૃહિણી છે. પરિવાર શક્તિ નગરમાં રહેતો હતો અને 1984ના શીખ વિરોધી રમખાણો દરમિયાન હિંસાનો સામનો કર્યો હતો, પરંતુ પડોશીઓની મદદથી સુરક્ષિત બચી ગયા હતા. તેની એક નાની બહેન શગુન પન્નુ છે. તાપસીએ માતા જય કૌર પબ્લિક સ્કૂલ, અશોક વિહારમાંથી પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું. ત્યારબાદ તેણે ગુરુ ગોબિંદ સિંહ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર સાયન્સ અને એન્જિનિયરિંગમાં ડિગ્રી મેળવી. એન્જિનિયરિંગ પછી તે એક સોફ્ટવેર કંપનીમાં નોકરી કરતી હતી. આ દરમિયાન, પાર્ટ-ટાઈમ કંઈક નવું કરવા માટે તેણે મોડેલિંગનો પ્રયાસ કર્યો. શરૂઆતમાં હેતુ માત્ર વધારાની કમાણી અને એક્સપોઝર મેળવવાનો હતો, ગ્લેમર ઈન્ડસ્ટ્રીમાં કારકિર્દી બનાવવાનો નહીં. પરંતુ કામ મળતાં તેને લાગ્યું કે તેને આગળ વધારી શકાય છે. તાપસીએ 2008માં "ગેટ ગોર્જિયસ" ટેલેન્ટ શોમાં ભાગ લીધો, જ્યાંથી તેને ઓળખ મળી અને તેણે મોડેલિંગને પૂર્ણ-સમયની કારકિર્દી બનાવી લીધી. મોડેલિંગ દરમિયાન તેણે "પેન્ટાલૂન્સ ફેમિના મિસ ફ્રેશ ફેસ" અને "સાફી ફેમિના મિસ બ્યુટીફુલ સ્કિન" જેવા ખિતાબ જીત્યા. કોલેજ સમયમાં તાપસી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ડાન્સમાં ભાગ લેતી હતી, જેનાથી કેમેરા સામે આત્મવિશ્વાસ આવ્યો. મોડેલિંગ અસાઈનમેન્ટ્સ મળતાં લાગ્યું કે આ ક્ષેત્રમાં વૃદ્ધિ અને ઓળખ મળી શકે છે. ધીમે ધીમે તેણે ઘણી બ્રાન્ડ્સ માટે એડ શૂટ કર્યા અને ઝુકાવ વધતો ગયો. તાપસીએ ઘણી મોટી બ્રાન્ડ્સની જાહેરાતોમાં કામ કર્યું, જેમાં રિલાયન્સ ટ્રેન્ડ્સ, રેડ એફએમ 93.5, કોકા-કોલા, મોટોરોલા, પેન્ટાલૂન્સ, પીવીઆર સિનેમાઝ, સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક, ડાબર, એરટેલ, ટાટા ડોકોમો, હેવેલ્સ અને વર્ધમાનનો સમાવેશ થાય છે.

થોડા વર્ષો પછી તાપસીને લાગ્યું કે મોડેલિંગથી તેને એવી ઓળખ નથી મળી રહી જે તે ઈચ્છતી હતી. આ જ કારણોસર તેણે ફિલ્મો તરફ વળ્યા. મોડેલિંગના કારણે જ તેને સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલો બ્રેક મળ્યો. તમિલ ફિલ્મ આડુકલમના એક સીનમાં કો-એક્ટર ધનુષ સાથે તાપસી પન્નુ. તાપસીને સાઉથમાં પહેલો મોટો બ્રેક 2010માં તેલુગુ ફિલ્મ 'ઝુમ્મંડી નાદમ'થી મળ્યો, જેમાં તેણે મોહન બાબુ સાથે કામ કર્યું. આ પછી તે તમિલ ફિલ્મ 'આડુકલમ'માં ધનુષ સાથે જોવા મળી. ફિલ્મને વિવેચકો તરફથી પ્રશંસા મળી અને 58મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં ઘણા એવોર્ડ મળ્યા.

### ચહેરા પર અરુણ ગોવિલ જેવી નિર્દોષતાનો અભાવ

# રણબીરના 'રામ' લુક પર બોલ્યા સુનીલ લહેરી 'એનિમલ' પછી ભગવાન રામના રૂપમાં જોવા મુશ્કેલ



રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'નું ટીઝર રિલીઝ થયા બાદથી જ ચર્ચામાં છે. હવે રામાનંદ સાગરની 'રામાયણ'માં લક્ષ્મણનો રોલ કરનાર એક્ટર સુનીલ લહેરીએ આ અંગે પોતાનો અભિપ્રાય આપ્યો છે. સુનીલે રણબીર કપૂરના 'રામ'ના અવતાર પર સવાલો ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે રણબીરમાં તે નિર્દોષતા અને શીતળતા દેખાતી નથી, જે અરુણ ગોવિલમાં હતી. આ સાથે તેમણે ફિલ્મના મોટા બજેટ અને ભાવનાઓના તાલમેલ પર પણ પોતાની વાત રજૂ કરી છે. સુનીલ લહેરીએ એક DNA સાથેની વાતચીતમાં કહ્યું કે, કોઈ ફિલ્મને માત્ર તેના ટીઝરના આધારે જજ કરવી યોગ્ય નથી. તેમના મતે, ટીઝરમાં ભવ્ય સેટ અને અત્યાધુનિક VFX તો દેખાઈ રહ્યા છે, પરંતુ કેટલીક બાબતોએ તેમને નિરાશ કર્યા છે. સુનીલે કહ્યું, ટીઝર એક શોકેસ જેવું છે, જેમાં મેકર પોતાની ભવ્યતા અને વિઝ્યુઅલી રિચ બેકગ્રાઉન્ડ બતાવી રહ્યો છે. ટીઝર જોઈને મને કેટલાક પાસાઓથી થોડી ચીડ થઈ છે.

હનુમાન જયંતિ પર ભગવાન 'રામ'નો લુક રિવીલ કરવામાં આવ્યો હતો ભાવનાઓ વિના ફિલ્મ નહીં ચાલે સુનીલે ફિલ્મની સરખામણી દુનિયાની મોટી ફિલ્મો અને જૂની રામાયણ સાથે કરી. તેમણે કહ્યું કે 'એવેન્જર્સ' કે 'ટાઈટેનિક' જેવી ફિલ્મો એટલા માટે ચાલી કારણ કે તેમાં લાગણીઓ ખૂબ મજબૂત હતી. સુનીલે કહ્યું કે, રામાનંદ સાગરની રામાયણમાં ભલે બહુ સારા VFX કે મોટું બજેટ નહોતું, પરંતુ ભાવનાઓ એટલી મજબૂત હતી કે 38 વર્ષ પછી પણ લોકો તેને શ્રેષ્ઠ માને છે. તમે 4000-5000 કરોડ ખર્ચ કરી લો, પરંતુ જો ઈમોશન ક્વોશન્ટ મજબૂત નહીં હોય, તો લોકો ફિલ્મ સાથે જોડાશે નહીં. રણબીર કપૂરના લુક વિશે વાત કરતા સુનીલે કહ્યું કે રણબીર ઠીક દેખાઈ રહ્યા છે, પરંતુ તેમના ચહેરા પર રામ જેવી નિર્દોષતા ઓછી છે. તેમણે કહ્યું કે, જે ધીરજ અને નિર્દોષતા અરુણ ગોવિલના ચહેરા પર દેખાતી હતી, તેની કમી લાગી રહી છે. જોકે, મને આશા છે કે તેઓ પોતાની એક્ટિંગથી પાત્ર સાથે ન્યાય કરશે.સુનીલે આગળ કહ્યું કે 'એનિમલ' જેવી ફિલ્મ પછી રણબીરને અચાનક ભગવાન રામના રૂપમાં જોવું દર્શકો માટે મુશ્કેલ હશે. તે રામના બદલે લક્ષ્મણ કે ભરતના પાત્ર માટે વધુ યોગ્ય લાગતા. સુનીલ લહેરીનું માનવું છે કે ભગવાન રામ જેવા પાત્રો માટે નવા ચહેરાઓને કાસ્ટ કરવા વધુ સારા હોય છે. તેમણે દલીલ કરી કે જ્યારે કોઈ સુપરસ્ટાર આવો રોલ કરે છે, ત્યારે દર્શકોના મનમાં તેની પાછલી ફિલ્મોની છબી રહે છે. તેમણે કહ્યું કે, થિયેટરમાં એન્ટ્રી કરતી વખતે દર્શકોના મનમાં એક્ટરની એક ખાસ છબી બનેલી રહે છે. કોઈ અભિનેતા માટે પોતાની જૂની છબીને છોડી દેવી અને ભગવાન તરીકે સ્વીકૃતિ મેળવવી લગભગ અશક્ય છે. આ ફિલ્મમાં લક્ષ્મણનો રોલ રવિ દુબે ભજવી રહ્યા છે.

### એકતા કપૂરે કહ્યું- ઓછા બજેટને કારણે થયું

# 'નાગિન 7' સિરિયલ બંધ થઈ શકે છે!:નબળી વાર્તા અને AI ના ઉપયોગથી TRP ઘટી



એકતા કપૂરનો સુપરનેચરલ શો 'નાગિન 7' શરૂ થયાના માત્ર 3 મહિના પછી જ બંધ થઈ શકે છે. ભારે TRP સાથે શરૂ થયેલા આ શોની રેટિંગ હવે સતત ઘટી રહી છે. તેનું કારણ નબળી વાર્તા અને વિઝ્યુઅલ ઈફેક્ટ્સમાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)ના વધુ પડતા ઉપયોગને મુખ્ય કારણ માનવામાં આવી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ શો જલ્દી જ બંધ થઈ શકે છે.

મેકર્સે 25 ડિસેમ્બર 2025ના રોજ નાગિન 7નો પ્રીમિયર કર્યો હતો. શરૂઆતમાં શોને દર્શકોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો અને પહેલા જ એપિસોડે TRPના જૂના રેકોર્ડ તોડી નાખ્યા હતા. શરૂઆતના બે મહિના સુધી શોએ સારું પ્રદર્શન કર્યું, પરંતુ તે પછી વાર્તા અને પ્રેઝન્ટેશનને લઈને દર્શકોની રુચિ ઘટવા લાગી. શોમાં VFX (વીએફએક્સ) ને બદલે AI ટેકનિકના ઉપયોગે મેકર્સની મુશ્કેલીઓ વધારી દીધી. એકતા કપૂરે બજેટ બચાવવા માટે AI દ્વારા વિઝ્યુઅલ્સ તૈયાર કરાવ્યા, જેને સોશિયલ મીડિયા પર 'સસ્તું અને ખરાબ' કહીને ટ્રોલ કરવામાં આવ્યું. આના પર પ્રતિક્રિયા આપતા એકતાએ કહ્યું હતું કે તેમની પાસે શો માટે વધુ બજેટ નથી, તેથી તેઓ આ ટેકનિકનો સહારો લઈ રહ્યા છે. જોકે, આજની સમજદાર ઓડિયન્સ અને 'જેન-ઝેડ' (Gen Z) ને આ પ્રયોગ પસંદ ન આવ્યો. શોની લીડ એક્ટ્રેસ પ્રિયંકા ચૌધરીની પરફોર્મન્સ પણ ચાહકોની કસોટી પર ખરી ઉતરી શકી નહીં. દર્શકોએ સોશિયલ મીડિયા પર તેમની સરખામણી મૌની રોય અને અદા ખાન જેવા 'નાગિન'ના જૂના ચહેરાઓ સાથે કરવાનું શરૂ કરી દીધું. ચાહકોનું માનવું છે કે મૌની રોયનો આ શોમાં મુખ્ય રોલ હતો અને પ્રિયંકા તે જાદુ પેદા કરી શકી નહીં. આ નારાજગીની અસર ટીઆરપી પર દેખાઈ અને શો ટોપ 10ની યાદીમાંથી બહાર થઈ ગયો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઘટતી રેટિંગ્સને કારણે ચેનલ અને મેકર્સ તેને બંધ કરવાનું મન બનાવી ચૂક્યા છે. જોકે, હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. જો આવનારા દિવસોમાં એકતા કપૂર વાર્તામાં કોઈ મોટો ફેરફાર કરે છે, તો કદાચ શોને વિસ્તરણ મળી શકે.

### શો અધવચ્ચે રદ થયો

# સુનંદા શર્માને સ્પર્શ કરવા કૂદ્યો ફેન:સિંગરે ડરીને ચીસો પાડી, સ્ટેજ મૂકી જતી રહી



સિંગર સુનંદા શર્માએ ગાઝિયાબાદમાં લાઈવ શો અધવચ્ચે જ રદ કરી દીધો અને પરફોર્મન્સ છોડીને જતી રહી. 3 એપ્રિલની રાત્રે આરકેજીઆઈટી કોલેજમાં ચાલી રહેલા શો દરમિયાન અચાનક એક યુવક સ્ટેજ પર ચડી ગયો અને તેને અડવાનો પ્રયાસ કરવા લાગ્યો અને તેના પગમાં પડી ગયો. અચાનક બનેલી આ ઘટનાથી સુનંદા ગભરાઈ ગઈ. જેવો યુવકે તેને સ્પર્શ કર્યો, તે જોરથી ચીસો પાડી અને સ્ટેજ છોડી ભાગી ગઈ. માઈક ચાલુ હોવાને કારણે તેની ચીસ સ્પષ્ટ સંભળાઈ, જેનાથી માહોલ અફરાતફરીમાં બદલાઈ ગયો. યુવક લગભગ 2 મિનિટ સુધી સ્ટેજ પર રહ્યો અને શાહરુખ ખાનની સિગ્નેચર સ્ટાઈલમાં હાથ ફેલાવીને વિદ્યાર્થીઓ તરફ જોવા લાગ્યો. અવાજ સાંભળતા જ પોલીસ તરત જ સ્ટેજ પર પહોંચી અને યુવકને ત્યાંથી હટાવ્યો. બાઉન્સરોએ પણ તેને પકડીને સ્ટેજ પરથી નીચે ઉતાર્યો અને બાદમાં પોલીસને સોંપી દીધો. હાલમાં ગાઝિયાબાદ પોલીસે આરોપી યુવકને કસ્ટડીમાં લઈને પૂછપરછ શરૂ કરી દીધી છે. જણાવવામાં આવી રહ્યું છે કે યુવક તે જ કોલેજનો વિદ્યાર્થી છે.આ ઘટના પછી સુનંદા એટલી ડરી ગઈ કે ફરીથી સ્ટેજ પર પાછી ન ફરી. નીચે હાજર લોકો તેને પાછા બોલાવતા રહ્યા, પરંતુ તેમની ટીમે શોને અધવચ્ચે જ રદ કરવાનો નિર્ણય લીધો. શો રદ થવાની જાહેરાત પછી વિદ્યાર્થીઓ નિરાશ થઈને પાછા ફર્યા. સ્ટેજ પર આવીને યુવકે સ્પર્શ કરતા જ સુનંદા શર્મા ડરી ગઈ. યુવક છલાંગ લગાવી સ્ટેજ પર પહોંચ્યો: સુનંદાએ જ્યારે સ્ટેજ પર આવીને 2થી 3 ગીતો ગાઈને માહોલ બનાવ્યો હતો, ત્યારે જ સ્ટેજની નીચેથી છોકરાઓ વીડિયો બનાવવા લાગ્યા અને સેલ્ફી લેવા લાગ્યા. સુનંદાનું ધ્યાન ગીત ગાતી વખતે દર્શકોને પણ ગવડાવવા પર હતું. આ દરમિયાન એક યુવક સિક્યોરિટીની નજરથી બચીને સ્ટેજ પર પહોંચી ગયો.સુનંદાને સ્પર્શ કર્યો તો ડરથી ચીસ નીકળી: સ્ટેજ પર આવતા જ યુવક ઝડપથી સુનંદા તરફ વધ્યો અને તેમની નજીક પહોંચી ગયો. યુવકે સુનંદાને સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો. તે તેમના પગ તરફ ઝડપથી પડ્યો, જેનાથી સુનંદા ડરી ગઈ અને ડરના માર્યા તેની ચીસ નીકળી ગઈ. સુનંદાની ચીસ સાંભળતા જ સિક્યોરિટી એલર્ટ થઈ અને ઘેરો બનાવીને સિંગરને લઈ ગઈ.યુવક શાહરૂખ સ્ટાઈલમાં હાથ ફેલાવીને ઊભો રહ્યો: ઘટના પછી યુવક સ્ટેજ પરથી નીચે ઉતર્યો નહીં અને શાહરૂખ ખાનની સિગ્નેચર સ્ટાઈલમાં હાથ ફેલાવીને વિદ્યાર્થીઓ તરફ જોવા લાગ્યો. લગભગ 2 મિનિટ સુધી યુવક સ્ટેજ પર રહ્યો. આ દરમિયાન બાઉન્સરો અને પોલીસકર્મીઓએ યુવકને સ્ટેજ પરથી નીચે ઉતાર્યો.